# કચ્છ રચના

KUTCH RACHANA (Gujarati Monthly)
Editor - BHAWANJI GALA
Vol. 4 Issue No. 10 5 - APRIL - 2023 Price Rs. 15=00



## સ્માર્ટ શિક્ષણ પધ્ધતિ







શ્રી પ્રવર્તક પદ
પ્રદાન પુનિત
પ્રસંગોત્સવ અહેવાલ



...તો કોડાય ગામ કચ્છ જિલ્લાની
''સોનેરી કાશી''તરીકે ઓળખાશે

વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા સાર્થક સાધુતાના
સૌમ્ય સેવાહક મુનિ શ્રી નરેશચંદ્રજી 'આનંદ'

NOW SHOP ONLINE AT

WWW.FOODSPOTINDIA.COM



SPMGROUP
SINCE 1967

FoodSpot®

For the taste of life

SHOP NO. 1 & 2, CITYVIEW BUILDING, DR. ANNIE BESANT RD., WORLI NAKA, OPP. KALPNA HOTEL, NEAR CITY BAKERY, MUMBAI - 18. TEL NO.: 022 24912116, 022 24912117 I 9029041515 / 1919

TILAK ROAD, OPP. HINGWALA MARKET, GHATKOPAR (E), MUMBAI - 77. TEL NO.: 022 25015600 / 022 25014160


DISCOVER THE BRIGHTEST ELECTRICAL SOLUTIONS FOR YOUR LIVING SPACE
LIGHTS & LUMINARIES
SWITCHES
MCBs & RCCBs
WIRES & CABLES
GreatWhite
Stylish switches that complement your interiors, MCBs & LEDs that save 80% energy, wires and cables that keep your world protected.
It's the future of bright... experience it to believe it.
GreatWhite Global Pvt. Ltd. 13th Floor, B-Wing, Peninsula Business Park, Senapati Bapat Marg,
Opp. Peninsula Corporate Park, Mumbai - 400013
Tel; (022) 30036565 Fax: (022) 30036564 |Toll Free;1800 300 25252 | E-mail:- info@myanchor.in
GreatWhite
THE FUTURE OF BRIGHT
jadavji Anchorwala Enterprise | www.myanchor.in


9323500722
KESHAR
tea
KESHAR
TEA
Golden Tea
मे. केशर टी
Golden Tea
मे. केशर टी
SPECIAL PREMIUM
Buy now & GET 20%
Discount on MRP
Email : shreesaitea@yahoo.co.in / keshartea@yahoo.co.in
Website : www.keshartea.com
G-10, A.P.M.C Market No.1, Kirana Bazar, Vashi, Mumbai - 400 705

A Symbol of Quality



Chhheda dry fruits

Chetanbhai Chheda
Chheda Dry Fruits Pvt. Ltd.
292, Bhanu Jyoti,
L.N. Road,
Matunga,

No Branches

Dry Fruits, Sweet & Namkeen

24141672

મુલચંદ લાલજી એન્ડ કું.

Importers & Wholesale Dealers in :

NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER

Administrative Office : 1st Floor, 229/231,
Perin Nariman (Bazar Gate) Street,
Fort, Mumbai-400 001.

Phone : (+91-22) 2261 7223, 2261 7878, 2261 7299

Fax : (+91-22) 2261 1207 - E-mail : ntdc@vsnl.com

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street,
Near Jain Temple, Fort, Mumbai-400 001.

ઈલેકટ્રીકલ્સ સામાન ખરીદવા માટે એક જ વિશ્વસનીય સ્થળ. ગુણવત્તાભર્યા સામાન માટે તેમજ વ્યાજબી ભાવ માટે એક જ વખતનું આપનું આગમન કાયમી નાતો બાંધશે.

## અશોક ઈલેકટ્રીકલ્સ

૧૧, પાઠક વાડી, મણી ભુવન,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૩૪૯, ૨૨૦૬ ૫૭૫૩.

## એશીયન ઈલેકટ્રીકલ્સ

૧૩૫, તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૬ ૧૫૧૮, ૨૨૦૫ ૧૮૨૮.

**પી.વી.સી. કન્શીલ પાઈપ અને એશેસરીઝ**

પ્રીસીસીયન • પ્રેસ્ટોપ્લાસ્ટ • I.S.I.

**વાયર અને કેબલ**

ફીનોલેક્ષ • પોલીકેબ • એરીસ્ટો-કેબ • I.S.I.



**સ્વીચ**

એંકર રોમા • M.K. • નોર્થ વેસ્ટ
લીયોન ઈન્ટરનેશનલ • એરોલાઈટ એલીશ
પોઈન્ટર • વિનય • કોલર્સ • સાલઝર (જર્મની)



**ટ્યુબ ફીટીંગ**

**અલ્ટ્રા-લાઈટ - ફીલીપ્સ - કોમ્પટન**



**અને ઈલેકટ્રીકલ્સને લગતી દરેક આઈટમ**

**એમ.સી.બી. અને ઈ.એલ.સી.બી.**

ઈન્ડોકોપ • દાતાર • M.D.S. • સીમેન્સ

## એટલાન્ટા લાઈટ

૧૨૨, ઠરઠરવાલા બિલ્ડીંગ નં. ૩,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦ ૬૬૫૫.

## એવન્યુ લાઈટ

૧૪૭, સાગર ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૪૪૫૫, ૨૨૦૧ ૫૫૪૪

ડેકોરેટીવ જુમ્મર • સાઈડ વૉલ ફીટીંગ • ડ્રેસીંગ લાઈટ • મીરર લાઈટ • બાથરૂમ લાઈટ • પેસેજ લાઈટ • એક્સક્લ્યુસીવ હેલોજન તથા કન્શીલ P.L. ફીટીંગ



॥ શુભ લાભ ॥
સ્વર્ણમાલા
ફક્ત નામ નહીં, સહિયારી પ્રગતિનું પ્રતિક !
સુપર ડીલક્સ ક્વોલિટી હીરા અને ૯૧૬
BIS હોલમાર્ક એપ્રુવ્હડ સોનાની અલભ્ય
જ્વેલરી. શુભ પ્રસંગોએ રિધ્ધિ સિધ્ધિને
વધારતી દૈદિપ્યમાન જ્વેલરી
સ્વર્ણમાલા
અરસપરસના વિશ્વાસના પાયા પર અડીખમ ઊભેલો જ્વેલરી શો રૂમ
પારેખ માર્કેટ, એમ.જી.રોડ, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.
ફોન : ૬૭૯૮૩૩૭૨, ૨૧૦૨૨૮૦૪, ૨૧૦૨૧૮૪૭



મનની શાંતી...
सौथी अलग सौथी अनोखी
હેમ
प्रे · शि · य · स
અગરબત્તીયો
હેમ કૉર્પોરેશન
મુંબઈ • બેંગલોર
गुलाब
चंदन
मोगरा

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

૩૩૨, સર્વોદય કોમ.સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧
(ઓ.) ૦૭૯-૨૫૫૦૪૪૮૧ (મો.) ૯૮૧૯૨૯૮૪૨૨


કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

પ્રવિણભાઈ ભીમશી છેડા
વાઈસ ચેરમેન - પુનડી

❖ ❖

હરખચંદ ખીમજી ગંગર
ખજાનચી - ચુંનડી - હિંદમાતા

❖ ❖

ભવાનજી રામજી ગાલા
મે.ટ્રસ્ટી - ફરાદી

❖ ❖

બંસીલાલ મોરારજી છેડા
મે.ટ્રસ્ટી - કાંડાગરા

❖ ❖

ટ્રસ્ટીઓ
રમણીકલાલ દામજી ગાલા
સાંતાક્રુઝ-ફરાદી
ડીલાઈવ રોડ

C.A. શાંતિલાલ રાંભીયા
(સમાઘોઘા-મુલુંડ)

અમૃતલાલ સાવલા - ફરાદી

❖ ❖

કાયદાકીય માનદ્ સલાહકારો
તરૂણભાઈ શાહ (અમદાવાદ)
શંકરભાઈ સચદે (ભુજ-કચ્છ)

❖ ❖

સાથી-મિત્ર અને નિષ્ઠાવાન
કાર્યકર
ડૉ.જે.જે. રાવલ
વૈજ્ઞાનિક અને
ખગોળશાસ્ત્રના જાણકાર



# કચ્છ રચના

તંત્રી : ભવાનજી ગાલા
(મો. ૦૯૮૧૯૨૩૮૪૨૨)

સહતંત્રી : શામજી ગાલા — મોબાઈલ : ૯૬૬૪૮૩૩૪૫૧

વ્યવસ્થાપક : મયુર ગાલા — મોબાઈલ : ૯૧૬૭૪૬૬૩૩૯

E-mail : kutchrachana332@gmail.com


**"કચ્છ રચના"**
દર મહિનાની ૫મી તારીખે દરેક વાચકને અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ દ્વારા થતા વિલંબ અને અંક ન મળવા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

**સરનામામાં ફેરફાર કરવું હોય તો જૂનું અને નવું સરનામું વોટ્સઅપ પર મોકલવું - ૯૬૬૪૮૩૩૪૫૧**

## અંકો ન મળવાની ફરિયાદ

કચ્છ રચનાના અંકો દર મહિનાની તા.૨૨ સુધી ન મળે તો અમદાવાદ ઓફિસે ફરિયાદ કરવી.

**ફોન : ૦૭૯-૨૫૫૦૪૪૮૧**
**(ટાઈમ : ૧૧ થી ૪)**

**મુંબઈમાં સંપર્ક :**
**કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ**
**C/o. ભાવેશ દામજી ફુરીઆ**
ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ૩જો માળ, રૂમ નંબર-૧૨, ઘનશ્યામ ગુપ્તે રોડ,
ન્યૂ ડોન બોસ્કો હાઈસ્કૂલની બાજુમાં, ગાંવદેવી,
ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨. મો. : ૯૩૨૧૬૧૪૬૬૬

**સંપાદકીય**

# સન્માનનીય વાચક બંધુઓ, જય કચ્છ



આપ તમામના સહયોગથી 'કચ્છ રચના' એ એક વિશેષ સ્થાન બનાવી લીધું છે અને અમારા તરફથી પણ કચ્છ રચનાને નિરંતર ઉત્તમ સામાયિક બનાવવા નિરંતર પ્રયાસ થઈ રહ્યો છે. તેમ છતાં પણ કોઈ ત્રુટિ બાકી રહી જતી હોય તો વર્તમાન સદસ્યો અમને તેનાથી વાકેફ કરી શકે છે. કચ્છ રચના હંમેશા સમાજને કેમ વધુ ને વધુ ઉપયોગી થઈ શકાય તે બાબત પ્રયત્નરત છે. મહાત્મા એપિક્ટેક્સ કહેતા હતા કે ઘેટાં જે ઘાસ-પાંદડા ખાય છે તેનું ઉન બનાવે છે અને પોતાને વધુ ઉપયોગી સિધ્ધ કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે સૌ પોતાની જાતને બીજા માટે ઉપયોગી સિધ્ધ કરીએ અને આપણી ઉપયોગિતા અને સેવાશક્તિ પણ દિન-પ્રતિદિન વધારતા રહીએ. આપણું જીવન ઉપયોગી હશે અને જનતા આપણી ઉપયોગિતાને સ્વીકારતી હશે તો આપણી જીવનયાત્રા માટે ભાથું તો ક્યાંકથી પણ મળી જશે. ઉપયોગી વ્યક્તિ જ્યાં પણ જાય છે ત્યાં તેની જીવનયાત્રાનો માર્ગ અવશ્ય મળી જાય છે. આપ આપની કોઈ વસ્તુ અન્ય જરૂરિયાતમંદને આપવા સદા ઉત્સુક રહેશો, તો બદલામાં આપને જીવનયાત્રામાં કંઈ મળ્યું કે નહિ એની ચિંતા કરવાની જરૂર નથી. આપ આપનું કર્મ કરે જાવ અને જે કંઈ પણ પામો તેની સમાજને ભેટ ધરતા જાવ. આપને નિર્વાહ માટે ધન મળતું જ રહેવાનું છે. મહાત્મા ઈમર્સને કહ્યું હતું કે ''સંસારને ઉપયોગી મનુષ્યની એટલી બધી જરૂરત છે કે જો તે જંગલમાં પણ તંબુ તાણે તો લોકો જંગલ સુધી પાકો રસ્તો બનાવી આપશે. કદાચ તમે કહેશો કે આ આપનો કોરો આદર્શવાદ છે, પણ યથાર્થતાની કસોટી પર કસતાં આ વાત સાચી નથી નીવડતી.''

આ અંક હાથમાં આવશે ત્યારે વાર્ષિક પરીક્ષાઓની સિઝન શરૂ થઈ ચૂકી હશે. વર્ષ આખાની મહેનત રજૂ કરવાની તક સૌને લાભદાયી સિધ્ધ થાય અને સૌ કોઈ સારા માર્ક્સ અને ઉત્તીર્ણ થઈ આગળ સારી લાઈનમાં પ્રવેશ મેળવી લે એવી શુભેચ્છા. આ અંક આપને મળે તે પહેલાં તમે કદાચ એપ્રિલ ફુલ બની ગયા હો કે કોઈને એપ્રિલ ફુલ બનાવ્યા હોય પણ કચ્છ રચના કોઈને એપ્રિલ ફુલ બનાવવામાં નથી માનતું. ધીરે ધીરે ગ્રીષ્મ ઋતુ પોતાની ચરમ પર થશે. દિવસ મોટો અને રાત નાની થશે અને જઠરાગ્નિ મંદ પડવા લાગશે, કારણ કે આ મોસમ ખાન-પાનની દૃષ્ટિથી બધી ઋતુ કરતાં વધારે સંવેદનશીલ હોય છે. ખાન-પાનમાં જરા સરખી પણ લાપરવાહી રાખનારના શરીરમાં રોગને પ્રવેશતાં વાર નથી લાગતી. આપ હલ્કુ અને સુપાચ્ય ભોજન અને ઠંડી તાસીરવાળા પદાર્થોનો પ્રયોગ કરો. શરીરની ક્ષમતાથી અધિક પરિશ્રમ ન કરો. સવાર-સાંજ નિયમિત ચાલતા રહો. ગયા મહિને આપણને રામનવમી વિશેષ કચ્છ રચના અંક ગમ્યો જ હશે. હવે ચૈત્ર-વૈશાખ માસ પણ તહેવારના મારા છે. આ સમયગાળામાં સેવા ધર્મના મૂર્તિમંત સ્વરૂપ અને શ્રી રામચંદ્રજીના પરમપ્રિય ભક્ત અનન્ય સેવક બુધ્ધિ ચાતુર્ય વિદ્યા અતુલિત બળ પરાક્રમ શક્તિ સિધ્ધિઓ સાથે અજર-અમર-ચિરંજીવી, આજન્મ અખંડ બ્રહ્મચારી પવનપુત્ર રૂદ્રાવનાર અંજની નંદન ઈત્યાદિ નામોથી પ્રસિધ્ધ શક્તિના મહાસાગર સાહસના પ્રતિક વેદ-વેદાંગ જ્યોતિષ યોગ વ્યાકરણ તંત્ર-મંત્ર સંગીત અધ્યાત્મ મલ્લવિદ્યાના આચાર્ય હોવાની સાથે સાથે રાજનીતિ, કૂટનીતિ અને રણનીતિમાં પણ કુશળ દેવાધિદેવ મહાદેવના અંશાવતાર મહાવીર હનુમાનજીની જન્મ તિથિ ઉપરાંત લોકશંકર શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય જયંતિ, સતયુગની આદિ તિથિ-યુગાદિ તિથી અક્ષય તૃતીયા (અખાત્રીજ) તથા જેમનું યુગ કે કલ્પને અંતે પણ મૃત્યુ નથી થતું તેવા સાત ચિરંજીવીઓ પૈકી પ્રમુખ નામ - ભગવાન પરશુરામ જયંતિ તથા નવજીવનનો સંદેશ

આપતું પાવન પર્વ વૈશાખી પણ આવે છે. ભારત વસુંધરાના પ્રત્યેક પર્વો ઉત્સવોમાં સમાજના પ્રત્યેક વ્યક્તિને પ્રેમપૂર્વક મળતા - શુભેચ્છા પાઠવવાનો અવસર મળે છે અને સાથે મળીને આનંદ પણ માણી શકાય છે. તેથી આ અંકમાં અમે મહત્ત્વના પર્વો પણ સમાવવા પ્રયાસ કર્યો છે. ઉપરાંત આ અંકમાં કેટલીક અવનવી માહિતી આપવા પણ પ્રયાસ કર્યો છે.

સમાજમાં આજે ધુમ્રપાન (તમાકુવાળી બીડી-સિગારેટ, ચીરૂટ, ચલમ ચુંગી, હોકો વિ.નું ધુમાડો લેવો)નું વ્યસન હદબહાર વ્યાપી ગયેલું છે. સાથે સાથે તમાકુવાળા માવા-પાન, તમાકુ અને ચૂનો હથેળીમાં મસળી હોઠમાં ભરાવવું, તમાકુની બનેલ તપખીર છીંકણી-બજર કે તમાકુ યુક્ત ઈપ્કો જેવી ટૂથપેસ્ટ દાંતે ઘસવી કે સુઘવાનું વળગણ પણ બાકાત નથી. તમાકુ યુક્ત વ્યસનના વપરાશના આંકડા જ બતાવી આપે છે કે તમાકુની બરાબરીમાં બીજું કોઈ વ્યસન જોવામાં જ નથી આવતું. સભ્ય સમાજ પણ તેનાથી બાકાત નથી. વ્યસનના ગુલામોને પાછળથી તેની કેટલી ભારે કિંમત ચૂકવવી પડશે તેનો અછડતો અંદાજ પણ નથી હોતો. તમાકુવાળા પદાર્થો કે જેની શરીરને લેશ માત્ર પણ જરૂર નથી તેની પાછળ થતો બેફામ ખર્ચ અને પછીથી તેને ભોગે થતી માંદગી પાછળ થતો તબીબી ખર્ચ, માંદગીને કારણે પડતી રજાઓ, તકલીફોથી વેડફાતા માનવ કલાકો, આગને કારણે તથા વ્યસન મુક્તિ કેન્દ્રો પાછળ જતા ખર્ચાઓ સમાજ માટે મોટા ભાર બની જાય છે. તે ઘરમાં ઉછરી રહેલા બાળકો પણ વધુ માંદા રહે છે અને બાળકોની માંદગી પાછળ પણ બહુ મોટો ખર્ચ અને કર્જા થાય છે. ટુંકમાં તમાકુનું વ્યસન પરિવારને તો પાયમાલ કરી જ નાખે છે સાથે સાથે સમાજને પણ બદનામ કરી નાખે છે. બીજી બાજુ શરાબ સેવન અને બીજી નશીલી વસ્તુઓ પણ મોહ, ભય, ક્રોધ, શોક અને અકાળ મૃત્યુ નજીક લાવે છે.

સદનસીબે આપણને તમાકુ અને અન્ય હાનિકારક નસીલા પદાર્થોની નુકસાનીની સમજ આપી તેને સમાજ, દેશ અને પૃથ્વી પરથી જાકારો આપવા - 'વ્યસન મુક્ત મનુષ્ય' : વ્યસન મુક્તિ વિશ્વની સંકલ્પનાને ચરિતાર્થ કરવા વ્યસન મુક્ત અભિયાનના પ્રણેતા શ્રી મુનિવર-મુનિભગવંત શ્રી નરેશચંદ્રજી 'આનંદ'નો પણ સહયોગ મળી રહ્યો છે જે ખૂબ જ આવકારદાયક છે. આ અંકમાં જ તેમનો પરિચય અને તેમની કલમની પ્રસાદી પણ પ્રસ્તુત છે. આ અંક માટે અનેક વિદ્વાન લેખકો દ્વારા જ્ઞાનવર્ધક સ્વાસ્થ્યવર્ધક સામગ્રી મળેલી છે જે ઉપયોગી અને પ્રશંસનીય છે.

આ અંક આપને કેવો લાગ્યો તે અમને પત્ર-મેસેજ-વોટ્સએપ દ્વારા જણાવો અને તેમાં કોઈ ત્રુટિ જણાય તો તેનાથી અમને અવગત કરાવો, કારણ કે આપની ફરિયાદ અને સૂચનોથી અમને પ્રેરણા મળે છે અને 'કચ્છ રચના'ને નવીનતા તથા રોચકતા પ્રદાન કરવામાં સહાયતા પણ મળે છે. આપણા પોતાના જ 'કચ્છ રચના'ની ઉન્નતિનો શ્રેય આપણા વિજ્ઞાપનદાતા તથા લેખક બંધુઓ તથા લવાજમ ધારકોને જાય છે. જેમણે ઉન્નતિના શિખર પર પહોંચવામાં ઘણો સહયોગ પ્રદાન કરેલ છે. આશા રાખીએ છીએ તમે બધા 'અમારી સાથે આજીવન જોડાયેલા રહેશો અને દિન-પ્રતિદિન નિરંતર 'કચ્છ રચના'ને નવા સ્વરૂપે અને નવી ઊંચાઈઓ પ્રદાન કરવામાં અમારું માર્ગદર્શન કરતા રહેશો.'

**લી. મયુર ગાલા**





# વાત્સલ્ય વંદના

હજારો હજારો વર્ષોથી 'મા' માટે લખાય છે. મા માટે બોલાય છે. કોઈ કહે છે, વેદકાળથી 'મા' સંબંધિ લખાય-બોલાય છે. જેમ કોઈ ભગવાન વિશે બોલવા કે લખવા જાય તો ભગવાનનું વર્ણન પૂર્ણ કરી શકતો નથી તેમ માનું વર્ણન પણ ગમે તેટલું બોલાય ગમે તેટલું એના વિષે વર્ણન કરાય કંઈ પણ યુગમાં પૂરું થઈ શક્યું નથી.

જેમ ભગવાન દરેકના અલગ અલગ હોય છે. તેમ મા પણ દરેકની અલગ અલગ છે. જેટલી વ્યક્તિ તેટલી અભિવ્યક્તિ. દરેકના ભગવાન જેમ પર્સનલ તેમ મા પણ દરેકની પર્સનલ.

'જગન્માતર માતર' મારી મા એ મારી મા છે. જૂની લોકોકિત છે ''મા એ મા બાકી વગડાના વા''. ભગવાને દરેક મા માં પોતાના પ્રેમનો અંશ મૂક્યો છે અને એમ પણ કહી શકાય કે દરેક મા ભગવાનનું પ્રતિનિધિત્વ કરે છે અને ખલિલ જિબ્રાનના શબ્દોમાં કહેવું હોય તો ''ભગવાન બધે ઠેકાણે પ્રેમ વહેંચવા નીકળ્યા... દરેકને પ્રેમ પહોંચાડવામાં ઘણો સમય નીકળી જાય તેમ હતો. તો ભગવાને દરેક મા ને પ્રેમ વહેંચવાનું કામ સોંપ્યું ને મા વિશ્વમાં પ્રેમ વહેંચવા ફરી વળી.'' પ્રત્યેક મા ભગવાનનું પ્રેમ પહોંચાડવાનું કામ કરી રહી છે. અરે ! કેવલ માનવમાં જ નહિ. તમામે તમામ જીવજંતુ જે જે મા બને છે તે તે જીવજંતુ પોતાના બચ્ચાઓને અપાર પ્રેમ કરી રહ્યા છે. ત્રણે જગતમાં માતા-પિતાનો જોટો ન જડે મા માં મમતા અપાર હોય છે. ''બાપ ગુજરે તો બાળકને બિચારો ન કહે, મા ગુજરે તો બાળકને બિચારો કહે છે'' અને લોકોકિતમાં એમ કહેવાયેલ છે કે, ''ઘોડે ચડનાર બાપ મરજો પણ દળણું દડનાર કોઈની મા ન મરજો'' આ માની હકીકત છે. કારણ કે પિતા ફરીવાર પરણે પત્ની આવે એ પારકા જણ્યાને કેવા સાચવે? એટલે બીજી મા ને ઓરમાન મા કહે...! જન્મ આપનારી મા નો તો આ જગતમાં ક્યાંય જોટો ન મળી શકે... તેથી જ કવિ બોટાદકરનું કવિ હૃદય ઝણઝણી ઉઠ્યું હશે ને મા ની મમતાએ એ કવિ હૃદયને હલબલાવી નાંખ્યું હશે. ત્યારે જ માની મમતાને ઉજાગર કરતી જે રચના પ્રગટ થઈ તે કેટલી લોકભોગ્ય બની ગઈ કે આ એક કવિતા તો જણ જણનાં મોઢે બોલાતી થઈ.

આ કવિતા તો મંત્ર રૂપે બોલાતી - ગવાતી થઈ ગઈ. ને માની વાત આવે ત્યારે ક્યાંય ન વાંચેલી હોય ને કાંઈ વાંચતા આવડતું ન હોય તેવા માણસો પણ એ કવિતા કેવી વાચાળતા આપી દઈ માણસને એ બોલતો - ગાતો કરી દે છે.

**''મીઠાં મધુ ને મીઠાં મેહુલા રે લોલ**
**એથી મીઠી તે મોરી માત જો**
**જનનીની જોડ સખી નહીં જડે રે લોલ... મીઠાં મધુને...**
**અમીથી ભરેલી એની આંખડી રે લોલ...**
**વહાલથી ભરેલા એના વેણ જો... જનનીની જોડ...**
**ગંગાના નીર તો વધે ઘટે રે લોલ**
**સરખો એ પ્રેમનો પ્રવાહ રે... જનનીની જોડ...''**

કવિશ્રી બોટાદકરે માની મમતાને બરાબર લીસોટીને આ કાવ્ય રચ્યું છે... કેવી મોટી વાત કરે છે. સૌથી મધ મીઠો પણ મધથી પણ વધારે મીઠી મારી ''મા'' ... એના જેવી મીઠાશ તો મધમાં પણ ન હોય ને શેરડીમાં પણ ન હોય જેટલી મીઠાશ મારી મા માં છે. ને બીજી વાત કરી આ જગતને જીવાડનારા મેઘ-મેહુલો-વરસાદ છે. વરસાદની મીઠાશ તો અદ્ભુત છે. ગરમીથી તપી ગયેલી ધરતીને તાપથી ત્રાસી ગયેલા માણસ - જીવોને મેહુલો વરસે ત્યારે કેવી ઠંડક - શીતળતા આપે પણ એથી વધારે શીતળતા તો મારી મા આપે. મા જે ટાઢક આપે તે તો મેહુલાથી પણ મોટી છે. દરેક બાળકને મેઘ કરતા માની શીતળતા વધારે ઊંચી લાગે. કેવલ કાવ્યની એક લીટીમાં બોટાદકરે જબરદસ્ત ભાવ ભેળવી દીધા. મધને મેહુલાથી પણ વધારે, વધારે મારી મા માં મીઠાશ ભરી પડી છે. એનો ખોળો એ છાતીસરસો ચાંપે એ પ્યારથી હાથ ફેરવે

ત્યારે અપાર શાંતિ-શીતળતા લાગે આવી જોડ તો જનનીની દેવોને પણ દુર્લભ છે. માનો પ્યાર મેળવવા દેવો - ઈન્દ્રોને પણ સ્વર્ગના સુખ છોડી દેવા પડે. સ્વર્ગ સુખનાં ભોગે માની ગોદ મળે. ''સુખ મળે છે, મા ગોદમાં માની આંખોમાં અજસ્ર અમૃતનાં ઝરણાં ખળખળ વહેતા હોય એ ઝરણા કેવી ટાઢક આપે. પ્યારભરી માની નજરમાં શું નથી? બધું જ માની અમી ભરેલી નજરમાં સમાયેલું છે. અમી ભરેલી નજરોથી મા બાળકને જ્ઞાની બનાવી દે.''

માના વેણ-વચનો કેટલી ધરપત આપી દે. ''બેટા ! કહી'' મા બોલાવે. મમતાળુ માના વહાલભર્યા વચન ખૂબ આનંદ આપે છે. કવિ કહે છે, પવિત્ર ગંગા નદીના પાણીમાં તો વધ-ઘટ થાય. ક્યારેક ખૂબ પાણી વહે ક્યારેક પાણીનો પ્રવાહ ધીમો પડી જાય પરંતુ માના પ્રેમનાં પ્રવાહમાં ભરતી-ઓટ જેવું નથી. માનાં પ્રેમ પ્રવાહમાં તો સતત ભરતી જ હોય... બાળક મોટો થાય તો પણ, એવો એટલો જ વહાલ. ભલે હાઈસ્કૂલમાંથી કોલેજમાં જાય. જુવાન થાય તો પણ માનો પ્રેમનો પ્રવાહ ઓસરે નહિ. મારો દીકરો મારી દીકરી... મોટા થયા ખૂબ ભણ્યા. કેવા સારા લાગે છે. મા તો સંતાનોનો વિકાસ જોઈ જોઈ રાજી-રાજી થતી હોય. અરે સંતાન પરણી જાય તો પણ પ્યારમાં ઓટ ન આવે. આવી જનનીની જોડ દુનિયામાં ક્યાંથી મળે. બધી વસ્તુની જોડ મળે પણ જનનીની જોડ ખરેખર નથી મળતી. એટલે જ કોઈ ચિંતક કહે છે.

ફૂલમાં જે સ્થાન સુગંધનું છે, સરિતામાં જે સ્થાન સલીલ (પાણી)નું છે, છીંપમાં જે સ્થાન મોતીનું છે, વિદ્યામાં જે સ્થાન વિનયનું છે, ધર્મમાં જે સ્થાન પ્રેમનું છે, જિંદગીમાં જે સ્થાન શ્રધ્ધાનું છે એજ સ્થાન સમસ્ત જીવ-જગતમાં માતાનું છે, પછી એ મનુષ્ય હોય કે પ્રાણી હોય. પક્ષી હોય કે જીવજંતુ હોય.

મા શબ્દ પોતે જ પોતામાં ગૌરવશાળી છે. નારીનું એકરૂપ માના રૂપમાં અભિવ્યક્ત થાય છે. નારીનું મા રૂપ જ પૂર્ણતાનો દ્યોતક છે. અત્રિસંહિતામાં કહે છે કે, ''गरीयसी वै भुवि मातृशक्तिः'' પૃથ્વી પર નિશ્ચયે જ માતાની શક્તિ સર્વાધિક છે.

नास्ति मातुः परो गुरुः । માતાથી અધિક કોઈ ગુરુ નથી. અને કઠનાઈઓ સહન કરીને પણ એક મા જ પોતાના પુત્ર-સંતાનની રક્ષા કરી શકે છે. મા જ મા ની મમતા શું હોય છે? તે સારી રીતે સમજી શકે છે. એટલે જ કહેવાય છે કે માતાથી અધિક દુનિયામાં કોઈ નથી. નારીનાં હૃદયગત પૂર્ણ મમતા-વાત્સલ્ય માના રૂપમાં જ પ્રગટ થાય છે.

શ્રી વિનુભાઈ મહેતાનું વાક્ય ટાંકીને કહું છું કે, ભગવાનને ભજવાથી 'મા' નથી મળતી, પણ મા ને ભાવથી ભજવાથી ભગવાન અવશ્ય મળે છે કારણ કે, ઈશ્વર નિરાકાર છે, જ્યારે મા સાકાર છે, ઈશ્વર કલ્પના છે જ્યારે મા હકીકત છે... ઈશ્વર શ્રધ્ધા છે, જ્યારે મા સાક્ષાત્કાર છે.

મા ને ભજતાં ભગવાન મળ્યાનો જ્વલંત ઉદાહરણ પંઢરપુરની તીર્થમાં વિઠ્ઠલ-પાંડુરંગનાં બેસણાં... કહેવાય છે કે મા ની ભક્તિમાં મસ્ત બનેલા ને પાંડુરંગ જોવા-મળતા આવ્યા ત્યારે ભાઈ માની સેવા-સુશ્રુષા કરતા હતા... ભગવાન સાક્ષાત પધાર્યા હતા તે છતાં માની સેવા પડતી ન મેલતાં ભગવાનને થોડીવાર માટે ઉભા રહેવા ઈંટ આપી ને એ ઈંટ પર ભગવાન ઉભા રહ્યા. ભાઈ માની જે કાંઈ સેવા-સુશ્રુષા સંભાળ લેવાની હતી તે બધાં કાર્ય કરી વયોવૃધ્ધ માને સરખી રીતે ખવડાવી-પીવડાવી-સુવડાવી-ચાદર ઓઢાડી...પછી વિઠ્ઠલ પાડુરંગ પાસે આવી માફી માંગી તમને અટકાવ્યા કારણ કે માની સેવા ચાલતી હતી. વિઠ્ઠલ માતૃભક્તિથી પ્રસન્ન થયા ને એ જ ઈંટ પર ઉભા રહ્યા... માતૃભક્તિની પ્રેરણા આપતી એ વિઠ્ઠલની પ્રતિમા આજે પણ પંઢરપુરમાં એક ઈંટ પર ખડી છે જે માતૃશક્તિની


**શું તમે દવા કે ડાયટ વગર વજન નિયંત્રણમાં રાખવા ઈચ્છો છો?**




❊ વજન માટે માહિતી
❊ પાચનમાં સુધારો
❊ હાથ-પગ દુ:ખાવા
❊ હાર્ટ હેલ્થ
❊ સ્કીન હેલ્થ
❊ બાળકોના માટે ન્યુટ્રીશન
❊ સ્પોર્ટ ન્યુટ્રીશન
❊ એનર્જી અને ફિટનેસ



**દવા વગર તંદુરસ્ત જીવન ઈચ્છો છો**

**વધુ માહિતી માટે સંપર્ક : કોકીલા - ૯૯૨૪૬૭૮૪૧૭**

માતૃભક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે. તો માની ભક્તિથી ભગવાન સ્વયં મળવા આવ્યા. માની કેટલી કુરબાની આ જગતમાં પંકાઈ છે એ બતાવતા એક શેરમાં કહે છે :

''हर कलाकार अपनी कला को अपना नाम देता है ।
लेकिन माँ जैसा कलाकार दुनियामें कोई नहीं है,
जो स्वयं बच्चेको जन्म देकर, नाम पिता का देती है ॥''

મા કદી થાકતી નથી, મા કદી કંટાળતી નથી, મા કદી હિંમત હારતી નથી. મા તો અમર આશાવાદી છે, દીર્ઘ પ્રતીક્ષા કરી શકે છે અને સંતાનોને સતત હૂંફ આપતી રહે છે. આ વાતને રાજેશ વ્યાસ 'મિસ્કીન'ની રચના વાચા આપતાં કહે છે :

''હું બેઠી છું ને...!'' ''મા આ વાક્ય હંમેશા કહેતી હોય'' કદીય ના ડરવું બેઠી છું ને... મુંઝાવું ના કોઈ મુંઝારે બેઠી છું ને...!! અભણ છેતરાતી - લૂંટાતી છતાંય કહેતી... ''ભોળા ના ભરપૂર સહારે બેઠી છું ને... બાપુજી મુંઝાય આવતા અવસર જોઈ... બા કહેતી વારે-તહેવારે બેઠી છું ને... કશું સૂઝેના હારી-થાકી બેસુ પાસે... હસી પડીને કહેતી ત્યારે બેઠી છું ને... હિંમત-શ્રધ્ધા પ્રગટાવી દે એનાં શબ્દો... 'જો' જીવનના હર પડકારે બેઠી છું ને... ખરું કહું 'મિસ્કીન' એ જ બળ પર જીવું છું... ફોટામાંથી પણ પોકારે બેઠી છું ને... કદી ના ડરવું બેઠી છું ને...''

મા ગમે તે પરિસ્થિતિમાં ગમે તેવી પરિસ્થિતિમાં સંતાનોને હિંમત આપતી રહે છે. મા સંતાનોને એટલું જ કહે... કોઈ મુંઝવણમાં મુંઝાતો નહીં હું તમારી સાથે છું. મા અભણ હોય, કોઈ ભાષા કોઈ વિષયનું જ્ઞાન મા પાસે ન હોય ને મા ને હંમેશાં કોઈ છેતરતો રહેતો હોય. મા સામે બનાવટ-છળકપટ કરતો હોય તે છતાં અભણ-ભોળી મા સંતાનોને કહેતી હોય બેટા ! ભોળાનો ભગવાન...! તમે આગળ વધતા રહો. જ્ઞાન વિનાની-ડિગ્રી વિનાની મા સૌ ડિગ્રીવાળાઓને હિંમત આપતી રહે છે. છેતરાતી મા છેતરાયેલી મા મનમાં કાંઈપણ લાવ્યા વિના સૌને સહારો આપે છે. ઘરમાં કોઈ પ્રસંગ આવે, લગ્નપ્રસંગ, સંતાનોના કોઈ અવસર આવે, ઘરમાં કોઈ પ્રસંગ વખતે બાપ મુંઝાય જાય ચિત્ત ચકડોળે ચડે. ખર્ચાની ખેંચ હોય, બાપ ચિંતાતુર - બેચેન બેઠા હોય ત્યારે ઘરનાં મોભીને બળ આપે - હોંસલો વધારે ને કહે, ''એમાં શું ચિંતા લઈ બેચેન થઈ ફર્યા કરો છો - હું બેઠી છું ને ! તમે પ્રસંગ ઉજવવામાં ગભરાયા કરો છો. ફિકર ન કરો ભગવાન બધાં સારાવાના કરશે, પ્રસંગોપાત કાંઈ રસ્તો ન સુઝે હારી-થાકી જાય ત્યારે મા હસીને કહે છે. અરે પલકના બાપ તમે બેબાકળા શું થાવ છો? આનંદમાં રહો ઉપરવાળો સૌની ફિકર કરે. તમે આવા ઢીલા શું કામ થાવ છો...'' હિંમત ભરી ભરીને આપે ને મા ની હિંમતથી ગમે તેવા પ્રસંગો રંગે ચંગે પાર પડે. ''મા કાંઈ કરતી ન હોય છતાં મા બધું કરતી હોય''. હર પળે શ્રધ્ધા પ્રગટાવનાર, હિંમત આપનાર મા છે. (મિસ્કીન) રાજેશ વ્યાસ કહે છે, ખરેખર તો હું માનાં બળ પર જ જીવું છું. અનંતની યાત્રાએ અલવિદા લઈ લીધેલી મા નો ફોટો મને જાણે હર પ્રસંગે કહે છે. હું બેઠી છું ને... !! આવી મા તો દેવોને દુર્લભ કહી છે.

એક વિચારક કહે છે કે, ''પ્રભુને પૃથ્વીને પાટલે પ્રેમરૂપે અવતરવાનું મન થયું એટલે એણે મા બનાવી. પ્રેમના બધાં જ પર્યાય હેત, વહાલ, સ્નેહ, વાત્સલ્ય અને મમતા આ બધું જ એક ''મા'' શબ્દમાં સમાય છે. કારણ કે મા એ પ્રેમના બધાં જ પર્યાયનું હાલતું-ચાલતું મંદિર છે. અધિકમાં અધિક આપે છતાં અલ્પમાં અલ્પ આપ્યું હોય એવું અનુભવે એનું નામ પ્રેમ, એનું નામ 'મા'.

■ **પૂજ્ય મુનિશ્રી નરેશચંદ્રજી 'આનંદ'**


**ગ્રાહકનો સંતોષ એજ અમારો મુદ્રાલેખ છે**

ઉત્તમ મો. : ૯૩૨૦૧૪૪૨૮૨
સુનીલ મો. : ૭૦૨૧૬૫૦૧૯૩

**SHETHIA PLASTICS**

મેન્યુફેક્ચર્સ :
HM, LD, PP
પ્લેન રોલ અને
પ્રિન્ટેડ કેરી બેગ્સ

સ્પેશ્યાલીસ્ટ :
મલ્ટીકલર
કેરી બેગ્સ ૧૨ કલરમાં
ફ્લેક્સો પ્રિન્ટીંગ

ફેક્ટરી : ૫-૬, બાલાજી ઈન્ડ. એસ્ટેટ, સોમનાથ નાકા,
લાલજી મુળજી ટ્રાન્સપોર્ટની સામે, ડાભેલ-દમણ.
E-mail : p.bag12@gmail.com

**Mfg in : Multi Colour flexo Printing in pp woven & Nonwoven Carry Bags**

# હનુમાન જયંતિ

ચૈત્ર માસ શુક્લ પક્ષ મંગળવારના પવિત્ર વેલા શુભમુહૂર્તમાં ભગવાન શંકરના અંશથી વાયુ દ્વારા કપિરાજ કેસરીની પત્ની માતા અંજનાના ગર્ભથી પવનપુત્ર મહાવીર હનુમાનજી આ ધરતી પર અવતરીય થયા તેથી ચૈત્ર સુદ ૧૫ (પૂર્ણિમા)નો દિવસ ભારતભરમાં હનુમાન જયંતી તરીકે આનંદ ઉલ્લાસ ઉમંગથી મનાવવામાં આવે છે. તેથી આ દિવસે હનુમાનજીના ગુણોનું સ્મરણ તો ખાસ કરવું જ જોઈએ. હનુમાનજીના ગુણો અપાર છે. હનુમાનજીના ગુણોનું વર્ણન કરવું એ મનુષ્યના હાથની વાત નથી. ભક્ત શિરોમણિ શ્રી હનુમાનજી ઉપમારહિત છે. હનુમાનજીની તુલના કોઈની પણ સાથે થઈ શકે જ નહિ. હનુમાનજીની પ્રશંસા કરવી એ તો સૂર્યને દીપક દર્શાવવા સમાન છે. બજરંગ બલિ આંજનેય ના વિષયમાં કઈપણ કહીએ તો તે માત્ર એમના વાસ્તવિક સ્વરૂપનું એક દીગ્દર્શન માત્ર જ હશે. અખિલ બ્રહ્માંડ નાયક ભગવાન શ્રીરામ પણ જેમની મહિમા કહેતા થાકતાં નથી તેમજ પોતાની જાતને સદૈવ એમના ઋણી માને છે એવા પવનપુત્ર ભગવાન મારૂતિની મહિમાનું વર્ણન કરવાની શક્તિ આ મામૂલી કલમમાં ક્યાંથી હોય?

રામાયણમાં કુલ સાત કાંડ છે. જે પૈકી કિષ્કિન્ધાકાંડના આરંભમાં રામાયણના મહાન પાત્ર શ્રી હનુમાનજીના ગુણોનો પરિચય સરળતાથી મળી જાય છે અને સુંદર કાંડ પછી છેક યુધ્ધકાંડના અંત સુધીમાં તો શ્રી હનુમાનજીનાં જીવનનું સંપૂર્ણ ચરિત્ર ચિત્રણ વિસ્તારથી જોવા મળે છે. જે ઉપરથી કોઈપણ વ્યક્તિ કહી શકે છે કે શ્રી મન્મારૂતિ પાત્ર વિના રામાયણ રામાયણ જ ન રહેત. શ્રી હનુમાનજી શ્રી રામચંદ્રજીના ચરણ કમળોના ભ્રમર છે. જેમણે લંકાપુરી દગ્ધ કરીને દેવતાઓને આનંદિત કર્યા છે. સંપૂર્ણ અર્થ - સિધ્ધિઓના દાતા અને લોક વિખ્યાત પ્રભાવશાળી અનંત પરાક્રમશાળી, ભવસાગર પાર કરવાનું એક માત્ર સાધન અને શરણાગતના પાલક જેમનો અનુપમ પ્રભાવ ત્રણેય લોકમાં વિખ્યાત છે. શરણાગતોના સંપૂર્ણ દુઃખ સમૂહનો વિનાશ કરવાવાળા, સમસ્ત રાક્ષસવંશ માટે ધૂમકેતુ (અગ્નિ અને કેતુ ગ્રહ તુલ્ય સંહારક). લંકાપુરીની અધિષ્ઠાત્રી રાક્ષસીને પરાસ્ત કરી, અશોકવનને ઉજ્જડ બનાવી એકલા હાથે જ રાવણના સેનાપતિઓ, મંત્રી, પુત્રો, કિંકરો તથા રાવણપુત્ર અક્ષરાજનો વધ કરી સીતાજીની માનસિક પીડારૂપી સિંધુના શોષણ કાર્યમાં પરમ પ્રવિણ જેમણે વિદેહનન્દિની સીતાજીને શ્રી રામની મુદ્રિકા અર્પણ કરી સીતાજીનો શોક નિવારી સીતાજીને પણ આનંદ પ્રદાન કરેલ છે.

બાળ રવિ સમાન લાલ જેમનું મુખકમળ છે. જેમના લોચન કરૂણારસના સમુહથી છલોછલ છે તથા કમળ પત્ર સમાન વિશાળ તથા ઉદાર છે. શંખ સમાન કંઠ, બિમ્બફળ-અરૂણ સમાન હોઠ, સિંદુર સ્નાન વડે સુંદર દેહયુક્ત, બળવીર્યના સાગર, બુધ્ધિપ્રવાહના ભંડાર, અદ્ભુત ઐશ્વર્યધામ, દીનોના દુઃખોનો નાશ કરવા માટે દારૂણ દાવાનળ સમાન, વરદાન તત્પર, સર્વકામ પૂરક, સંકટ ઘટા વિહારક સર્વવ્યાપી, સંકટમોચન, વાનરરાજ ચક્રવર્તી ઉત્સાહપૂર્વક મહાસાગર ઓળંગી જવાર્થી જેની પુરૂષાર્થ







## Chheda's

### Chheda Insurance & Investment Services

**Contact For :**

- Mutual Fund
- General Insurance
- Fixed Deposit
- Life Insurance

**Nilesh L. Chheda**
**+91 9820134626**
**Shaila N. Chheda**
**+91 9819208711**

E-mail : nileshchheda@hotmail.com

### Chheda Graphics

Graphic Designers | Quality Printers

- Packaging Designs
- Stationery
- Brochures
- Books
- Screen Printing
- Offset Printing
- Multicolour Prints
- Banners & Sign Board

**Ketan : 98209 77922**
E-mail : ketanlchheda@gmail.com

**309-ATLANTIC COMMERCIAL TOWER, RB MEHTA MARG, PATEL CHOWK, ABOVE VODAFONE GALLERY, GHATKOPAR (E), MUMBAI-400 077**
**Tel. : +91 22 25060549 / 25060283 / 21020495 / 21020692**

લક્ષ્મી દેદીપ્યમાન છે. રાવણના અંતઃપુરમાં પ્રવેશ કર્યા પછી રાવણની સ્ત્રીઓને જોયા પછી પણ જેમનામાં કોઈ વિકાર પ્રવેશી નથી શક્યો એવા વિકાર શૂન્ય મન વાળા જેઓ કામદેવના બાણોને પણ જીતી ચૂક્યા છે. શ્રીરામના પ્રેમમાં આનંદ વિભોર બની જવાના કારણે જેમના હૃદયમાંથી સમસ્ત વિષયોની ઈચ્છા દૂર થઈ છે અને તેથી જેમના નેત્ર આનંદના આંસુથી રોમાંચિત અત્યંત નિર્મળ છે. સર્વેના હૃદયને પ્રિય લાગવાવાળા, પવનદેવની તપસ્યાના પરિણામપુંજ પવનકુમાર જેમણે શ્રી રામચંદ્રજીના ઐશ્વર્યની સ્ફૂર્તિને પણ પ્રકટ કરેલ છે. આપણા સનાતન ધર્મના અનેક ઉપાસ્ય દેવતાઓમાં કોઈ બ્રહ્મચર્યના મૂર્તિમાન સ્વરૂપ કહેવા હોય તો તે બાલબ્રહ્મચારી શ્રી હનુમાનજી જ છે. સમ્યક બ્રહ્મચર્ય પરિપાલન, કામવિજય, શત્રુ નિગ્રહ, કાર્યસિધ્ધિ વિ.દૃષ્ટિથી હનુમાનજી અત્યાધિક પ્રસિધ્ધ છે. ઈતિહાસમાં આજના નૈષ્ઠિક બ્રહ્મચર્ય પાલનના અદ્વિતીય આદર્શે તરીકે હનુમાનજી જેવું સત્યશ્રેષ્ઠ ઉદાહરણ ક્યાંયે જોવામાં નથી આવતું. બ્રહ્મચર્ય પાલનના તમામે તમામ અંગ જેવાં કે અદર્શન, અસ્પર્શન, અસંકલ્પ અને યોગ વેદાન્તના સ્વાધ્યાય દ્વારા દિવ્યજ્ઞાન વૈરાગ્યના અભ્યાસ વડે બ્રહ્મચર્ય પરિપાલન દ્વારા પોતાને અપરિમિત શક્તિશાળી બનાવીને તેમણે રામાયણની કથાને અમર બનાવી દીધી છે. ગરૂડની બંને પાંખોમાં જેટલું બળ છે, તેટલું બળ અને પરાક્રમ તો માત્ર હનુમાનજીની બાંહોમાં જ છે. વાલિ અને રાવણ અતુલિત બળ કરતાં પણ વધુ બળવાન. વેગમાં અંતરિક્ષ, આકાશ, અમરાલય અથવા જળમાં પણ જેમની ગતિનો અવરોધ નથી તેવા ગતિ, વેગ, તેજ અને સ્ફૂર્તિમાં મહાપરાક્રમી પિતા વાયુસમાન પૃથ્વીમાં હનુમાનજી જેવો કોઈ થયો નથી અને થશે પણ નહિ.

ઋષિગણ, પ્રહલાદ જેવા વિષ્ણુભક્ત તથા યોગિઓ અને જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ સનકાદિ પણ જેમની પાસે અઢાર પુરાણ, અઢાર સ્મૃતિઓ, ચાર વેદો, છ શાસ્ત્રો, તમામ વિદ્યાઓ તથા અધ્યાત્મશાસ્ત્રમાં બ્રહ્મવાદિઓનો તત્વ તથા સંપૂર્ણ વિદ્યાઓના દાનમાં તથા ગણેશ, સૂર્ય, શિવ અને શક્તિમાં યથાર્થ તત્વ પૂછવા જાય છે તેવા તત્વદર્શી, ગુણાગણ વિશિષ્ટ શ્રી હનુમાનજી માટે સ્વયં રાજા મહર્ષિ અગત્સ્ય ભગવાનને કહે છે કે જો વાનરાધ્યપતિ, સુગ્રીવના મિત્ર હનુમાનજી ન હોત તો તેમની સહાયતા વિના સીતાજીનો પતો પણ કોણ લગાવત. બ્રહ્માસ્ત્રમાંથી છૂટીને રાવણને વાર્તાલાપમાં ફટકારનાર, શ્રીરામ ભક્તોના પરમાધાર, રક્ષક અને શ્રીરામ-મિલનના અગ્રદૂત, શૌર્ય, દક્ષતા, બળ, ધૈર્ય, પ્રાદીતા પરાક્રમ, પ્રભાવ, સમસ્ત વિદ્યાઓમાં પારંગત, માનવ માત્ર માટે રાક્ષસ-પિશાચ (ભૂતપ્રેત)ના ભયનો નાશ કરનાર, આધિ, વ્યાધિ, શોક, સંતાપ તથા જવરનું પ્રશમન કરવાવાળા, રાક્ષસના સમુદાયને નિઃશેષતયા પીસી નાખનાર, પ્રલયકાલીન મેઘગર્જના તૂલ્ય જેમની ઘોર ગર્જના છે. જેમની ગદાનું ભ્રમણ અતિ દ્રય છે, દેવીભક્ત અહીરાવણના રાક્ષસોને મારી નાખી અહીરાવણના મસ્તકને અગ્નિકુંડમાં હોમી રામ લક્ષ્મણને પાતાળમાંથી છોડાવી લાવનાર, અસુર, ગંધર્વ, નાગ, નર, દેવતા, સાગર, પર્વતો સહિત સમસ્ત લોકને જાણવા વાળા, નીતિપૂર્વક કાર્ય કરવાવાળા હનુમાનજીના ગુણો લખતાં લખતાં આ કલમ અટકતી જ નથી.

નિરંતર આત્માનો સાક્ષાત્કાર કરતાં રાત દિવસ શ્રી રામના ધ્યાનમાં મગ્ન ચિરંજીવી મહાબલિ પર્વતને પણ ઉખેડી નાખવાની શક્તિ ધરાવનાર બળ બુધ્ધિ સંપન્ન ચતુર પ્રતિભાવાન સમર્થ, સમય અને સંદર્ભ અનુસાર ભાષણ કરીને પોતાના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરનાર, જેમના નામમાં જ અમોધ શક્તિ છે તેવા, શ્રી લક્ષ્મણજીના જીવનની તથા તે દ્વારા પ્રભુશ્રી રામની સુરક્ષાના નિમિત, નવધા ભક્તિના દાસ્યઅંગના સર્વોત્તમ દાસભક્તનું જ્વલંત ઉદાહરણ પ્રતિક, સેવા ધર્મના આચાર્ય, સર્વથાનિર્ભય, સત્યવાદી, સ્વામિભક્ત, ભગવાનના તત્વ, રહસ્ય, ગુણ તથા પ્રભાવને શ્રેષ્ઠ જાણવાવાળા, મહાવિરક્ત, સિધ્ધ, પરમપ્રેમી ભક્ત, સદાચારી મહાત્મા, યુધ્ધ વિદ્યામાં નિપુણ, ઈચ્છાનુસાર રૂપ ધારણ કરવામાં સમર્થ ભગવાનના નામ સ્વરૂપ અને લીલાના મોટા રસિક, પરમાનંદ કંદ - શ્રીમધ્યોધ્યાચંદ્ર - કૌશલ્યા - નંદવર્ધન, દશરથનંદન, શ્રીરામ સુધારમ, મંદાકિની મુક્ય ભાષનાં મહારત્ન શ્રી હનુમાનજીને સહસ્ત્ર લક્ષસઃ કોટિશઃ પ્રણામ.

એમ કહેવાય છે કે જ્યાં પણ શ્રીરામની કથા યા કીર્તન થાય છે ત્યાં હનુમાનજી કોઈને કોઈ વેશમાં ઉપસ્થિત રહે છે. પરંતુ શ્રધ્ધાના અભાવે લોકો તેમને ઓળખી નથી શકતા. ધર્મ, પ્રાણ, આર્ય, ધરાપર ભાગ્યે જ કોઈ એવું નગર કે ગામ હશે જ્યાં પવનકુમારનું નાનું કે મોટું મંદિર ન હોય પ્રત્યેક અખાડાઓમાં પણ હનુમાનજીની મૂર્તિને અચૂક મૂકવામાં આવે છે. ખરેખર મહાવીર હનુમાન ભારતીઓના તન, મન, તેમજ પ્રાણમાં વ્યાપ્ત છે. જે સદાયે શક્તિ, ભક્તિ, સમર્પણ, શ્રમ, નિશ્ચલ સેવા, ત્યાગ, બલિદાન વિ.ની પ્રેરણા આપે છે. પરમાદર્શ શ્રી હનુમાજીનું જીવન પ્રકાશસ્તંભ

(દીવાદાંડી) સમાન આપણને કલ્યાણમાર્ગની નિશ્ચિત દિશા નિર્દેશ કરે છે. ભારતીય જનભાવનામાં શ્રી રામભક્ત હનુમાનની પ્રતિષ્ઠા, વીરતા, જીતેન્દ્રિયતા અને પરિનિષ્પન્ન જ્ઞાનના ભંડારના રૂપમાં થઈ છે.

આજે ભારત વર્ષમાં અર્થ કામના અને ધર્મ નિયંત્રિત ન થવાના કારણે અમર્યાદિત ઐષણાઓ પલ્લવિત પુષ્પિત થઈ ફૂલી ફાલી રહી છે. અબાલ વૃધ્ધ નરનારી અર્થ અને અધિકારની અધમ્ય લાલસાથી ઉન્મત બનીને કામાચાર, અનાચાર, દુરાચાર, ભ્રષ્ટાચાર, પાપાચાર, વ્યભિચાર, અત્યાચાર અને અસદાચારના માર્ગો દ્વારા સફળતા પ્રાપ્ત કરવાની ભ્રાન્ત ચેષ્ટા કરે છે. અભક્ષ્ય ભક્ષણ જેવી પ્રવૃત્તિઓમાં ફસાઈને - વિમોહિત બનીને વ્યક્તિ, સમાજ, દેશ તથા રાષ્ટ્ર પ્રત્યે પોતાના કર્તવ્યથી પરિભ્રષ્ટ બની રહ્યા છે. માનવી બીજા જીવોના સુખ દુઃખને ભૂલી ગયો છે અને માત્ર પોતાના સુખની લાલસામાં ઉન્મત છે. નવાનવા ભોગવાદ દ્વારા નવા નવા દ્વેષ કલાહની અવાંછનીય સૃષ્ટિ સર્જાઈ રહી છે. માનવી પાપોના આયોજનમાં પ્રગતિમાની રહ્યો છે. દેશમાં અનેક પ્રકારના વાદ વાડા, પરસ્પર એકબીજાને મીટાવી દેવા તત્પર જીવ હિંસાના આધુનિક કતલખાનામાં વધારો, જ્યાં સત્ય, ઈમાનદારી, ચારિત્રિક પવિત્રતા માત્ર દેખાવ પૂરતી જ જોવા મળે છે. દંભ, દર્પ અને અભિમાન બેહદ વધી રહ્યા છે. જ્યાં થોડીઘણી પણ ધાર્મિકતા તથા આધ્યાત્મિકતાના અંશ વિદ્યમાન છે ત્યાં પણ તેના આવરણમાં દંભ પાખંડ જેવી દુષ્પ્રવૃત્તિઓ કાર્ય કરી રહી છે આવી વિષમ, વિમોહક દુઃસ્થિતિમાં...

હનુમાન જયંતીના પવિત્ર પર્વમાં હનુમાનજીનું પૂજન, નામ, સંકીર્તન તો કરવાના જ. તદ્ઉપરાંત શારીરિક શક્તિ પ્રદર્શન તથા અંગપ્રદર્શન, લાઠીદાવ, તલવારબાજી ગદાયુધ્ધ, તીરંબાજી, બોક્ષીંગ, કુશ્તી, કરાટે, તરણસ્પર્ધા, યોગાસન સ્પર્ધા વિ. સામુહિક આયોજન તથા નવા અખાડાઓની શરૂઆત પણ કરવી જોઈએ. રામલીલા પણ ઉજવવી જરૂરી છે. કારણ કે હનુમાનજીના ચરિત્રથી આપણને બ્રહ્મચર્ય વ્રત પાલન, ચરિત્ર રક્ષણ, બળબુધ્ધિનો વિકાસ તથા આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી રામ પ્રત્યે અભિમાન સહિત દાસ્યભાવ જેવા ગુણોની શિક્ષા પ્રાપ્ત થાય છે. ભૌતિક સમૃધ્ધિ મનુષ્ય માટે વરદાનના બદલે અભિશાપ બની રહી છે. ત્યારે રાષ્ટ્ર ને જેવા આદર્શની જરૂરત છે તે હનુમાન ચરિત્રમાં જ ઉપલબ્ધ થાય છે. રાષ્ટ્રની અકર્મણ્યતા અને ભીરતાને મીટાવીને જનતાને શક્તિશાળી, સ્વાભીમાની અને રાષ્ટ્રપ્રેમી બનાવવા માટે દેશમાં હનુમાન જયંતી જેવાં ઉત્સવોની પરમ આવશ્યકતા છે. શ્રી હનુમાનજીની તપશ્ચર્યા કરીને આપ સૌ કૃતાર્થ હો એવી શુભકામના.

■ **હરીશ ભારતેન્દુ શુક્લ**




# અક્ષય તૃતીયા




અક્ષય તૃતીયા પર્વ નામકરણમાં બે શબ્દ છે. અક્ષય અને તૃતીયા. અક્ષયનો અર્થ થાય છે જેનો ક્ષય નથી થતો અને તૃતીયા એ તિથિ ક્રમ છે. વસ્તુતઃ જે વસ્તુ કે અવસ્થાનો ક્ષય ન થઈ શકે તે અવસ્થા કે વસ્તુને અક્ષય કહેવું સાર્થક છે. ક્ષય તેનો નથી થતો, જે સર્વદા સત્ય છે. સત્ય એ જ પરમેશ્વર છે. જે અક્ષય અખંડ સર્વવ્યાપક છે. વૈશાખ સુદિ ત્રીજ એ સત્યયુગની આદિ તિથી હોવાથી તે યુગાદિ તિથી કહેવાય છે. સર્વ પાપોનો નાશ કરનાર તથા સઘળા સુખો આપનાર યુગાદિ તિથીએ જે કંઈપણ સ્નાન, દાન, હોમ, જપ, ઉપવાસ, સ્વાધ્યાય, પિતૃતર્પણ વિ. થાય છે. તે ક્ષય રહિત થાય છે તથા સર્વપુણ્યનું અનંતફળ પ્રાપ્ત થાય છે. વિષ્ણુ ધર્મોત્તરમાં જણાવ્યા પ્રમાણે આજે ભગવાન વિષ્ણુની અક્ષત વડે પૂજા થાય છે એટલે આ તિથિ અક્ષય તૃતીયા કહેવાય છે. આજે ભગવાન વિષ્ણુને ઉત્તમ સાથવો ધરાવી અક્ષતનો હોમ કરી બ્રાહ્મણોને અક્ષત, ઉત્તમ સાથવો તથા પકવાન દાન કરવાથી સર્વ તૃતીયાનું ફળ પ્રાપ્ત થાય છે. ભવિષ્યપુરાણમાં જણાવ્યા મુજબ અક્ષય તૃતીયાના દિવસે તીર્થમાં સ્નાન કરી, તિલ વડે પિતૃઓનું તર્પણ તથા ધર્મઘટ વિ.નું દાન કરી ભગવાનની પૂજા કરવાથી ભગવાન પ્રસન્ન થાય છે. આજની તિથીએ ગ્રીષ્મ ઋતુમાં જે ધાન્ય થતું હોય તે સર્વનું દાન પ્રશસ્ત હોવાથી યવ, ઘઉં, ચણા, ચોખા, સાથવો, દહીં, સુવર્ણ અને રસ સહિત ઘડાનું દાન તથા છત્ર, પગરખા, ગાય, પૃથ્વી, વસ્ત્રો વિ. જે વિષ્ણુને પ્રિય હોય તે ચીજોનું દાન તથા પિતૃ અથવા દેવોના ઉદ્દેશ્યથી જે કંઈ આપેલું હોય તથા હોમ કર્યો હોય તે સઘળાનો નાશ થતો નથી તે અક્ષય થાય છે.

અક્ષય તૃતીયાના દિવસે રોહિણી નક્ષત્ર અને બુધવાર હોય તો તે મહાન ફળ આપનાર છે. રોહિણી નક્ષત્રમાં શિવની પૂજા કરી જળના ઘડાનું દાન કરનાર શિવલોકમાં પૂજાય છે. વૈશાખ માસની શુક્લ તૃતીયાના રોજ રાત્રિના પહેલા પહોરમાં પુનર્વસુ નક્ષત્ર અને છ ગ્રહો ઉચ્ચના હતા અને મિથુનમાં રાહુ હતો ત્યારે રેણુકાદેવીના ગર્ભથી પરશુરામ તરીકે ઓળખાનાર શ્રી હરિ પ્રકટ થયા હોવાથી અક્ષય તૃતીયાનો દિવસ પરશુરામ જયંતિના પર્વ તરીકે પણ ભવ્ય યાત્રા સાથે ધામધુમથી ઉજવાય છે. ચારધામમાંના એક ઉલ્લેખનીય ધામ ભગવાન બદ્રીનારાયણના દર્શન માટેનો રસ્તો પણ આજે ખુલે છે. આજે બદ્રીનાથમાં પણ દર્શનાર્થી ભક્તોનો માનવ મહેરામણ છલકાય છે. જેઓ ભાવપૂર્વક ગંગાજીના સ્નાન તથા પૂણ્યકર્મ કરે છે. તેથી અહીં આ તિથી બદ્રીનારાયણ દર્શનતિથી તરીકે મનાવાય છે. વૃંદાવનમાં શ્રી વિહારીજીના ચરણદર્શન જે વર્ષમાં એક જ વાર કરાય છે તે પણ આજે અક્ષયતૃતીયાના દિવસે થતાં હોવાથી રાષ્ટ્રભરમાંથી ભાવિકો આજે ચરણ દર્શનાર્થે વૃંદાવન પધારે છે. અયોધ્યામાં આજે શ્રી ઠાકુરજીની વિશેષ અર્ચના થાય છે. કાશીમાં આજે ગંગાસ્નાન કરી ઝંઝર, છત્રી વિ.ના દાનનું વિશેષ મહાત્મ્ય છે. વ્રજમાં આજે સ્ત્રીઓ વૈશાખ સ્નાન કરે છે. તથા ઠાકુરજીને સાથવાનો ભોગ ધરાવી તે ખવાય તથા દાન પણ કરાય છે. આરાધ્યના શ્રી અંગોને ચંદન ચિત્રોથી અલંકૃત આભૂષણો વડે શણગારાય છે. તેમજ ગરૂડ સહિત ગરૂડ ગોવિંદ ચંદન ચર્ચિત વિગ્રહના નિરાવરણ દર્શન પણ ફક્ત આજના દિવસે જ થાય છે.

ધર્મપ્રાણ ભારતીય સંસ્કૃતિના પુનીત ચારધામ જગન્નાથપુરીમાં અષાઢી રથયાત્રા માટેના રથોના નિર્માણનું કાર્ય પણ આજથી પ્રારંભ થાય છે. અહીં ખેડૂતો ખેતરમાં બીજ રોપવાનો પ્રારંભ પણ આજે જ કરે છે. આજે અહીં ભવ્ય ચંદનયાત્રાનું આયોજન થાય છે. પરંતુ તેમાં બલભદ્ર-સુભદ્રાજી તથા જગન્નાથજીના સ્થાને તેમની વિજય પ્રતિમાઓ પ્રતિનિધિત્વ કરે છે. આજે રથમાં રામકૃષ્ણ - મદનમોહન - લક્ષ્મી - સરસ્વતી તથા પાંચ પાંડવની મૂર્તિ રહે છે અને રસ્તામાં અધવચ્ચે તેમને ભોગ પણ લગાવાય છે અને પુષ્કરિણી નદીમાં મોટી નાવોમાં જલવિહાર બાદ નદી વચ્ચે આવેલ મંદિરમાં ચંદન કુંડમાં બધી પ્રતિમાઓ રખાય છે. તથા શ્રી મંદિરમાં મહાપ્રભુજીને ભોગ ધરાવાય છે. બંગાળમાં આજે ભવ્ય ચંદનયાત્રા નીકળે છે. ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિને ચંદનનો લેપ કરી ભગવાનને વિધિવત રીતે સુગંધિત પુષ્પો વડે સુસજ્જિત કરી ધામધુમથી ઉત્સવ મનાવાય છે. બુદેલખંડમાં આજનું પર્વ પૌત્ર-પૌત્રીઓનું પૂજન કરી સંપન્ન થાય છે. જે બાલિકાઓને અપરોક્ષ રૂપે સામાજિક જીવનની શિક્ષા આપે છે. મહારાષ્ટ્રમાં આજે ત્યાં ચાલતો હલ્દી રોરી નામનો ઉત્સવ સંપન્ન થાય છે. તથા ત્યાંના રિવાજ મુજબ આજે પ્રત્યેક સ્ત્રીને જબરદસ્તીથી તેના પતિના નામનો ઉચ્ચારણ કરવા ફરજ પડાય છે. જો સ્ત્રી તેના પતિનું નામ દોહામાં ઉચ્ચારે તો તેને ખાસ બિરદાવાય છે. જેને ત્યાં

## શુભ પ્રસંગોની
## રંગતમાં સંગત માણવા મહેમાન ને નવાજવા,
## સંતોષના ઓડકારની અપેક્ષા એટલે જ

# Gala Caterers

FINEST IN FOOD INDUSTRY

SINCE 1977

### આ શુભ સ્થળો માટેનાં અધિકૃત કેટરર્સ

**સેન્ટ્રલ મુંબઈ:**

- કામગાર ગ્રાઉન્ડ-પરેલ
- હાલાઈ વાડી-દાદર
- કિંગ જોર્જ હોલ એન્ડ ગ્રાઉન્ડ-દાદર
- વસંત સ્મૃતી-દાદર
- ગુજર વાડી-માટુંગા
- ગુજરાતી સેવા મંડળ-માટુંગા
- ફ્લેમિંગો હોલ-માટુંગા
- પંજાબ હોલ-માટુંગા
- રામવાડી-માટુંગા
- નારાયણજી શામજી વાડી-માટુંગા
- નપ્પુ હોલ-માટુંગા
- ખાલસા હોલ એન્ડ ગ્રાઉન્ડ-માટુંગા
- લોહારવાડી-માટુંગા
- માનવ સેવા સંઘ-સાયન
- સુમતી ગુજર-કુર્લા
- ભાટિયા વાડી-ઘાટકોપર
- સોમૈયા ગ્રાઉન્ડ-ચુનાભઠ્ઠી, ઘાટકોપર
- શિવાજી ટેક્નિકલ ગ્રાઉન્ડ-ઘાટકોપર
- પી પેલેસ હોલ-મુલુંડ(વેસ્ટ)
- આર.આર બેન્કવેટ-મુલુંડ (ઈસ્ટ)
- સુરજ વોટર પાર્ક-થાણા
- રીટ્ઝ બેન્કવેટ-થાણા

**સાઉથ મુંબઈ:**

- એસ.આઈ.ઈ.એસ. ગ્રાઉન્ડ-વડાલા
- નીક્કો હોલ-વડાલા
- એસ.એન.ડી.ટી. કોલેજ-વડાલા
- એકર્સ ક્લબ-ચેંબુર
- ચેંબુર જીમખાના હોલ એન્ડ ગ્રાઉન્ડ-ચેંબુર
- ગ્રાન્ડ બેન્કવેટ-ચેંબુર
- ગ્રાન્ડ નાલંદા-ચેંબુર
- સિંધી જીમખાના-ચેંબુર
- ગુજરાત ભવન-વાશી
- આયુષ રીસોર્ટ-પનવેલ

**વેસ્ટર્ન મુંબઈ:**

- એમ.ઈ.ટી-બાન્દ્રા (વેસ્ટ)
- અંધેરી સ્પોર્ટસ કોમ્પલેક્સ-અંધેરી
- વાગડ વિશા ઓસવાલ મહાજન વાડી-અંધેરી
- કમલ અમરોહી-JVLR
- એફ.એમ.બેંક્વેટ-ગોરેગામ અને રામ મંદીર
- તેરાપંથી ભવન-કાંદીવલી
- વુડ સ્ટોક રીસોર્ટ

**પ્રવીણ ગાલા : 9892183338**

અતુલ ગાલા : 93222 21205 • રાજેશ ગાલા : 98200 32010

રોહિત ગાલા : 98200 99251 • ચિરાગ ગાલા : 97020 29280

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૪૦૦ ૦૧૯

ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭

E: galacaterers@gmail.com | W: www.galacaterers.in

**અમે આઉટ સ્ટેશન તથા કોર્પોરેટ ઓર્ડર્સ સ્વીકારીએ છીએ**



ઉખાણા કહે છે. ગુજરાતમાં આજે ઘટ, વસ્ત્ર, પંખા તથા અન્ન દ્રવ્ય આદિનું દાન કરવામાં આવે છે. મણિપુરમાં આજે લાઈહારોબા (દેવતાઓનો આનંદોત્સવ) નૃત્ય પ્રારંભ થાય છે તથા નૃત્ય નાટ્યરૂપે પ્રાચીન મણિપુરી કથા વાંચન થાય છે અને ગોવિંદ દેવજી મૂર્તિને ચંદન અભિષેક કરી હરિ સંકિર્તન થાય છે.

અક્ષત તૃતીયાનું પર્વ સામાજિક પર્વનો દિવસ પણ હોવાથી વણજોયેલા મુહૂર્ત એટલે કે કોઈપણ મુહુર્ત જોયા સિવાય આજનો દિન સ્વયંસિધ્ધ અભિજિત શુભમુહુર્ત હોવાના કારણે આજે લગ્ન વિવાહ આદિ માંગલિક કાર્યો પણ મોટી સંખ્યામાં સંપન્ન થાય છે. શ્રીનાથજીમાં ભગવાનને આજે વિશેષ કરીને મલયગિરી ચંદન, શીતળ સામગ્રી તથા મોતીના આભરણ ધરાવાય છે અને કિર્તન પણ ગવાય છે. રાજસ્થાનમાં આજે એવી માન્યતા પ્રચલિત છે કે આજના દિવસે કરેલા વિવાહ ફોક નથી થતા તેથી ત્યાં આજે હજારોની સંખ્યામાં બાળ વિવાહ થાય છે. જૈન દર્શન અનુસાર અક્ષય તૃતીયા પર્વની વાર્તા જેઓને પરમશ્રધ્ધાપૂર્વક આદિ બ્રહ્મા નામથી પોકારવામાં આવે છે. તે ભગવાન શ્રી આદિનાથ સાથે જોડાયેલી છે. આ વાર્તા અનુસાર... અયોધ્યાને રાજધાની બનાવી તત્કાલિન ભારતવર્ષમાં પ્રથમ શાસક શ્રી આદિનાથે એક અવધિ પશ્ચાત રાજ ઘાટ અને વિશાળ સામ્રાજયનો ત્યાગ કરી દિક્ષા સાધુચર્યા અંગીકાર કરી ઘોર તપ કર્યું. જીન વિધિ વિધાન એટલે કે નિયમો અંતર્ગત ઘોર તપ તથા તપસ્યાદિક ને સુચારૂ રીતે ચલાવવા માટે જે અતિ અલ્પ ભોજનની એક તપસ્વી શરીર માટે જરૂરિયાત છે તે પણ શાસ્ત્રીય વિધિસર ગ્રહણ કરવાનું હોય છે.

તપસ્વી આદિનાથ આહાર માટે ભ્રમણ કરવા દરરોજ નીકળી પડતાં પરંતુ લોકો જાણતા ન હતા કે તેઓ શા માટે નગરમાં ભ્રમણ કરે છે. ધીમે ધીમે તેઓ અનુમાન પર આવ્યાં કે સંભવતઃ આહાર માટે જ મહાત્માજી ફરી રહ્યાં છે. પરંતુ નગરજનોને સાધુ મહાત્માને આહાર આપવાની વિધિની ખબર ન હતી એટલે કે જૈન શ્રમણને કેવી ભિક્ષા કલ્પે તેની સમજણ પ્રજામાં ન હતી. પ્રજાને તેઓ સાધુચર્યાના આદર્શનું સત્ય સ્વરૂપ સ્વયં પોતાના જ દૃષ્ટાંત દ્વારા સમજાવવા ઈચ્છતા હોવાથી અને પ્રજા તથ્ય સમજી શકે તે માટે તેઓએ ક્યારેય કોઈને નિજભ્રમણનો ઉદ્દેશ્ય તથા આહાર વિધિ ન બતાવી તેથી તેઓ નિર્દોષ અને કલ્પ્ય ભિક્ષા ન મળી ત્યાં સુધી પુરા ૧૩ માસ કરતાં પણ વધુ સમય સુધી આહાર તરીકે એક કોળિયો ભોજન કે એક ટીપું જળ વિના તેઓ રહ્યાં. ચારસો ચારસો દિવસ અન્ન જળ વિનાના કઠીન ઉપવાસ પછી પણ સાધુએ અનેક વિઘ્નો પછી પણ આહારપાન વિના કેટલા સહનશીલ, શાંત અને સહિષ્ણુ રહેવું જોઈએ તેનું જ્વલંત ઉદાહરણ પોતાના તપસ્વી જીવન દ્વારા પ્રજાને બતાવ્યું. અંતે જ્યારે આખરે તેમના આહાર ગ્રહણ કરવા કોઈના આહાર દાનનું પુણ્ય અર્જિત કરવાનો શુભ અવસર પણ આવ્યો જ્યારે તેઓ આહાર ભિક્ષાર્થે ગજપુરનગર (હસ્તિનાપુર) પહોંચ્યા. ભગવાન આદિનાથ પ્રભુના દર્શન


With Best Compliments From

**AMRATLAL K. SAVLA**

Insurance Advisor

603, Girner Towar, Plot No.208, Ram Tekdi Road, Sewri, Mumbai-400015

**Mo. : 98212 15265 - 83560 37821**

કરતાંની સાથે જ બાહુબલિના પુત્ર સોમપ્રભ રાજાના અનુજ યુવરાજ - રાજકુમાર શ્રેયાંસને તેના પૂર્વાવતારમાં વિદેહ ક્ષેત્રમાં મુનિરાજને અર્પણ કરેલ આહાર વિધિનું જ્ઞાન મળી ગયું. જૈન શાસ્ત્રોમાં જેને જાતિ સ્મરણ કહે છે તે જાતિસ્મરણ જ્ઞાનબળ દ્વારા સ્મરણ થયેલ. જૈન શ્રમણના ભિક્ષાવિધિ દ્વારા ઈક્ષુરસ અર્થાત્ ઈખ તાજા આવેલ અક્ષુરસ (શેરડીનો રસ)નો આહાર પોતાના અગ્રજ રાજા સોમપ્રભ તથા ભાભી લક્ષ્મીમતીને સાથે



રાખીને પ્રભુને અર્પણ કરી તેઓના ચારસો ઉપવાસના વર્ષીતપના પારણાં કરાવ્યાં.

જે માસ અને તિથી આ શુભ અવસરના દિવસે હતી તે દિવસ પણ વૈશાખ સુદિ તૃતીયાનો દિવસ હતો. તે દિવસે જ આ આહાર ગ્રહણ કરાવનાર રાજકુમાર શ્રેયાંસનો અક્ષયપદ - મોક્ષ પ્રાપ્તિ નિશ્ચિત થઈ ગઈ. આ પરમ પદ મોક્ષ પરમ સૌખ્ય દાયી સાથે અક્ષય અર્થાત્ શાશ્વત પણ હોય છે. ભગવાન આદિનાથ ને એક હજાર વર્ષની તપસ્યના અંતે અતિ વિશુધ્ધ આત્મ ધ્યાનસ્થ અવસ્થામાં જે કેવળ જ્ઞાન થયું તે પણ અક્ષય અર્થાત્ શાશ્વત, પરમોત્કૃષ્ઠ, પરમ સુખદાયી, અલૌકિક, અદ્વિતીય, અતીન્દ્રિક હતું. ભગવાન આદિનાથને ઈક્ષરસ દ્વારા પારણાં કરાવાયાં તે દિવસથી આજના અક્ષય તૃતીયાના દિવસે તે ઘટનાના અનુકરણ સ્મૃતિરૂપે એક દિવસ ઉપવાસ અને એક દિવસ બિયાસણું. આ ક્રમ પ્રમાણે વર્ષીતપ કરીને આજના શુભ દિવસે ઈક્ષુરસથી તેના પારણા કરાવવાની પરંપરાનો પ્રારંભ થયો. જે જૈન સંઘોમાં અખંડ ચાલુ છે. અને અક્ષય તૃતીયાના મહાપર્વના દિવસે પાલીતાણા શત્રુંજય તીર્થમાં આદેશ્વરદાદા તથા હસ્તિનાપુર જેવા તીર્થક્ષેત્રો તથા અન્યત્ર ઠેર ઠેર હજારોની સંખ્યામાં જૈનોના વર્ષીતપના સમારોહો યોજાઈ રહ્યાં છે. જે પ્રમાણે શેરડીના સાંઠામાં જે પ્રમાણે રસ હોય ત્યાં ગાંઠ નથી હોતી અને ગાંઠ હોય ત્યાં રસ નથી હોતો તે જ પ્રમાણે જીવનમાં પણ જ્યાં વેર વિરોધ કષાય ભાવનાની ગાંઠ હોય ત્યાં મૈત્રી પ્રેમનો રસ ન હોય અને મૈત્રી પ્રેમનો રસ હોય ત્યાં વેર ઈર્ષા વિ.ના ગાંઠ પણ ન હોય. તે ઈક્ષુરસને કંઠ રથ કરી કુભાવના, કુવિચાર, અહંકાર, સ્વાર્થ, કામ, ક્રોધ, લોભ જેવી ક્ષયધર્મી વસ્તુઓનો ત્યાગ કરી આસુરીવૃત્તિઓથી દૂર રહી આત્મવિશ્લેષણ તથા આત્મનિરીક્ષણ અવલોકન દ્વારા પ્રેરણા લઈ દૈવી સંપત્તિ પ્રદાનકર્તા સકારાત્મક અક્ષયધર્મી ચિંતન મનન દ્વારા ત્યાગ, પરોપકાર, મૈત્રી, કરૂણા અને પ્રેમ પ્રાપ્ત કરી અક્ષય શાંતિ, અક્ષય પરમ અલૌકિક અતીન્દ્રિય નિરાકુળ વિશુધ્ધ સુખ પ્રાપ્તિની ઉત્તમ રીત દ્વારા આજનું અક્ષય તૃતીયા પર્વ મનાવીએ એ જ અભ્યર્થના.

■ **હરીશ ભારતેન્દુ શુક્લ**


J.P. Sangoi,
Manish J. Sangoi
Jayesh J. Sangoi
(Kapayawala)

**PARAS**
**REXINE HOUSE**

Phone : 24307609
M. : 9820156242
M. : 9820786889

**A.C. Show Room**

Mattress - Pillows - Cushion
P.V.C. Floor Carpet, P.V.C. Tiles - Wooden Flooring - Wall Paper - Wall Poster - Vertical Blind - Vanishing Blind - Speaker Box Carpet - Roller Blinds - Roman blinds - Suncontrol Films
**Plastic Mat - Grass Mat - Bath Mat - Flaxy Mat - Coir Mat - Rubber Mat**
Dealers in : ❆ All Kinds of Art Leather Cloth, Rexine, P.U. Foam, Rubber Foam, Rubberised Coir, Upholstry Materials & ETC. Memory Foam Mattress & Products ❆ Sleepwell ❆ Springwel ❆ MM Foam ❆ Kurlon ❆ Centuary ❆ Libra Mattres ❆ Mattress, Pillows, Cushion ❆ Sofa Cover

Tirthankar, Shop No. 5, S.K. Bole Road, Dadar (W), Mumbai-400 028.
Email : parasrexinehouse@gmail.com - Fecabook : parasrexinehouse
Intagama : parasrexinehouse

# શંકરાચાર્ય જયંતી શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય

આમ પ્રજા જ્યારે ધર્મ, વેદ, ઉપનિષદના આદેશોને વીસરી ગઈ. શાસ્ત્ર વિરુધ્ધ યજ્ઞ - ઉપાસનામાં માંસ, મદિરા અને પશુ પક્ષી તથા મનુષ્યોનો પણ ભોગ આપવા લાગી, ખોટા ઉપજાવી કાઢેલા તાંત્રિક પ્રયોગો વધવા લાગ્યા. પરિણામે શાક્ત, ચાર્વાક, કાપાલિક, ક્ષપણક તથા બૌધ્ધ જેવા પંથોનું જોર વધવા લાગ્યું. વેદધર્મ ભુલાવા લાગ્યો ત્યારે ઈ.સ.૭૮૮ વૈશાખ સુદ પાંચમના દિવસે દક્ષિણ ભારતમાં કેરલ પ્રદેશના કલાદી નામના ગામમાં વેદપરાયણ તપસ્વી નાંબુદરી બ્રાહ્મણ દંપતિને ત્યાં જે બાળકનો જન્મ થયો તે બાળક તે શંકર. જેણે શાસ્ત્રાર્થમાં ચારેબાજુ દિગ્વિજય પ્રાપ્ત કરતાં જગદ્ગુરૂ તરીકે વિખ્યાત થયા. જન્મથી જ અસાધારણ બુધ્ધિપ્રતિભાના પ્રતાપે એક જ વર્ષની ઉંમરમાં માતૃભાષા શુધ્ધ ઉચ્ચારણથી બોલતાં શીખી ગયા. બે વર્ષની ઉંમરે માતા પાસેથી સાંભળેલા આખ્યાનો કંઠસ્થ કર્યા અને લેખન વાચન પણ શરૂ કરી દીધું. કોઈપણ શાસ્ત્ર કે વિદ્યા તેમને એકથી બીજી વખત સાંભળવાની જરૂર પડતી ન હતી. એક વખત સાંભળેલી વાત અક્ષરસઃ યાદ કરી જાય તેવા તેઓ શ્રુતધર હતા. પાંચ વર્ષની ઉંમરે યજ્ઞોપવિત સંસ્કાર બાદ ગુરુગૃહે વિદ્યા અધ્યયન કર્યા બાદ બે વર્ષમાં જ તેઓ સર્વ શાસ્ત્રોમાં પારંગત વિદ્વાન પંડિત બની ગયા.



એક વખત વિદ્યાભ્યાસ દરમ્યાન ભિક્ષા માટે એક દરિદ્ર બ્રાહ્મણને ત્યાં ગયા. તે દરિદ્ર બ્રાહ્મણની સ્થિતિ ભિક્ષા માટે કઈ પણ આપવા જેટલી ન હતી. તે વખતે બ્રાહ્મણ સ્ત્રીના હાથમાં એક આંબળું આવ્યું જે તેણે બાળશંકરને ભિક્ષામાં આપ્યું. તે વખતે શ્રી શંકરે લક્ષ્મીજીની સ્તુતિ કરી તેમને પ્રસન્ન કર્યા. લક્ષ્મીજી પાસે તે બ્રાહ્મણને, દાનમાં અપાયેલ આંબળાનું ફળ અપાવ્યું અને તે બ્રાહ્મણ, કુટુંબ શ્રીમંત બની ગયું અને આપણને બોધ આપ્યો કે આંગણે આવેલા અતિથિને ભિક્ષા આપવાનો શાસ્ત્રધર્મ પાળવામાં આવે તો તે એળે જતો નથી. આઠ વર્ષની ઉંમરમાં તો તેઓ સમસ્ત વેદ વેદાંગોના ભાષ્ય લખી - લખાવી ચૂક્યા હતા અને ચોવીસ વર્ષની ઉંમરે તો તેઓએ સમસ્ત વેદ વિરોધીઓને પરાસ્ત કરી ભગાવી દઈ ચારે બાજુ વેદની વિજય પતાકા લહેરાવી દીધી. બત્રીસ વર્ષની વયમાં સંપૂર્ણ વિશ્વમાં વૈદિક ધર્મની સ્થાપના કરી દીધી. તેમનામાં આચાર્યના તમામ દિવ્ય લક્ષણો છલકાતાં હતા. તેમના પ્રખર તર્કોની સામે ગમે તેવા ધુરંધર વિરોધી એક ક્ષણ માટે પણ ટકી શકતા ન હતા. પ્રશ્ન એ છે કે માત્ર આઠ વર્ષની ઉંમરમાં સમસ્ત વેદ વેદાંગોનો પૂર્વોત્તર પક્ષ રહિત સમ્યક જ્ઞાન કોઈ સામાન્ય વ્યક્તિમાં કેવી રીતે સંભવી શકે? આ સાબિત કરે છે કે તેઓ અચિન્ત્ય દિવ્ય-અદ્ભુત પ્રતિભાયુક્ત લોકોત્તર સમન્વિત સાક્ષાત્ ભગવાન શંકરના અવતાર હતા. શંકરઃ શંકરઃ સાક્ષાત્.

બે વર્ષનો વેદાભ્યાસ પૂર્ણ થતાં સમાવર્તન સંસ્કાર કરી બાળકના સ્વગૃહે પધાર્યા ત્યારે તેમની વિધ્વતાના સમાચાર સાંભળી લોકોના ટોળેટોળા તેમના દર્શનાર્થે આવવા લાગ્યા. વેદાન્ત સૂત્રના પ્રારંભિક ભાષ્યમાં તેઓ વેદોને તો ભગવાન કરતાં પણ શ્રેષ્ઠ ગણાવતા હતા. તેઓ કહેતા હતા કે ભગવાન કેવા છે ! તેમની શું વિશેષતા છે? ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થઈ શકે? અનેક વિદ્વાનો તેમની પરીક્ષા કરવા ગમે તે બહાને આવતાં અને પછીથી તેમના વિદ્યાર્થી બની જતા. વિદ્વાનો રાજા ચંદ્રશેખરનું આમંત્રણ અને તેમની ભેટ,



સોનામહોરો હાથી ઘોડા સહિત એમ કહી પાછી આપી દીધી કે ભિક્ષા જ તેમનું ભોજન છે. મૃગચર્મ તેમનું વસ્ત્ર છે અને ત્રિકાળ સંધ્યા તેમનો વ્યવસાય છે. ત્યાર પછી રાજા જાતે દર્શન કરવા તેમને ઘેર ગયા. તેમની વેદાંત અને શાસ્ત્રોના ગૂઢ રહસ્ય સરળતાથી સમજાવવાની અદ્‌ભુત સ્મરણશક્તિ અને જ્ઞાનથી આશ્ચર્ય પામી રાજાએ જ્યારે ભેટ સ્વીકારવા વિવેક કર્યો ત્યારે તે તમામ ભેટો ગરીબોને વહેંચવાની સૂચના આપી, નિઃસંતાન રાજાને બુધ્ધિમાન અને પરાક્રમી પુત્રના આશીર્વાદ આપી પુત્ર પ્રાપ્તિ કરાવી. શ્રી શંકરની અસાધારણ પ્રતિભાથી આકર્ષાઈને વિદ્વાન જ્યોતિષીઓ તેમના જન્માક્ષર જોઈ ખુશખુશાલ થઈ ગયા પણ થોડીવાર પછી તેમના મોઢા ઢીલાં થઈ ગયા. જ્યોતિષીઓના ઢીલાં મોઢાં જોઈ માતાએ પૂછતાં તેઓએ જણાવ્યું કે બાળકનું આયુષ્ય આઠ વર્ષનું છે અને તપસ્યા દ્વારા બીજા આઠ વર્ષ વધારી શકાય તેમ કહી તેઓ ચાલતા થઈ ગયા.

એકવાર શ્રી શંકરની માતાને તેમના ઘરથી દૂર અલોયા નામની નદીમાં સ્નાન કરીને પાછા આવતાં બહુ જ મોડું થયું એટલે ચિંતાતુર શંકર માતાની શોધમાં નીકળ્યા ત્યારે થાક અને તાપને કારણે માતાને મૂર્છા પામેલી સ્થિતિમાં જોયા. તે જોઈ તેમણે સાચા હૃદયથી નદી દેવીને પ્રાર્થના દ્વારા પ્રસન્ન કરી નદીનું વહેણ શ્રી શંકરના ઘર પાસેથી વહેતું કર્યું. આવા વિદ્વાન પુત્ર જ્યારે જન્મ મરણનો ફેરો ટાળવા માતા પાસે સંન્યાસ માટે પરવાનગી માંગતા ત્યારે માતા તેને ટાળતી રહી. એક દિવસ જ્યારે શ્રી શંકર આલોયા નદીમાં સ્નાન કરતાં હતાં ત્યારે મગરે તેમનો પગ પકડી લીધો. તેમને બચાવવા કોઈપણ સાહસિક આગળ ન આવ્યો. તેમની માતાને આ સમાચાર મળ્યા ત્યારે તેઓ નદિ કિનારા પર કલ્પાંત રૂદન કરવા લાગ્યા. ત્યારે શ્રી શંકરે કહ્યું, કદાચ તું મને સન્યાસ માટેની પરવાનગી આપે તો મગર મને છોડી દે. મા એ વિચાર્યું કે પુત્ર મરી જાય તેના કરતાં સંન્યાસી તરીકે પણ પુત્ર જીવતો તો રહેશે તેમ વિચારી તેમણે સંકલ્પ કર્યો અને તેઓ ઢળી પડ્યા. અને મગરે તેમનો પગ છોડી દીધો. પાછળથી પુત્ર વિયોગની કલ્પનાથી ધ્રુજી જતાં માતાએ જ્યારે પુત્રને સંન્યાસ ન લેવા સમજાવતા ત્યારે તેમણે માતાને યોગ માર્ગ બતાવ્યો અને નીચે મુજબની ત્રણ પ્રતિજ્ઞાઓ કરી.

(૧) આપના મૃત્યુ સમયે હું આપના દર્શન કરીશ. (૨) આપને હું ભગવાનના દર્શન કરાવીશ (૩) અને હું જાતે જ તમારા અગ્નિ સંસ્કાર કરીશ. આ પ્રમાણે માતાને ધીરજ આપી તેમની રાજીખુશીથી પરવાનગી મેળવી. આઠ વર્ષના બાળ શંકરે માતાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરી સંન્યાસ માર્ગે પ્રયાણ કર્યું.

શ્રી શંકરે શ્રી ગોવિંદપાદ યોગેશ્વરના દર્શન કર્યા પછી તેમનામાં શાસ્ત્રમાં દર્શાવેલ સદ્‌ગુરૂના તમામ લક્ષણો જોતાં તેમની પૂજા કરી ઉપદેશ કરવા વિનંતી કરી. ગોવિંદપાદ શ્રી યોગેશ્વર યોગબળથી શ્રી શંકરની યોગ્યતા પારખી લીધી અને




જણાવ્યું કે ગુરૂ શિષ્યની પરંપરા જાળવવા માટે જ તમે અહીં આવ્યા છો અને બાર વર્ષની ઉંમરે જ તેમણે પરમહંસ દીક્ષા લીધી. સદ્‌ગુરૂએ પણ તેમને અધ્યાત્મવિદ્યામાં પારંગત બનાવવામાં કોઈ કચાસ બાકી ન રાખી. સિધ્ધિઓની કોઈપણ જાળમાં તેઓ લલચાયા નહીં. એકવાર નર્મદાના ભયંકર રેલ આવી અને પાણી જયાં ગુરૂદેવ સમાધિમાં બેઠા હતા તે ગુફા તરફ ધસમસતું આવી રહ્યું હતું. એ સમયે શ્રી શંકરે નદીના પ્રવાહ પાસે કમંડળ મૂકી સ્તુતિ કરી અને નદીના પ્રવાહનું બધું જ પાણી કમંડળમાં સમાવી લીધું. ગુરૂકૃપા અનુગ્રહથી તેમણે નિર્વિકલ્પ સમાધિના કઠિનમાં કઠિન પગથીયાં નિર્વિઘ્ને સાધ્ય કરી લીધાં અને સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી. જે જોઈ સદ્‌ગુરૂએ શ્રી શંકરને ગુપ્ત રહસ્ય રૂપ બ્રહ્મવિદ્યા બતાવી અને વ્યાસદેવના અભિપ્રાય મુજબ વેદના ગૂઢ રહસ્ય અર્થવાળા ભાષ્યની રચના કરી. યોગ્ય અધિકારીઓને જ તે શીખવી વેદ વિરુધ્ધ મતનો નાશ કરી જીવનનો ઉદ્દેશ પાર પાડવા આજ્ઞા આપી. કાશી જઈ આ કાર્યનો પ્રારંભ કરવાનો આદેશ આપી ગુરૂદેવ મહાસમાધિમાં નિમગ્ન થયાં. બાર વર્ષની ઉંમરે શ્રી શંકરે બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું તથા ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માડૂક્ય, તૈત્તિરીય, ઐતેરેય, છાંદોગ્ય તથા બૃહદારણ્યક ઉપર ભાષ્યો લખ્યાં. શ્રીમદ્ ભગવતગીતા, વિષ્ણુસહસ્ત્રનામ અને સતન્સજાતીય ઉપર પણ ભાષ્યો લખ્યાં. તેમજ અનેક વેદાંત સ્ત્રોતો અને ભક્તિસ્ત્રોતોની રચના કરી અને વિદ્યાર્થીઓને પણ શીખવ્યાં. ત્યારબાદ શિષ્યો સાથે મળીને વેદના નામે ચાલતાં પાખંડોનો પણ ઘટસ્ફોટ કર્યો. નાસ્તિક ધર્મોનું ખંડન કર્યું. અને વેદ વેદાંતનો જોર શોરથી પ્રચાર કર્યો. વિદ્વાનો જેને પ્રસ્થાતત્રયી તરીકે ઓળખે છે તે ગ્રંથો ઉપર પણ ભાષ્યો રચ્યાં. જેમાં વિદ્વાનો કોઈપણ દોષ બતાવી શક્યા નહિ. તેમનો પ્રથમ શિષ્ય બન્યો હતો તે હતો સનંદન નામનો પૂર્ણ વૈરાગ્યશીલ, નમ્ર, વિવેકશીલ અને સદ્‌ગુણોથી ભરપૂર બ્રાહ્મણ યુવાન. જ્યારે આચાર્યશ્રીએ તેમના બધા જ શિષ્યોને શ્રી ગંગાજીને સામે કાંઠે આવવા આજ્ઞા કરી ત્યારે સનંદને વિચાર કર્યો કે સદ્‌ગુરૂ ભવસાગર તરાવવા સમર્થ છે, ત્યારે નદિનો શું હિસાબ? તેણે તરત જ સદ્‌ગુરૂનું ધ્યાન કરી નદીમાં ચાલવા માંડ્યું. તેમની ગુરૂ ભક્તિથી પ્રસન્ન થઈ શ્રી ગંગાએ તેમના પગનો આધાર બનાવવા સુવર્ણના કમળો મૂક્યો અને તેના પર પગ મૂકી તેઓ સામે પાર પહોંચી ગયા. ત્યારથી સનંદન પદ્મપાદ તરીકે ઓળખાવા લાગ્યા ત્યારે આચાર્યશ્રીએ લાંબો શાસ્ત્રાર્થ કરી અને પ્રબળ દલીલો કરીને તેમને હરાવ્યા અને તેમાંથી ઘણા બધાંઓ આચાર્ય શ્રીનું શરણ લીધું.

ભગવાન વ્યાસજી પણ વૃધ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને આચાર્યશ્રી સાથે અપૂર્વ શાસ્ત્રાર્થ ચર્ચા કરી, પણ છેવટે ભગવાન વ્યાસજી પોતાના અસલ સ્વરૂપે પ્રકટ થયા અને તેમને લોકોના મન વેદધર્મ તરફ વાળવા દૈવબળ થી ૮ વર્ષ અને યોગશક્તિના બળથી બીજા ૮ વર્ષ એમ કુલ્લ ૧૬ વર્ષ આયુષ્ય વધારી આપ્યું. ત્યાર પછી કુમારિલ ભટ્ટના શિષ્ય મંડન મિશ્રને શાસ્ત્રાર્થને નિરૂત્તર કરી જ્ઞાન માર્ગમાં શ્રેષ્ઠતા સિધ્ધ કરી. મંડનમિશ્રના પત્ની ઉભયભારતી જે સાક્ષાત્ સરસ્વતી સમાન હતા તેમણે પોતાની સાથે શાસ્ત્રાર્થ કરવાનું જણાવતા લગાતાર સત્તર દિવસ શાસ્ત્રાર્થ પછી જયારે તેઓ થાકી ગયા એટલે તેમણે આચાર્યશ્રીને તેમના અનુભવ બહારના કામશાસ્ત્ર ઉપર પાંચ અઘરાં સવાલો પૂછ્યાં. આચાર્યશ્રીએ સંન્યાસ ધર્મને લાંછન ન લાગે તે માટે મૃત્યુ પામેલ અમરક રાજાના શરીરમાં (પરકાયા પ્રવેશ) પ્રવેશ કરી અનુભવ લઈ ઉભય ભારતીજીના હાથમાં તેમણે લખેલું કામશાસ્ત્રનું પુસ્તક પણ આપી દીધું અને તેમને પણ નિરૂત્તર કરી દીધા અને મંડન મિશ્રને સંન્યાસ આપી તેમનું સુરેશ્વર નામ આપી પટ્ટશિષ્ય બનાવ્યાં. પ્રપંચી કાપાલિકે આચાર્યશ્રીનો


**વિનોદ કે. શાહ ફોન (ઘર) ૨૪૧૪૪૪૪૧**
**ગામ : મોટા આસંબીયા**

**વાડીલાલ કે. શાહ ફોન (ઘર) ૨૪૦૯૬૬૯૪**
**મો. : ૯૮૨૦૦૫૯૬૨૧, ૯૩૨૨૮૬૫૯૪૩**

# મેસર્સ ભાવેશ એન્ડ કાં.

**અનાજ, કઠોળ અને દાળોના જથ્થાબંધ અને**
**છૂટક વેપારી તથા કમિશન એજન્ટ**

**ડી/૩૨, એ.પી.એમ.સી. માર્કેટ નં.-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫.**
**ફોન : ૨૭૮૩૮૨૮૦, ૨૭૮૪૯૦૧૬**

શિરચ્છેદ કરવા ત્રિશુલ ઉપાડ્યું ત્યારે પદ્મપાદને ધ્યાનાવસ્થામાં ખબર પડી અને તેમણે નૃસિંહ ભગવાનનું સ્વરૂપ ધારણ કરી ક્રૂર કાપાલિકને ચીરી નાખ્યો અને આચાર્યશ્રીએ કહ્યું કે ભગવાને જ નૃસિંહ સ્વરૂપે લીલા કરી હતી.

એક દિવસ તેઓ ધ્યાનમાં બેઠા હતા ત્યારે આચાર્યશ્રીને પોતે પોતાની માતાનું સ્તનપાન કરી રહ્યા હોય તેવો ભાસ થતા તેઓને પોતાના માતુશ્રી બોલાવી રહ્યા છે તેવો સંકેત લાગ્યો અને માતાને આપેલું વચન પાળવા તેઓ એકલા માતૃભૂમિ કલાદી ગામ ગયા અને માતાને પ્રસન્ન કર્યા અને માતાજીને સગુણ સાકાર બ્રહ્મનો ઉપદેશ કર્યો અને તેમાં મનને સ્થિર રાખવાનું જણાવ્યું અને તે જ સ્વરૂપમાં માતાએ પોતાનો દેહ ત્યાગ કર્યો. સગા સંબંધી અને જ્ઞાતિના બ્રાહ્મણોએ સંન્યાસી અગ્નિ સંસ્કાર કરે તે સામે વિરોધ ઉઠાવતાં તેઓએ માતુશ્રીના હાથમાંથી જ અગ્નિ પ્રકટ કરી તેમના ઘર પાસે જ તેમના મૃત શરીરને અગ્નિદાહ દીધો. તેમને સગાસંબંધીઓ અને જ્ઞાતિજનોના અન્યાયી વર્તન સામે ખોટું લાગ્યું અને ભવિષ્યવાણી ઉચ્ચારી કે હવેથી તમારે તમારા મૃતદેહનો તમારા ઘર પાસે જ અગ્નિદાહ આપવો પડશે. તમે વેદ અધ્યયનનાં અધિકારી નહીં રહો અને કોઈ સંન્યાસી તમારે ત્યાં ભિક્ષા પણ ગ્રહણ નહી કરે. આજે પણ ત્યાંના બ્રાહ્મણો વેદ અધ્યયન કરી શકતા નથી, કોઈ સંન્યાસી તેમને ત્યાં ભિક્ષા ગ્રહણ નથી કરતાં અને તેમના મૃતદેહોને તેમના ઘર પાસે જ બાળવાં પડે છે.

આચાર્યશ્રીની અનિચ્છા છતાં પદ્મપાદ જ્યારે તીર્થયાત્રાએ ગયા અને રામેશ્વર જવાના રસ્તામાં શ્રી રંગમ ગામે તેમના મામાએ પદ્મપાદે શંકર ભાષ્ય ઉપર તૈયાર કરેલ ગ્રંથને જોઈ ઈર્ષાથી બળીને તે ગ્રંથ દગાથી સળગાવી નાખ્યો અને દગાથી એવું ઔષધ ખવડાવી દીધું. જેથી તેમની સ્મરણશક્તિ નાશ પામી અને ફરીથી ગ્રંથ લખવાની કોઈ શક્તિ તેમનામાં ન રહી. ત્યારે પસ્તાવો કરી તેઓ આચાર્ય શ્રી પાસે ગયા. ત્યારે શ્રૃતધર આચાર્યશ્રીએ તરત જ પદ્મપાદને ફરીથી લખાવી પ્રસન્ન કર્યા. આ વાતની રાજા રાજશેખરને પડતાં તેમણે રચેલાં ત્રણ નાટકો જે તેમણે અગાઉ આચાર્યશ્રીને સંભળાવેલાં હતા તે બળી ગયા હતા તે ફરીથી લખાવવા વિનંતી કરતાં તે લખાવી રાજાને પ્રસન્ન કર્યા. ત્યાર પછી રામેશ્વરમાં પાખંડી શાક્તધર્મીઓએ શાસ્ત્રાર્થમાં હરાવી વેદમાર્ગની શ્રેષ્ઠતા સ્થાપી. કર્ણાટકમાં દુષ્ટ કુકચ નામના કાપાલિક મહંતના સૈનિકોને પળભરમાં જ ભસ્મ કરી નાખ્યા. ત્યારબાદ દુષ્ટ કુકચે ભૈરવને પ્રસન્ન કરી તેણે ભૈરવને શંકરાચાર્યનો નાશ કરવા જણાવ્યું. પણ ભૈરવ તો જાણતાં હતાં કે આચાર્યશ્રી તો શંકરના અવતાર છે તેથી ભૈરવે કુકચનો શિરચ્છેદ કરી નાખ્યો અને ભૈરવવાદીઓએ પણ વેદાંતમાર્ગ સ્વીકાર્યો.

ગોકર્ણ ધામમાં શૈવમતના ભેદવાદી અભિમાની નિલકંઠ નામના વિદ્વાનને શાસ્ત્રાર્થમાં પરાજય આપી શૈવમત વાળાઓને પણ શિષ્યો સહિત આચાર્યશ્રીના માર્ગનું શરણ લેવું પડ્યું. દ્વારકામાં પંચરાત્ર સંપ્રદાયીઓને પણ શાસ્ત્રાર્થમાં પછાડી તેમના મતોનું ખંડન કર્યું. ઉજ્જૈનમાં ભાસ્કર નામના વિદ્યામતથી છકી ગયેલ ભેદાભેદવાદી પંડિતને શાસ્ત્રાર્થમાં તેમના મતને અવાસ્તવિક સાબિત કરી તેમને અભેદ માર્ગની શ્રેષ્ઠતા સમજાવી. આસામમાં અભિનવ ગુપ્ત પંડિતના શાક્તમત પ્રમાણેના બ્રહ્મસૂત્રને શાસ્ત્રાર્થમાં નિરૂત્તર બનાવ્યો. હિમાલયમાં ગંગાકિનારે ધ્યાનમગ્ન થઈ પોતાના ગુરૂ ગૌડપાદ મહાયોગીને પ્રસન્ન કર્યા અને પરમ ગુરૂએ તમારું ચિત્ત સદા ચિંતનમાં રહો એવા આશીર્વચન આપ્યા. કાશ્મીરમાં સર્વજ્ઞ પીઠ શારદાભવનમાં તેમના સિધ્ધાંતોનો પ્રચાર કરી ત્યાં મઠની સ્થાપના કરી. વ્યાસદેવે બક્ષેલ આયુષ્ય પુરું થતાં શિષ્યોને પોતે સ્થાપેલા ચારે દિશામાં ચારેય વિશાળ મઠોને માન આપી અભેદ અદ્વૈત જ્ઞાનોપદેશના કાર્યમાં પ્રવૃત્ત કરવાનો આદેશ આપી આચાર્યશ્રીએ બત્રીસ વર્ષની ઉંમરે ઈ.સ.૮૨૦માં મહાસમાધિ લઈ નશ્વરદેહનો ત્યાગ કરી બ્રહ્મસાયુજ્ય પરમપદને પ્રાપ્ત થયા.

વૈશાખ સુદ પાંચમ એ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્યનો જન્મદિવસ છે. તેમના જ્વલંત જીવનથી આપણે એ વાત સમજી શકીએ છીએ કે ભગવાન પોતાના ભક્તો અને સંતો દ્વારા શ્રેષ્ઠ કર્મોનું આચરણ કરાવી તેમને સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય, સાલોક્ય તથા સાયુજ્ય જેવી મુક્તિ આપે છે અને આસુરી સ્વભાવવાળી વ્યક્તિઓ દ્વારા દુષ્કર્મ કરાવીને તેમને નરકમાં મોકલે છે. માટે બુધ્ધિમાન વ્યક્તિએ નિરંતર સત્સંગ વેદાદિ સાહિત્યના સ્વાધ્યાય તથા તેને અનુકુળ સદ્ધર્મનું સદાય આચરણ કરી જેમ બને તેમ જલ્દીથી આત્મોન્નતિ, રાષ્ટ્રકલ્યાણ, વિશ્વકલ્યાણ કરી અને કરાવીને વિશુધ્ધ ભગવત તત્વને પ્રાપ્ત કરી લેવું જોઈએ. એમાં જ માનવ અવતારની સફળતા છે અને આ જ શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય ચરણોના વૈદિક ઉપદેશોનો સારભૂત નિત્કર્ષાત્મક સંદેશ છે.

■ **હરીશ ભારતેન્દુ શુક્લ**

# ... તો કોડાય ગામ કચ્છ જિલ્લાની "સોનેરી કાશી" તરીકે ઓળખાશે

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**



માનવ જીવનના વિકાસ માટે જ્ઞાન મેળવવું અત્યંત જરૂરી છે. જ્ઞાન મેળવવાના અનેક સ્ત્રોતો છે, પણ વાંચન એક ઉત્તમ સ્ત્રોત છે. જેઓ જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા વૃત્તિ કેળવે છે, તેઓ જ્ઞાન તો મેળવે છે, પણ તેઓ પોતાની જીવનશૈલી વિકસાવી ઉચ્ચતમ સ્થાન પ્રાપ્ત કરી અન્યોને સારા કામો કરવાની પ્રેરણા આપે છે. આજથી લગભગ ૫૦ વર્ષ પહેલાં કવિ તેજ, ભવાનજી ગાલા, પ્રેમચંદ બૌઆ, સંસારી નામ કિશોર રતનશી સાવલા (પ.પૂ.અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.), ચંદુભા, તારાચંદ રતનશી ગોસર વગેરે મંડળી વખતોવખત મેરાઉ આર્યરક્ષિત વિદ્યાપીઠમાં જ્ઞાનગોષ્ઠિ ગોઠવીને ચર્ચા કરતા હતા.

ખરેખર ! આ જ્ઞાન મેળવવાની જિજ્ઞાસાના કારણે કિશોર સાવલાની જીવનશૈલી બદલાઈ ગઈ અને તેમના જીવનમાં ધાર્મિકતા છવાઈ ગઈ. તે પછી બસ, દિવસ-રાત જોયા વગર ધાર્મિક પુસ્તકો-ગ્રંથોનું વાંચન, સંયમી જીવનનું આચરણ અને સાધુ-સંતોના, સાનિધ્યમાં રહીને ધાર્મિક શિક્ષણ મેળવતા રહ્યા. પરિણામે કઠીન માર્ગના પ્રવાસી બનવાની ક્ષમતા કેળવીને દિક્ષા ગ્રહણ કરી, ત્યારે તેમનો ચહેરો આનંદથી પ્રકાશી ઉઠ્યો. "તિમિર ગયુ ને જ્યોતિ પ્રકાશ્યો." જીવનની અજ્ઞાનતા (અંધકાર) દૂર થઈ અને જ્ઞાનરૂપી પ્રકાશ જીવનમાં ફેલાઈ જતા જીવનનો માર્ગ કંડારીને સાધુજીવન નિભાવતા નિભાવતા આખરે ઉચ્ચતમ સ્થાન અચલગચ્છાધિપતિ પ્રાપ્ત કરી લોકહૃદયમાં સ્થાન મેળવ્યું.

માંડવી તાલુકામાં આવેલ કોડાય ગામે આજથી લગભગ ૧૫૦ વર્ષ પહેલા ધાર્મિક વૃત્તિવાળા સુશ્રાવક હેમરાજ ભીમશીએ સ્થાપેલ જ્ઞાન મંદિરનું મકાન અતિજીર્ણ થઈ જતા જીર્ણોધ્ધારની આવશ્યકતા ઉભી થઈ, ત્યારે પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સાહેબે સામાન્ય જનતા જ્ઞાનથી વંચિત ન રહે, એ હેતુથી જ્ઞાન મંદિરનું સંચાલન કરતાં સદાગમ પ્રવૃત્તિ સંસ્થા ટ્રસ્ટીઓને શિખરબંધ જ્ઞાન મંદિરના નવનિર્માણની પ્રેરણા આપીને જ્ઞાનમંદિરનું નિર્માણ કાર્ય હાથ ધરવા જણાવ્યું હતું, ત્યારે પાર્શ્વચંદ્રગચ્છીય પ.પૂ.મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્ર મ.સાહેબે તેમાં સૂર પુરાવીને કાર્યકરોને પ્રોત્સાહિત કર્યા. આ બંને ગુરુ



ભગવંતોના આશીર્વાદથી અને અન્ય ગુરુ ભગવંતોના માર્ગદર્શન હેઠળ કચ્છના કાશી નામે ઓળખાતા કોડાય ગામે નવનિર્માણ પામેલ શિખરબંધ જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન કરી લોકાર્પણ કરાતાં એકત્ર થયેલ જન-સમુદાયના ચહેરાઓ ખીલી ઉઠ્યા હતા.



આ પ્રસંગે જ્ઞાનમંદિરમાં રહેલ જુની હસ્તપ્રતોનું પ્રદર્શન યોજાયું હતું, જેમાં કેટલીક પ્રતો તો એક હજાર વર્ષ જુની હોવાનું જણાયું હતું. આવો સમૃધ્ધ જ્ઞાનભંડાર અનેક વિદ્વાનો અને સંશોધકો માટે ઉપયોગી હોઈ, આ જ્ઞાનમંદિરનું જતન કરીને તેને વિકસાવાની જરૂર છે. આ પ્રસંગે મુખ્ય અતિથિ વિશેષ તરીકે પધારેલ જાણીતા લેખક અને ફિલ્મ વિવેચક અમૃત ગંગરે જણાવ્યું હતું કે ‘‘કોડાયને વિશ્વકક્ષાએ મૂકી શકાય, એવું સમૃધ્ધ જ્ઞાન ભંડાર કોડાય ગામમાં અસ્તિત્વ ધરાવતું હોઈ, તેનું દસ્તાવેજીકરણ કરવા કાર્યકરોને આહ્‌વાન કર્યું હતું.’’



**Ramesh P. Shah**
**M. : 9321414680**

**Sagar R. Shah**
**M. : 9833184943**

# Shree Mamal Novelty

Mfg, of Hairpins & Hair Accossoiles

A-15, Bhatiya Estate, Ganesh Nagar, Opp. Garuda Petrol Pump, Kandivali (West),
Mumbai-400 067. Maharashtra (India) - E-mail : gapu.saga@gmail.com

since 1975

**MANSI textiles**

Specialise in :
Fabric for girl's dresses, infant wear, women's night wear and men's shirting

101, Kumar Fun'n'shop, 1st Floor, Old Hindmata Theatre, Dr Ambedkar Rd., Dadar East, Mumbai 400014

TEL : 02224114329 / 02224136151
Harakhchand Gangar : 9820032030
Kirti (Ravi) Gangar : 9967768833

**MILAN textiles**

Specialise in :
Exclusive Fancy shirting Fabric

21, Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224112352 , 02224113032
Nemchand Gangar : 9821097336

**APNA textiles**

Specialise in :
Fancy shirting Fabric

22 , Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224120734
Vinod Gangar : 9321162013
Hasmukh Gada : 9320031226

**Sankalp SYNTHETICS**

Specialise in :
Exclusive shirting Fabric

37, Kesharbaug , Dr. B. J Devrukhkar Marg, Opposite Progressive Co-op Bank, Hindmata, Dadar East, Mumbai 400014

TEL: 02224131661
Shivji Shah : 9820001312 | Sailesh Shah : 9821016559
Mayur Shah : 9820790587

**MAYKA® Lifestyle**

Specialise in :
Casual wear Fabrics for men and women

37/38 , Kewal Industrial Estate, Ground Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

TEL : 02249556666
Amit Gangar : 9819901234 | Hardik Gangar : 9819577677
Mayank Gangar : 9820550015

**MAYKA® SYNTEX**

Specialise in :
100% Cotton shirting garment Fabric supplier, smart Formals and clubwear shirting Fabric

52, Kewal Industrial Estate, Ground Flr, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013

TEL : 02262495555
Jayanti Gangar : 9224500000 | Samay Gangar : 9819032325
Nirav Gangar : 9773296976 | Nilesh Shah : 9820790572

*With best compliments*

માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પરિવાર - ચુનડી



શરૂઆતમાં પ.પૂ.આચાર્ય ભગવંત કલાપ્રભસાગર સૂરિશ્વરજી મ.સાહેબે જણાવ્યું હતું કે આ જ્ઞાનભંડારે જૈન સંસ્કૃતિ, ધર્મ શિક્ષણ અને શાસ્ત્રીય શિક્ષણનું ભવ્ય દર્શન કરાવ્યું હોઈ, ઈતિહાસકારો તેની નોંધ લેશે, તેવી આશા વ્યક્ત કરી હતી. જ્યારે ગુરુભગવંત પ.પૂ.ભુવનચંદ્રજી મ.સાહેબે જણાવ્યું હતું કે સામાન્ય રીતે મંદિરો શિખરબંધ હોય છે, પણ જ્ઞાનભંડાર શિખરબંધ નિર્માણ પામેલ છે, એ બતાવે છે કે આ જ્ઞાનમંદિરમાં રહેલ હસ્તપ્રતો અને ગ્રંથોનું કેટલું મૂલ્ય છે. આ વિદ્વાન ગુરુ ભગવંતે વધુમાં જણાવ્યું હતું કે, આ જ્ઞાનભંડાર આપણી સંસ્કૃતિનું રક્ષણ કરી રહ્યો હોઈ, સમ્યક જ્ઞાનનો પણ ફેલાવો કરે છે, જે પ્રશંસાને પાત્ર છે.

આ સમારંભમાં આવેલ વિશેષ મહેમાનોમાં જાણીતા અને માનીતા પત્રકાર કીર્તિભાઈ ખત્રી, જેમના શબ્દેશબ્દમાં વિદ્વતા ટપકતી હોય છે, એવા ડૉ.કાંતિભાઈ ગોર, કચ્છ યુનિ.ના પ્રો.કશ્યપ ત્રિવેદી, ભાવનગર કચ્છી સમાજના મહેન્દ્ર શાહ, પ્રો.પંકજ ઠાકર, ઈતિહાસના સંશોધક લેખક નરેશ અંતાણી, પૂજા ગોસ્વામી, લીલાધર ગડા, નિરૂપમ છાયા, વિજય છેડા, સુનિલ માંકડ વગેરે મહાનુભાવોની હાજરીથી સમારંભની શોભામાં અભિવૃધ્ધિ થઈ હતી. અમદાવાદમાં રહેતા સોનગઢ બોર્ડિંગના વિદ્યાપ્રેમી સક્રિય કાર્યકર વિજયભાઈ દેઢીયાએ તમામ હસ્તપ્રતોનું પ્રદર્શન એટલું વ્યવસ્થિત ગોઠવ્યું હતું, કે જોનારાઓએ મુક્ત કંઠે પ્રશંસા કરી હતી.

ઘણા લાંબા સમય પછી સદાગમ ટ્રસ્ટની જ્ઞાન ભંડારની આ પ્રવૃત્તિ નવા સ્વરૂપે સક્રિય બની છે અને અમૃત ગંગરે સૂચવેલ માર્ગે સદાગમ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને નિષ્ઠાવાન કાર્યકરો કાર્યરત બનશે, તો નજીકના ભવિષ્યમાં કોડાય ગામ કચ્છના કેવળ કાશી તરીકે નહીં, પણ **"સોનેરી કાશી"** તરીકે ઓળખાશે. સદાગમ પ્રવૃત્તિ સંસ્થાના મે.ટ્રસ્ટી સાકરચંદ ગોગરી, સંજય વીરા, મુલચંદ દેઢીયા, ભરત લાલન તથા શશીકાંત ગડા શિખરબંધ જ્ઞાનમંદિરનું નિર્માણ અને હસ્તપ્રતોનું પ્રદર્શન યોજીને જે ભગીરથ કાર્ય કર્યું છે, તે અભિનંદનીય છે. શરૂઆતમાં સુભાષ છેડાએ આવકાર પ્રવચન આપીને જ્ઞાનભંડારનો ઈતિહાસ અને સદાગમ પ્રવૃત્તિ સંસ્થાનો પરિચય આપ્યો હતો. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.રમજાન હસણિયાએ કરીને પોતાની સાહિત્યક ભાષાનો પરિચય કરાવ્યો હતો.



# વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા સાર્થક સાધુતાના સૌમ્ય સેવાહક મુનિ શ્રી નરેશચંદ્રજી 'આનંદ'



અનાયાસે ચેનલ ચેઈન્જીંગ દરમ્યાન અરિહંત ચેનલ પર તેમના દર્શન થયા. તેમની તેજસ્વી પ્રતિભા અને પ્રવચન સાંભળવા પ્રેરણા થઈ, જે નિયમિત બની ગઈ અને તે પછી ત્રણેક વર્ષ પછી તેમની સાથે વાર્તાલાપ પણ થયો, જે આત્મીય બની રહ્યો. સંવત ૨૦૧૪ આસો સુદ-૪, તા.૧૬-૧૦-૧૯૫૮ના રોજ તેમણે કચ્છ-ભોજાય મુકામે જન્મધારણ કર્યો અને દીક્ષા પણ તા.૧૧-૩-૧૯૭૮ દીક્ષા ગુરુ પૂ.તપસ્વીવર્ય શ્રી ધીરજલાલજી સ્વામી મારફત દીક્ષાદાતા પૂજ્ય આચાર્ય શ્રી રત્નચંદ્રજી મહારાજ સાહેબ પાસે ગ્રહણ કરી. દીક્ષાગ્રહણ બાદ તેમણે માંડવી અને ભુજથી પંડિતવર્યો પાસેથી સંસ્કૃત ભાષા અને પાણિની વ્યાકરણનું જ્ઞાન મેળવી લઈ પછીથી જામનગરની બૃહદ સંસ્કૃત પરિષદની સંસ્કૃત 'સાહિત્યરત્ન'ની કસોટી ઉચ્ચ ગુણાંક સાથે પાસ કરી, ચંદ્રક પ્રાપ્ત કર્યું. સાથે સાથે તેમણે જૈન ફિલોસોફીના ગ્રંથોના ગહન અભ્યાસ પણ જાળવી રાખ્યા. ૧૬ થી ૧૭ વર્ષો સુધી તેમણે અન્ય ધર્મગ્રંથોનો પણ ચીવટતાપૂર્વક અભ્યાસ કર્યો. સાથે સાથે જૈન સિદ્ધાંત પ્રભાકર સહિતની પરીક્ષાઓ પણ પસાર કરી.

તેમણે તેમના સંયમજીવનના રજતજયંતિ વર્ષથી (૨૦૦૧ થી) ભુજથી વ્યસનમુક્તિ અભિયાનની જબરદસ્ત ઝુંબેશ ઉપાડી વ્યસન નાબુદી માટે ઘણી બધી પ્રવૃત્તિઓ આદરી છે જે આજ પર્યંત ચાલુ છે. તેમણે તેમના 'વિહાર' વિચરણ દરમ્યાન ચતુર્વિધ સંઘ ઉપરાંત સહુ જીવો માટે પરમોથકારક બની રહે તે હેતુથી લોક સંપર્ક તથા વ્યસન મુક્તિ સંબંધી સાર્થક બોધાત્મક પ્રવચન શરૂ કર્યા તેમજ જ્યાં પણ મુકામહોય ત્યાં પણ અનુકૂળ સંયોગે અનુકુળ રૂપક સાથે પ્રવચન આદર્યા અને અનેક લોકો વ્યસનમુક્તિના સંકલ્પ સાથે વ્યસનમુક્ત પણ બન્યા. પ્રતિષ્ઠિત વર્તમાન પત્રોમાં પણ તેમના વ્યસનમુક્તિના માર્ગદર્શક લેખો પ્રકાશિત થયા. ભુજથી પ્રકાશિત 'કચ્છમિત્ર' દૈનિકમાં



મંગળવારની પૂર્તિ મા 'અમૃતા કળશ' કોલમદ્વારા અનેક રાહ ભટકેલા વ્યસનીઓ માટે દીવાદાંડી બની રહ્યા. સમય સમયે વ્યસનામુક્તિ સંદર્ભના ચિત્રોનું પણ જનજાગૃતિ વધારવા અનેક સ્થળોએ પ્રદર્શના આયોજ્યા. વ્યસનગ્રસ્ત તોમજ વ્યસનામુક્ત બનેલાઓના સ્વાનુભવોના પરિસંવાદ તથા ચિકિત્સકો, સાહિત્યકારો, માનસશાસ્ત્રીઓ તથા શિક્ષકો સાથે પરિસંવાદ યોજી સમાજમાં ચેતના જાગૃત કરવા અથાગ પ્રયત્ન આદર્યા.

GALA GROUP
Enhance your Lifestyle

## ONE STOP SOLUTION FOR ALL YOUR INTERIOR NEEDS

**Choose from over 2 lakh products & 40 International brands spread across 1 lakh sq. ft. of display area**



### Uro Veneer World

Exclusive Veneers
Designer Laminates
Plywood
Alabaster & MDF
Designer Charcoal Panels & Acrylam

**Mysore Road** 9880589240 **RV Road** 9902348240



### Wood & Mouldings

Wooden Flooring
Exterior Cladding
Decking
Wallpaper
Dupont Corian
Door

**Mysore Road** 9880589246 **RV Road** 8105921000



### Gala Furniture World

Luxury Sofas
Dining Tables
Living Collection
Recliners
Artefacts & Carpets

**Mysore Road** 9900710000 **RV Road** 9980156197



### Bath World

Flooring Tiles
Wall Tiles
CP Fittings
Sanitaryware
Faucets
Kitchen Sinks

**Mysore Road** 9880520000



### Gala Stone World Stone World

Odyssey carvings
Flex stone cladding
Orvi stone surfaces
Stone metal fusion
Natural stone cladding, Stone décor

**Mysore Road** 9036456788 **RV Road** 9632811911



### Euro Lighting World

Decorative Light Fixtures
Designer Ceiling Fans

**Mysore Road** 9945446666



### Gala Curtain World Drapes World

Curtains
Blinds
Upholstery
Mattress
Home Linen & Accessories

**Mysore Road** 9036839449 **RV Road** 9844431901



### Gala Hardware World

Designer Hardware
Cabinet Handles & Locks
SS Railings
Bathroom Accessories
Glass Fittings

**Mysore Road** 9845565779 **RV Road** 9945163360



### Mahaveer Corporation (India)

Aluminum Composite Panels
Interior & Exterior Grade

**Mysore Road** 9739300015



### Gala Kitchen World Hafele & Blum Design Studio

Kitchen & Wardrobe Accessories
Appliances
Hobs & Chimneys
Sliding Fittings

**Mysore Road** 9945163360 **RV Road** 7829773850

www.galagroup.in info@galagroup.in customer care: 080 26749845

વ્યસનથી થતી હાનિ-પાયમાલી-બરબાદી તથા વ્યસનમુક્તિથી થતા કલ્યાણ સમજાવવા લોક ડાયરા, સુંદર મધુર ગીતો દ્વારા મનોરંજક શૈલીથી સંગીતમય ઓડિયો કેસેટ વિવિધ નોટબુક્સ દ્વારા વિદ્યાર્થીઓને પણ જાગૃત કર્યા. આકાશવાણી ભુજ દ્વારા ફોનઈન કાર્યક્રમ દ્વારા વ્યસન પીડિતોને વ્યસનમુક્તિની દિશા આપી તેમની દશા સુધારી. વ્યસનમુક્તિની સમગ્ર પ્રવૃત્તિઓ તથા વિભાવના સાકાર કરતી દિલ્હી ડોક્યુમેન્ટરીનું પણ નિર્માણ



કર્યું. સમય સમય પર વ્યસનીઓ માટે વિવિધ શિબિરો યોજી તેમને વ્યસનમુક્ત કરવા સફળ પ્રયત્નો જારી રાખ્યા. વિચરણ દ્વારા ગામેગામ શાળાઓ, વિશ્વ વિદ્યાલયો, સંસ્થાઓ, ઉદ્યોગો, કારખાનાઓમાં વિઝ્યુઅલ શોના કાર્યક્રમ યોજી લોકજાગૃતિના પ્રેરણાસ્રોત બન્યા.

ચાતુર્માસ દરમ્યાન 'અરિહંત ચેનલ' પર નિયમિત નિયત સમયે તેમના પ્રવચન માળા ચાલે છે. તેમના એ પ્રવચનનો સમાજ સુધારણા તથા આહારસંહિતા અને વ્યસનમુક્તિ, પ્રામાણિકતા, સાહસ, તનતોડ મહેનત, સફળતા માટે સંઘર્ષ ઈત્યાદિ વિષયોમાં એટલા બધા કારંગત નિવડ્યા કે ટીવી ચેનલ પ્રસારણ માટે તેમને ક્યારેય સ્પોન્સર દાતાઓ શોધવા નથી પડ્યા. સામે ચાલીને જ દાતાઓ પ્રસ્તાવ મૂકવા લાઈનમાં લાગી જતા હતા. અરિહંત ચેનલ પર ચાતુર્માસ દરમ્યાન યોજાતાં પ્રવચનો જૈન તો ઠીક પણ જૈનેતર ભાવિકો પણ બહોળી સંખ્યામાં નિયમિત સાંભળતા રહ્યા છે તેમજ યુટ્યુબ પર પણ સાંભળતા હતા. છેલ્લા ત્રેવીસ વર્ષની તેમની ગુજરાત મહારાષ્ટ્ર કર્ણાટક કોલકતા (બંગાળ), ઝારખંડ, બિહાર, ઓરિસ્સા, તામિલનાડુ કહો કે કચ્છથી કન્યાકુમારી સુધી વિહાર પરિભ્રમણ દરમ્યાન અનેકના જીવન ઉજાળ્યાં છે. તેઓ તેમના પ્રવચન સાંભળવા બહુ મોટી ભીડ એકત્રિત થાય અને દેખાડા થાય તે માટે માર્કેટીંગના વિરોધી છે. તેમની પ્રવચનશૈલીની ખૂબી એ છે કે જેઓ પણ તેમના પ્રવચન ધ્યાનપૂર્વક સાંભળે છે તે બધા જ અનેકોને વ્યસનમુક્ત કરવા પ્રેરાય છે અને વ્યસનમુક્ત બનાવીને જ ઝંપે છે. તેમના પ્રવચન સાંભળનાર શ્રોતાઓની સામાન્ય વાતોથી જ અનેક શ્રોતાઓ આકર્ષાઈ આવે છે.

તેમના દ્વારા લિખિત - પ્રકાશિત લગભગ સત્તર જેટલા પુસ્તકો, સાહિત્યકારો, સમાજશાસ્ત્રીઓ, મનોવૈજ્ઞાનિકો જે તે યુગને સમજવાનો પ્રયત્ન કરનારાઓ અને સહૃદય ભાવિકો સહિત સર્વે માટે કલ્યાણકારી છે. અલબત્ત તેમનું ઘણું સાહિત્ય હજુ અપ્રગટ પણ છે. એમણે એમના વિચારોને સાહિત્ય દ્વારા સમાજસેવામાં ઢાળવ્યા છે. તેમના સાહિત્યમાં માત્ર વિદ્વાન તરીકે જ નહિ પણ સમાજસેવાની સંજીવની લઈને અવતરનાર શક્તિ છલકાય છે. આ હિસાબે હું તેમને સમાજકલ્યાણકારી સંત ઉપરાંત સન્માર્ગદર્શક, સલાહકાર, માર્ગદર્શક પણ માનું છું. તેઓ સદાચારને મહત્ત્વ આપે છે. તેઓ જણાવે છે કે સારા આચારથી આયુષ્ય વધે છે, પ્રજા પણ સારી થાય છે અને નાશ ન પામે અને પીડે પણ નહિ તેવું ધન મળે છે, અપલક્ષણો ભસ્મ થઈ જાય છે. તેમના સાહિત્યનું પરિશીલન સદાચાર પાળવામાં બેદરકાર રહેનારાઓને ઉન્નત કાર્યો કરવા પ્રોત્સાહિત કરે છે. જૈન ધર્મના પ.પૂ.ગુરૂવર ધીરજલાલ સ્વામીજી : આઠ કોટિ વડી પક્ષ




# સોની કાનજી આણંદજી જ્વેલર્સ પ્રા.લી.

**IN MUMBAI**
**Since 1968**

બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, ૨જે માળે, સહકાર નગરની સામે,
નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧. ફોન : ૨૪૧૫૦૫૭૨, ૪૧૭૫૫૫૦૦
E-mail : admin@sonikanji.com - Website : www.sonikanji.com

કચ્છ : ફરાદીવાલા



સ્થાનકવાસી જૈન સંઘ (કચ્છ)ના શિષ્ય હોવા છતાં પણ એમનામાં વિચારક અને ઉદારતા પણ અદ્‌ભુત છે. ઉદારતા માત્ર અંગત માન્યતા પૂરતી જ નહિ પણ લેખન દ્વારા પણ પ્રદર્શિત થઈ જાય છે. તેઓ ધાર્મિક, આધ્યાત્મિક અને જ્ઞાનોત્તેજક પુસ્તકો દ્વારા જનતાને સંસ્કારી અને ઉત્તમ વિચાર-આચારમાં જોડનારા લેખક છે. તેમના સાહિત્યમાં ભારતીય સંસ્કૃતિ, સર્વધર્મ સમભાવ તથા સંસ્કૃત સાહિત્ય સહિત ફક્ત અભિરૂચિ જ નહિ, પણ સતત ઉંડો અભ્યાસ તથા ચિંતન વિશેષ વર્તાય છે. તેમની નિર્મળ ક્રાંતિ તેમના વ્યવહાર તથા એમની પ્રતિભામાં પણ નિર્મળ જણાઈ આવે છે.

પ્રવચન દરમ્યાન બહેનો, મહિલાઓ કે ગૃહિણીઓ કે જેઓ ઘરકામ તરફ લક્ષ આપવામાં અણગમો બતાવે છે. તેમને ઉદાહરણ સહિત માર્ગદર્શન આપતાં જણાવે છે કે ઘરકામ કરનાર મહિલાઓ માંદગી નથી ભોગવતી. ઘરમાં કોઈને પણ બોજારૂપ બન્યા વિના બધાને ઉપયોગી બની રહે છે. શરીરે પણ તંદુરસ્ત રહે છે, દીર્ઘાયુષ્ય પણ ભોગવે છે. શરીરને નિષ્ક્રિયતાનો કાટ ન ચઢવા દઈને અકાળે મૃત્યુ પણ નથી પામતી અને બાળકોને માતૃહિણ પણ નથી કરતી. પૈસા ખાવાવાળાઓ માટે તેઓ વાઘ જેવા હિંસક પ્રાણીના રૂપક સાથે તેઓ હળવા ચાબખા પણ મારે છે. તેઓ મનુષ્યમાત્રને સર્વના હિતમાં જ પોતાનું હિત રહેલું છે એમ સતત સમજાવતા રહે છે. તેમના પ્રવચનો ભાષણો કે સંગીત સાંભળી કે જાદુના ખેલ જોઈ આનંદ ભોગવી ઘેર જવા જેવા નથી હોતા. વાસ્તવમાં તેઓ ધાર્મિક સંસ્કારોને સાર્થકતા સાથે જીવંત રાખનાર સમાજને માનસિક રીતે સબળ બનાવનાર કુશળ સંત છે. સંગઠનનાં તત્ત્વને ઉચ્ચ ભૂમિકામાં મૂકતા તેમના પ્રવચનમાં તેમનો સમગ્ર મિજાજ, તમન્ના, તબિયતને વ્યક્તિત્વનો આવિષ્કાર થઈ જાય છે. પ્રજા ભલેને તેમને દેશના એક છેડેથી બીજા છેડા સુધી તેમને વ્યસનમુક્તિના પ્રણેતા તરીકે જ ભલેને મૂલવતી હોય. પરમ વંદનીય આદરણીય પૂ.મુનિશ્રી નરેશચંદ્રજી આનંદનો આ સંક્ષિપ્ત પરિચય જ છે. કચ્છના તેજસ્વી સંત અને જન જનના હૃદય સુધી વિચરણ કરનાર પ્રખર વક્તા વ્યસનમુક્તિ અભિયાનના પ્રણેતા મુનિ ભગવંત પ.પૂ.મુનિશ્રી નરેશચંદ્રજીને મારા કોટિ કોટિ વંદન.

**પરિચય કર્તા**

■ **ભારતેન્દુ શુક્લ**




WE OFFER A VAST RANGE OF SERVICES CUSTOMISED TO SUIT BOTH CORPORATES AND INDIVIDULAS

LIC

**૧૯૯૯થી કાર્યરત**
**C.M. Club મેમ્બર**
**M.D.R.T. ક્વોલીફાઈડ**
**ઓર્થોરાઈઝડ L.I.C.પ્રિમિયમ કલેક્શન સેન્ટર**

- LIFE INSURANCE PLANNING
- REITREMENT PLANNING
- INVESTMENT PLANNING
- TAXATION PLANNING
- MEDICLAIM
- VEHICLE INSURANCE
- PROPERTY, SHOP, WAREHOUSE, FACTORY ETC INSURANCE
- PERSONAL ACCIDENTPOLICY

**શૈલેશ શામજી જેવત મારૂ (બીદડા)**

**જીવન વીમા તથા રોકાણ યોજનાઓના સલાહકાર**

**Shree Sankalp Flat No.1601,**
**G.B. Road, Near Vedant Hospital,**
**Kasar Vadvali Thane (W) 400615**
**મો.: 9869154666, 7021907705**
**Email : shaileshsmaru@yahoo.com**

With Best Compliments From



# JAINAM

## OPTICS & CONTACT LENS CLINIC

5-B, HASAN MANZIL, 71-77, A.K. MARG,
NEAR AUGUST KRANTI MAIDAN,
GOWALIA TANK, MUMBAI-400036.

**TEL. : 23814446**

E-mail : jainamoptics@yahoo.com

**કુંવરજી ઠાકરશી છેડા - (ગામ-તલવાણા)**

# સ્કૂલ એડમિશનની રામાયણ !

■ હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

આમ તો જોકે વેકેશન પહેલાં જ કેટલાક ચિંતાગ્રસ્ત પેરન્ટ્સ પોતાના સંતાનોનાં ઍડમિશન માટે જે તે સ્કૂલોના મુખ્ય દરવાજા પાસે બિસ્તરા પોટલાં લઈને લાઈનોમાં રહેવા આવી જતાં હોય છે. ક્યારે નંબર લાગે એનું કાંઈ નક્કી નહીં ક્યારેક તો બે-ત્રણ દિવસ સુધી લાઈનમાં જ અઠદ્વારકા કરી લેવાં પડે.

મારા મિત્ર બાબુના પપ્પા, બાબુના પુત્રને લઈને નવી શરૂ થઈ રહેલી સ્કૂલે ઍડમિશન માટે ગયા :

''કેમ ભાઈ તમે અહીં ક્યારના આંટા મારો છો?''

''મારે ઍડમિશન જોઈએ છે'', બાબુના પિતાશ્રી અને ટિંચુના દાદાશ્રી બચુભાઈએ કહ્યું, ''હું ઍડમિશન માટે આવ્યો છું.''

''અમે પ્રૌઢોને દાખલ નથી કરતા.''

''મારા માટે નહીં, હું મારા પૌત્રના ઍડમિશન માટે આવ્યો છું.''

''પૌત્રને લઈને આવો.''

''મારી આંગળી પકડીને ઊભો છે એ મારો પૌત્ર છે.''

''એની સાબિતી શું? તમારી પાસે એનો કોઈ પુરાવો છે?''

''અરે ભાઈ... આ મને 'દાદા' કહીને બોલાવે છે એ જ એનો પુરાવો, પુછી જુઓ.''

''એમ તો હું પણ તમને દાદા કહું એટલે હું તમારો પૌત્ર થઈ ગયો?''

''અરે યાર'', બચુભાઈ અકળાયા, ''આ બાલમંદિરના સંચાલક સાહેબ ક્યાં છે? મારે એમને મળવું છે.''

''હું પોતે જ સંચાલક છું. બોલો, કેમ મળવું છે?''

''મારા આ પૌત્રના ઍડમિશન માટે આવ્યો છું.''

''તમારા પૌત્રના મમ્મી-પપ્પા નથી?''

''છે ને ! પણ એ બંને જણાં સર્વિસ કરે છે.''

''લો, આ ફોર્મ ભરી દો અને પરમદિવસે સોમવારે સવારે આઠ વાગ્યે ઈન્ટરવ્યૂ માટે મોકલજો, ચોઘડિયું સારું છે.''

''હજુ તો આ માંડ બોલતાં શીખ્યો, છે, એનો શું ઈન્ટરવ્યૂ લેશો?''

''એનો નહીં, એના મમ્મી-પપ્પાનો ઈન્ટરવ્યૂ લેવાશે. ઈન્ટરવ્યૂમાં જો એ બંને જણાં પાસ થશે તો જ તમારા પૌત્રને ઍડમિશન મળશે.''

''ઓ.કે. ઓફિસ ક્યાં છે?''

''અત્યારે તમે ઓફિસમાં જ ઊભા છો.''

''આ? આ ઓફિસ છે તમારી? અહીં તો ગાયો અને ભેંસો બંધાતી હોય તેવું લાગે છે...''

''યુ આર રાઈટ ! તમારી અવલોકન શક્તિને હું બિરદાવું છું. અઠવાડિયા પહેલાં અહીં ગાયો અને ભેંસો જ બંધાતી'તી પણ હવે અમે થોડી સાફસૂફી કરી છે.''

''ટેબલખુરશી પણ નથી? મારે ફોર્મ ભરવું હોય તો ક્યાં બેસીને ભરું?''

''ટેબલખુરશી હોત તો હું પોતે ઊભો રહ્યો હોત?'' સંચાલક સાહેબે ઝાડના છાંયડે જઈ પરસેવો લૂછતાં કહ્યું, ''અને સગવડ થશે એટલે ટેબલ ખુરશી અમે ખરીદી જ લેવાના છીએ.''

''સગવડ માટે પૈસાની રાહ જુઓ છો?''

''એ...ઈ... વડીલ, આ સંસ્થાની નાણાકીય સધ્ધરતા વિશે શંકા કરતાં તમને શરમ નથી આવતી?''

''માફ કરજો સંચાલક સાહેબ, આ તો તમે 'સગવડ થશે' એમ બોલ્યા એટલે મેં પૂછ્યું.''

''અમે અત્યારે રાહ જોઈએ છીએ. પૈસાની નહીં, ડોનેશનની. કોઈ ડોનર મળી જાય અને ખુરશી ટેબલનું દાન કરે કે તરત જ અમે બેસવાની સગવડ કરવાના છીએ. અત્યારે તો અહીં પગથિયાં પર બેસીને ફોર્મ ભરી દો. લાલ બહાદુર શાસ્ત્રી પણ આવી જ વિષમસ્થિતિમાં ભણીને ભારતના વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા'તા. અમારા બાલમંદિરનો પણ એજ આદર્શ છે કે અહીં ભણેલો વિદ્યાર્થી ટોચના સ્થાને પહોંચે !''

''અને બ્લેક બોર્ડ તો ક્યાંય દેખાતું નથી...''

''પેલી સામેની દીવાલ જુઓ છો ને તમે?'' સંચાલકે હાથનો ઈશારો કરી દીવાલ બતાવતાં કહ્યું, ''એના પર અમે છ બાય ચાર ફુટનું લંબચોરસ બોર્ડ બનાવવા માટે કાળો રંગ લગાવવાના છીએ.''

''પણ હજું તો એ દીવાલ પર પોપડા ઊખડી ગયેલા દેખાય

છે, તમે કાળો રંગ લગાડશો ક્યારે? વેકેશન તો પુરુ થઈને સ્કૂલોય ખૂલી ગઈ... જુન પણ પૂરો થવા આવશે...''

''બસ, પહેલાં પાંચ ઍડમિશનની ફી આવે એમાંથી અમે પહેલું કામ 'કલર' કરવાનું કરવાના છીએ.''

''કલર? કોનો કલર?''

''હાલ પૂરતો તો પેલી દીવાલનો... આગળ ઉપર પછી જોયું જશે.''

''કુલ સંખ્યા કેટલી થઈ છે?''

''જો બધા જ વાલીઓ આ રીતે પૂછતા રહે અને પૂછીને પછી જતા રહે તો સંખ્યા ક્યાંથી થાય?''

''મતલબ?!'' બચુભાઈને આશ્ચર્ય થયું.

''મતલબ એ જ વડીલ, કે તમે આવ્યા એ પહેલાં ચાર-પાંચ વાલીઓ સંખ્યાનું પૂછીને જતા રહ્યા.''

''પણ સંખ્યા તો હોવી જોઈએ ને સાહેબ?''

''અરે વાલીભાઈ, ત્યાં જ તમારી ભૂલ થાય છે ! અમે ઘેટાબકરાંની જેમ છોકરાં ભરવા નથી માગતા. આ સંસ્થામાં અમે પરિવાર નિયોજનનો ચુસ્તપણે અમલ કરવા માંગીએ છીએ. જે ભૂલ અમારા ગૃહસ્થ જીવનમાં કરી એ ભૂલને અમે અમારા વ્યવસાયના ક્ષેત્રમાં દોહરાવવા નથી માગતા.''

''સ્ટાફ કેવો છે?''

''બેસ્ટ ક્વોલિટીનો છે, ભણેલો પણ છે.''

''કુલ સ્ટાફ કેટલો?''

''એ તો બાળકોની સંખ્યા પર આધાર રાખે ને? સંખ્યા થવા માંડશે કે તરત જ અમે છાપામાં જાહેરખબર આપીશું કે અમારી સ્કૂલ માટે અમારે શિક્ષકો અને શિક્ષિકાઓ જોઈએ છે !''

''તમારો સ્ટાફ ટ્રેઈન્ડ તો હશે ને?''

''અરે, એ શું બોલ્યા સાહેબ ! અમે તો વેલ એક્સપિરિયન્સ્ડ સ્ટાફ રાખવાના છીએ. અમારો સ્ટાફ અનુભવી હશે.''

''ઘણીવાર સાહેબ એવું પણ બનતું હોય છે કે શિક્ષક કે શિક્ષિકાના લગ્ન થઈ ગયા પછી એ લોકો નોકરી છોડી દેતાં હોય છે એટલે બાળકોનું ભણતર અધવચ્ચે જ કાં તો અટકી જાય કાં તો બગડી જાય... આવા જુવાનિયા શિક્ષકો પાસે તમારે ઓછામાં ઓછું પાંચ વરસનું બોન્ડ લખાવી લેવું જોઈએ.''

''તો તો અમે કમાઈ રહ્યા સાહેબ... પણ તમે ચિંતા ના કરો. તમે માનો છો એવી કોઈ મુશ્કેલી ઊભી ન થાય એટલા માટે અમે તમારી ઉંમરના દાદા-દાદીને સ્ટાફમાં ભરતી કરવાનું વિચાર્યું છે, એટલે બીજા કોઈ નાના-મોટા પ્રોબ્લેમ તો ઊભા ન થાય !''

''તમે બાલમંદિરનું પાટિયું પણ ક્યાંય મૂક્યું નથી... ખબર કેવી રીતે પડે કે અહીં બાલમંદિર છે? આ તો છાપામાં આપેલી જાહેરાતના આધારે એડ્રેસ શોધતો શોધતો અહીં આવી પહોંચ્યો. બાલમંદિરના નામનું બોર્ડ તો ક્યાંક મૂકો...''

''બોર્ડ તો તૈયાર જ છે સાહેબ, પણ શિક્ષણબોર્ડ હજુ તૈયાર નથી.''

''હું સમજ્યો નહીં.''

''જુઓ, બોર્ડ તો આ રહ્યું મારી પાછળ, છે ને? બસ એમાં નામ લખવાનું જ બાકી છે.''

''તો લખાવી દોને, વાર કેટલી?''

''એમાં જ વાર લાગે છે સાહેબ... એમાં જ વાર લાગે છે ! શિક્ષણ બોર્ડમાંથી બાલમંદિરની માન્યતા મળશે કે તરત જ નામ લખાવી દઈશું, લખાવતાં વળી કેટલી વાર?''

''એટલે? તમારા બાલમંદિરને હજી માન્યતા પણ નથી મળી?''

''મળી જશે, કેટલીક વિધિઓ કરવાની હોય ને ! બસ, અત્યારે એ બધી વિધિઓ ચાલી જ રહી છે.''

''પણ જૂન તો હમણાં પુરોય થશે, તમે માન્યતા ક્યારે મેળવશો, શિક્ષકોની ભરતી ક્યારે કરશો... અને ક્યારે ઍડમિશનનું ઠેકાણું પડશે?''

''એ બધી ચિંતા અમારે કરવાની છે, તમારે નહીં ! તમારે તો બસ તમારા પૌત્રને અહીં દાખલ કરી દો એટલે... ગંગા નાહ્યા !''

''ફી કેટલી છે?''

''૨૫ હજાર રૂપિયા.''

''મેં આખા વરસની નથી પૂછી સાહેબ, મહિનાની પૂછી છે.''

''આ ફી મહિનાની જ છે વડીલ !''

''ક્યાંય બેન્ચિસ કે પાટલીઓ પણ દેખાતી નથી, બાળકોને બેસવા માટે કોઈ સગવડતા કરી છે કે નહીં?''

''જે બાળકની ફી આવે એમાંથી એ બાળક માટે અમે સગવડતા કરી આપીશું. બોલો ઍડમિસન આપી દઉં?''

''ઍડમિશન માટે કોઈ ડિસ્કાઉન્ટ સ્કીમ ખરી?''

''ખરીને,'' સંચાલક સાહેબે સ્મિત કર્યું, ''એક જ પેરેન્ટ્સના ચાર બાળકો હોય તો એમાંથી એકને ફ્રી ઍડમિશન આપવાની સ્કીમ છે.''

''ઓ.કે. હું મારા પૌત્રનાં મમ્મી-પપ્પાને પૂછી જોઈશ.''

છેલ્લા સમાચાર પ્રમાણે, હજી સુધી બાબુ બોસના પુત્રના ઍડમિશનનું ઠેકાણું નથી પડ્યું. ❁

# સ્માર્ટ શિક્ષણ પધ્ધતિ

ડૉ. મિહિર એમ. વોરા



મિત્રો આ માહિતી આધારિત લેખ છે. મેં માત્ર વિવિધ સંદર્ભનો ઉપયોગ કરીને માહિતી આપી છે. જેની નોંધ લેજો. પ્રધાનમંત્રીએ સ્માર્ટ ઈન્ડિયા હૈકાથોનની ગ્રાન્ડ ફિનાલેમાં સંબોધન કરતાં જણાવ્યું હતું કે, અત્યારે દેશ જે પડકારોનો સામનો કરી રહ્યો છે, એના કેટલાંક નિરાકરણો શોધવા વિદ્યાર્થીઓ કામ કરી રહ્યાં છે.

સમસ્યાઓના સમાધાનો પ્રદાન કરવાની સાથે વિદ્યાર્થીઓની કામગીરી ડેટા, ડિજિટાઈઝેશન અને હાઈ-ટેક ભવિષ્ય સાથે સંબંધિત ભારતની આકાંક્ષાઓને પણ મજબુત કરશે. ઝડપથી આગળ વધી રહેલી ૨૧મી સદીમાં ભારતે અસરકારક ભૂમિકા સતત ભજવવા પોતાને ઝડપથી બદલવાની જરૂરિયાત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, ઈનોવેશન, સંશોધન, ડિઝાઈન, વિકાસ અને ઉદ્યોગસાહસિકતા માટે દેશમાં જરૂરી ઈકોસિસ્ટમનું નિર્માણ થઈ રહ્યું છે.

તેમણે ભારતની શિક્ષણ વ્યવસ્થાને વધારે આધુનિક બનાવવા અને પ્રતિભાઓ માટે તકોનું સર્જન કરવાના ઉદ્દેશ પર ભાર મૂક્યો હતો.

પ્રધાનમંત્રીએ નવી શિક્ષણ નીતિ પર કહ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ ૨૧મી સદીની યુવા પેઢીના વિચારો, જરૂરિયાતો, આશાઓ અને આકાંક્ષાઓને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ ફક્ત નીતિગત દસ્તાવેજ નથી, પણ ૧૩૦ કરોડથી વધારે ભારતીયોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. તેમણે કહ્યું હતું કે, ''આજે પણ બાળકો માને છે કે, તેમનું મૂલ્યાંકન તેમને રસ ન હોય એવા વિષયોને આધારે થાય છે.''

માતા-પિતાઓ, સગાંસંબંધીઓ, મિત્રો વગેરેના દબાણને કારણે બાળકોને એમની પસંદગીના વિષયોમાં અભ્યાસ કરવાની ફરજ પાડે છે. એને પરિણામે મોટી સંખ્યામાં લોકો સારી રીતે શિક્ષિત છે, પણ તેમણે જેનો અભ્યાસ કર્યો છે, એ તેમના માટે ઉપયોગી નથી. તેમણે ધ્યાન દોર્યું હતું કે, નવી શિક્ષણ નીતિ ભારતની શિક્ષણ વ્યવસ્થામાં વ્યવસ્થિત સુધારા લાવીને આ અભિગમને બદલવા ઈચ્છે છે તથા શિક્ષણનો આશય અને સામગ્રી એમ બંનેમાં પરિવર્તન લાવવાનો પ્રયાસ થયો છે. તેમણે જણાવ્યું હતું કે, શાળા, કોલેજ અને યુનિવર્સિટીમાં અભ્યાસ, સંશોધન અને ઈનોવેશન પર કેન્દ્રિત બનાવીને વિદ્યાર્થીઓને ફળદાયક, બહોળો, અનુભવ પ્રદાન કરવા ઈચ્છે છે, જે વ્યક્તિની સ્વાભાવિક શક્તિઓને ખીલવવામાં મદદરૂપ થશે.

પ્રધાનમંત્રીએ વિદ્યાર્થીઓને સંબોધન કરતાં કહ્યું હતું કે, ''આ હૈકાથોનમાં તમે પહેલી વાર સમસ્યાનું સમાધાન લાવવાનો પ્રયાસ કર્યો નથી, કે તમારો પ્રયાસો છેલ્લો નથી.'' તેમણે યુવાનોને ત્રણ બાબતો જીવનમાં ઉતારવાની શીખ આપી હતી. સતત શીખવું, પ્રશ્નો પૂછવા અને એનું સમાધાન કરવું. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે વ્યક્તિ શીખે છે, ત્યારે વ્યક્તિની અંદર જિજ્ઞાસાવૃત્તિ જાગે છે અને ભારતની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ એનું પ્રતિબિંબ છે. તેમણે ઉમેર્યું હતું કે, નવી શિક્ષણ નીતિ બાળકોને શાળાની બેગના ભારણમાંથી મુક્તિ આપીને મહત્ત્વપૂર્ણ વિચારશક્તિ ખીલવવા તરફ પ્રોત્સાહન આપે છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, નવી શિક્ષણ નીતિની સૌથી વિશિષ્ટ ખાસિયતોમાંની એક ખાસિયત વિવિધ શાખાઓના અભ્યાસ પર મૂકવામાં આવેલો ભાર છે. આ વિભાવનાને લોકપ્રિયતા મળી રહી છે, કારણ કે એક જ પ્રકારની પધ્ધતિ



બધા માટે ઉપયોગી નથી. તેમણે કહ્યું હતું કે, એકથી વધારે શાખાનો અભ્યાસ વિદ્યાર્થીને અભ્યાસ કરવાની ઈચ્છા પર ધ્યાન કેન્દ્રિત કરશે, એમાં વિદ્યાર્થી સમાજની અપેક્ષા પૂર્ણ કરવાને બદલે પોતાના રસના વિષય તરફ વધારે વળશે.

શિક્ષણ તમામને મળવું જોઈએ એવું બાબાસાહેબ આંબેડકરનું વિધાન ટાંકીને પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, આ શિક્ષણ નીતિ શિક્ષણ તમામને સુલભ કરવાના વિચાર પ્રત્યે સમર્પિત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પણ તમામને શિક્ષણ મળે એ સુનિશ્ચિત કરવા કટિબધ્ધ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ પ્રાથમિક શાળાથી શરૂ કરીને ઉચ્ચતર શિક્ષણ પ્રદાન કરવા પર કેન્દ્રિત છે. તેમણે જણાવ્યું હતું કે, આ નીતિનો ઉદ્દેશ વર્ષ ૨૦૩૫ સુધીમાં ઉચ્ચ શિક્ષણમાં કુલ નોંધણીનો રેશિયો વધારીને ૫૦ ટકા કરવાનો છે. તેમણે ઉમેર્યું હતું કે, આ શિક્ષણ નીતિ રોજગાર વાંચ્છુઓને બદલે રોજગાર સર્જકો બનાવવા પર ભાર મૂકે છે. એ એક રીતે આપણી માનસિકતા અને આપણા અભિગમમાં મોટો સુધારો કરવાનો પ્રયાસ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, નવી શિક્ષણ નીતિ ભારતીય ભાષાઓની પ્રગતિ અને એના વધારે વિકાસમાં મદદરૂપ થશે. તેમણે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને તેમના શરૂઆતના વર્ષોમાં તેમની પોતાની રીતે શિક્ષણનો લાભ થશે. તેમણે ઉમેર્યું હતું કે, નવી શિક્ષણ નીતિ દુનિયા સમક્ષ સમૃધ્ધ ભારતીય ભાષાઓ પણ પ્રસ્તુત કરશે અને તેમને દેશના ભાષા વૈવિધ્યનો પરિચય થશે.

પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, જ્યારે લોકલ પર નીતિગત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, ત્યારે એટલો જ ભાર આંતરરાષ્ટ્રીય સંકલન પર મુકવામાં આવ્યો છે. ટોચની આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓને ભારતમાં કેમ્પસ ખોલવા પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. એનાથી ભારતીય યુવા પેઢીને આંતરરાષ્ટ્રીય સ્તરના શિક્ષણ અને તકોનો પરિચય થશે તથા તેમને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે સજ્જ થવામાં મદદ મળશે. આ ભારતમાં આંતરરાષ્ટ્રીય સ્તરની સંસ્થાઓનું નિર્માણ કરવામાં પણ મદદરૂપ થશે, જે છેવટે ભારતને આંતરરાષ્ટ્રીય શિક્ષણનું કેન્દ્ર બનાવશે.

શિક્ષકોને તાલીમ આપતી અલાયદી યુનિવર્સિટી પણ છે. તેઓએ ઓનલાઈન અને શિક્ષણની વૈશ્વિક પધ્ધતિના



માપદંડને પણ નજરમાં લેવું જ પડશે. વર્ગખંડની બહાર પણ વિદ્યાર્થીઓને લઈ જવા જોઈએ. મ્યુઝિયમ જોવાલાયક સ્થળો, ટેલિસ્કોપથી ખગોળ દર્શન, હવામાન કચેરી, વિજ્ઞાન સંસ્થા, ફાર્મા કંપનીની લેબ, ઉત્પાદન એકમ (ફેક્ટરી), ઈન્ડસ્ટ્રી કે બાંધકામ અને આર્કિટેક ડિઝાઈન પ્રોજેક્ટસની મુલાકાત માટે જઈ શકાય. શિક્ષકે પોતે પણ સર્જનાત્મકતા કેળવવી પડશે. બોલિવુડ કે હોલિવુડમાં બનેલી ફિલ્મોથી પણ ઈતિહાસ કે આત્મચરિત્રનો અભ્યાસ કરાવી શકાય. હવે તો બીબીસી, ડીસ્કવરી, નેશનલ જીયોગ્રાફી, ટ્રાવેલ્સ અને થોકબંધ દસ્તાવેજી ઉપલબ્ધ છે. એકાદ પીરીયડ આવી ફિલ્મ માટે જ રાખી શકાય.




ઓનલાઈન એપ પાસે દશ્ય શ્રાવ્યનું માધ્યમ છે. તેઓ તેમના લેક્ચર સાથે એડીટેડ ફિલ્મ કે અન્ય વિશ્વભરના પ્રોફેસરોની જે તે વિષયની સ્પીચ ઉમેરી શકે છે. એ ખરું કે આખરે શાળા કોલેજનું ખુલ્લું વાતાવરણ અને શિક્ષકોનો જીવંત સંપર્ક અને શિક્ષણ જ આવકાર્ય અને અનિવાર્ય છે. સંપૂર્ણ ઓનલાઈન શિક્ષણ સલાહભર્યું પણ નથી. પણ એવું થવાનો પૂરો ભય છે કે જો ઓફલાઈન શિક્ષણની પધ્ધતિની નવી ટેકનોલોજી મિશ્રિત શૈલી અને શિક્ષકોની સંવાદ સાધવાની ફાવટ ઉમેરાશે નહીં તો શિક્ષણ સંસ્થાઓ માત્ર ઓન પેપર પ્રવેશ નોંધણી માટેનું સ્થળ બની જશે. વિદ્યાર્થીને મનમાં સતત એવો વિશ્વાસ ઘર કરી જશે કે ઓનલાઈન શિક્ષણથી અભ્યાસ કે મનગમતી શાખા પ્રવેશની પરીક્ષાની તૈયારી કરી લઈશું. હવે તો વિશ્વની કોઈપણ યુનિવર્સિટીમાં તમારા ગામમાં રહીને જ અભ્યાસ અને ડીગ્રી મેળવી શકાય છે. વિશ્વની ટોચની યુનિવર્સિટીના લેક્ચર ઓનલાઈન એટેન્ડ કરી શકાય છે. ગામડાનો વિદ્યાર્થી પણ તેના શિક્ષણની ઓનલાઈન શિક્ષણ જોડે તુલના કરશે જ.

ભારત જેવા દેશ માટે મોટો પડકાર એ સર્જાવાનો છે કે ગરીબ અને મધ્યમ વર્ગનો વિદ્યાર્થી સ્માર્ટ ફોન કે ટેબ વસાવી ન શકે. ઓનલાઈન શિક્ષણની એપની મોંઘી ફી ભરી ન શકે. મહત્તમ વિદ્યાર્થી જેઓને ગેજેટ્સ શિક્ષણ પરવડે છે તેવા ગરીબ વિદ્યાર્થીઓ સામે તુલનાત્મક રીતે પાછા પડી જશે. એક પ્રકારની લઘુતાગ્રંથિથી પીડાશે. આ ખાઈ પૂરી આપવાનું કામ શિક્ષણ જગતનું રહેશે. હજુ ભારતના ૬૦ ટકાથી વધુ વિસ્તારને તો બ્રોડ બ્રેન્ડનો ચાર્જ પરવડે તેમ નથી. નાના ગામો અને ગ્રામ્ય વિસ્તારના તો કનેક્ટીવીટીની પણ સમસ્યા છે. આમ ઓનલાઈન શિક્ષણ ગેજેટ્સ અને એપની પહોંચ મેળવનારા સરસાઈ ભોગવશે તેવી માનસિકતા આકાર પામતી જશે.

ભારતમાં ઓનલાઈન અને ડીજીટલ શિક્ષણનો અબજો રૂપિયાનો ભાવિ ધંધો છે. વાલીઓ પર ગેજેટ્સ, ડેટા, જીબી, વાઈ ફાઈ અને એપની તગડી ફી સંતાન દીઠ ભોગવવાનો બોજ વધતો જશે. લોકડાઉનમાં આ ઓનલાઈન ધાર્યા કરતા ઝડપથી પગપેશારો કરી ચુક્યું છે. શાળા કોલેજોએ ઓનલાઈન શિક્ષણની હરીફાઈમાં પાછા ન પડે તે પડકાર ઝીલી લેતા તેમના લેક્ચર્સને વિદ્યાર્થીઓને ઓટીટી પ્લેટફોર્મની શ્રેણી જેવો રસ જાગે તેવા બનાવ્યા છે.

હાયર એજ્યુકેશનની વાત જવા દો, નર્સરીના બાળકને ટેબ્લેટ પર શાળાઓએ તોતિંગ ફી લીધા બાદ ઓનલાઈન અભ્યાસ માટે લિંક મોકલાવી છે. શિક્ષિકા શાકવાળી બાઈ





બની માથે ટોપલો ઊંચકી વર્ગખંડમાં ફરે છે. જુદા જુદા શાકભાજી બાળક ઓળખે તે માટેનું આ આધુનિક પ્રેક્ટિકલ શિક્ષણ છે. શિક્ષિકા બહેન શાક બતાવતા રહે છે 'બટાટા, રિંગણા, ગુવાર, ટામેટા, કોબીજ, ફુલાવર શું જોઈએ છે? ઘેર સ્ક્રીન પર આ જોઈ રહેલ સાડા ત્રણ વર્ષનું બાળક કહે છે 'મારે એપલ ખાવું છે.' તો આ છે નવી શિક્ષણ પધ્ધતિ... લાઈફ ગોઝ ઓન.'

અત્યારે આપણે જ્યારે સ્કૂલની વાત કરીએ છીએ એટલે આપમેળે મગજમાં ટીચર, ડસ્ટર, બ્લેકબોર્ડ, ચોક, ટેક્સબુક, એક્ઝામ, સર્ટિફિકેટ - આ બધું ફીટ થઈ જાય છે. પરંતુ ચેન્જ ઈઝ નેચરલ.

આદિમાનવ પથ્થરથી નાળિયેર તોડીને ખાતો થયો ત્યારથી ટેકનોલોજીનો વિકાસ અટક્યો નથી. અટકવાનોય નથી. એવું સામ પિત્રોડાએ મહુવાના અસ્મિતાપર્વમાં કહેલું. એ સત્ય ''આજે'' સત્ય લાગે છે. ત્રીસ વર્ષ પહેલાં કોઈ કહેલું કે, ફોન વડે કાગળનું લખાણ બીજે મોકલાશે ત્યારે સ્વપ્ન લાગતું પણ એ આજે ફેક્સના સ્વરૂપે સત્ય જ છે ને.

વિશ્વ ૨૧મી સદીની શરૂઆતથી જ વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઉપયોગ દ્વારા પ્રગતિ કરી રહ્યું છે. શિક્ષણના સર્વાંગી વિકાસ માટે સર્વ શિક્ષા અભિયાન અથાગ પ્રયત્નો કરી રહ્યું છે. તેના ભાગરૂપે શિક્ષણ વિભાગ દ્વારા દરેક શાળાને કોમ્પ્યુટરથી સજ્જ કરવામાં આવી છે. કોમ્પ્યુટર શિક્ષણ દ્વારા શાળા સ્માર્ટ સ્કૂલ બની શકે. વિશ્વના વિકસિત દેશોમાં પ્રાથમિક સ્તરના શિક્ષણ પર વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. કોઈપણ બાળક શાળામાં દાખલ થાય ત્યારે દરેક બાળકના મા-બાપની એવી ઈચ્છા હોય કે મારું સંતાન શિક્ષણ માધ્યમથી સ્માર્ટ બને. આપણી શાળાના શિક્ષકો સ્માર્ટ વર્ક કરશે તો આપોઆપ પોતાનો વર્ગ સ્માર્ટ બનશે. વર્ગ સ્માર્ટ બનશે તો ધીમે ધીમે શાળાના તમામ વર્ગો સ્માર્ટ બનતા સમગ્ર શાળાનું કેમ્પસ સ્માર્ટ બનશે. તો આવો આપણે આ સંકલ્પનાને સાકાર કરવાના પ્રયાસમાં સામેલ થઈએ. એક પ્રચલિત વિચારને થોડી દિક્ષા આપીએ ''થાય એટલું કરું છું. પરંતુ કરીએ એટલું થાય.''

❁ સ્માર્ટ શબ્દનો અર્થ સમજીએ તો ''ત્વરિત'', ચપળ, મનમોહક વગેરે થાય. આ શબ્દના અર્થ મુજબના તમામ ગુણો શિક્ષક, વિદ્યાર્થી અને વર્ગમાં જોવા મળે તેવો વર્ગ એટલે ''સ્માર્ટ કલાસ.'' વર્ગખંડમાં પ્રવેશતા જ અન્ય વર્ગખંડ કરતા જુદો જ પડે. તેમાં અનુભવજન્ય શિક્ષણનો સમન્વય જોવા મળે. દરેક પ્રકારની કામગીરી આયોજન પૂર્વકની હોય અને કામગીરી પણ સ્માર્ટ હોય. વિષયવસ્તુના મુદ્દા સમજાવવા માટે થ્રી ડી (થ્રી ડાયમેન્શન)ના નમુના કે વીડીયો સીડી ક્લીપ કે પ્રેજન્ટેશન હોય.

❁ દા.ત. ફેફસા કે હૃદયની કાર્ય રચના.

ટીવી, સીડી, ડીવીડી, કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, સ્લાઈડ કે ફિલ્મ પ્રોજેક્ટ, પેન ડ્રાઈવ વગેરે...

❁ સોફ્ટવેર સાધનો : ઈન્ટરનેટ, શૈક્ષણિક વેબસાઈટ, વેબ મેપ, ઈ-મટીરીયલ્સ, સોફ્ટવેર આધારિત પ્રોજેક્ટ અને ગેઈમ, અભ્યાસક્રમ આધારિત પ્રેજન્ટેશન, ઓડીયો, વીડીયો મટીરીયલ્સ, યુ-ટ્યુબના માધ્યમથી વર્ગ શિક્ષણ કાર્ય, ઓ.એમ.આર. પધ્ધતિ દ્વારા મૂલ્યાંકન કસોટીની રચના અને મૂલ્યાંકન વગેરે....

❁ સ્માર્ટ કલાસની વિશેષતાઓ :

❁ જ્ઞાનને અનુભવ સાથે જોડવું.

❁ ગોખણપટ્ટીને ત્યાગ.

❁ પાઠ્યપુસ્તકથી આગળ... બહાર...

❁ સ્કીલ ડેવલપમેન્ટ.

❁ દરેક બાળકને ગણવેશ, ફોટા સાથેનું આઈ-કાર્ડ.

❁ શિસ્ત અને સંસ્કારનો સમન્વય.

❁ દરેક એકમની રોચક અને સ્વાનુભવ સાથેની રજૂઆત.

❁ એકમના અધ્યાપન સમયે જ શિક્ષક વિવિધ પ્રકારની શિક્ષણ સામગ્રીનો ઉપયોગ કરે.

❁ બાળકોને વર્ગમાં જ દરેક એકમનું અધ્યાપન અને પુનરાવર્તન કોમ્પ્યુટરના માધ્યમથી કરાવવું.

❁ બાળકોને જાતે કોમ્પ્યુટર પર કામ કરતા કરવા.

❁ જે વર્ગ અને શિક્ષકની પસંદગી સ્માર્ટ કલાસ માટે થઈ છે તે વર્ગના તમામ બાળકો અને શિક્ષકોના ફોટા સાથેના આઈ-કાર્ડ બનાવવા.

❁ બાળકોની સ્કીલ ડેવલપ થાય તેવા કાર્યક્રમોનું આયોજન કરવું.

❁ સ્માર્ટ કલાસના તમામ બાળકોને બુટ, ગણવેશથી સજ્જ કરવા.

દર માસે લેખિત અને મૌખિક કસોટી, પ્રશ્નોત્તરી, પુસ્તકાલયના પુસ્તકોનો ઉપયોગ, શૈક્ષણિક ગેઈમ, ક્વીઝ, રમત ગમતના સાધનોનો ઉપયોગ, જ્ઞાન અને કૌશલ્યવર્ધક પ્રવૃત્તિનું આયોજન થાય. જ્ઞાનને અનુભવ સાથે જોડાવું, ગોખણપટ્ટીને ત્યાગ.

સ્માર્ટ કલાસ માટે એસ.એસ.એ.ની ગ્રાન્ટ પૈકી જરૂરી રકમ સ્માર્ટ કલાસ માટે ફાળવવી. આ ગ્રાન્ટમાંથી શૈક્ષણિક

સીડી, કાગળ, પેનડ્રાઈવ, બાળકોની પ્રોફાઈલ નિભાવવી, જરૂરી સંદર્ભ સાહિત્યની ખરીદી માટે તેમજ સ્માર્ટ કલાસના વિકાસ માટે વાપરવી.

શૈક્ષણિક વેબસાઈટની યાદી બનાવવી. શાળાનો શૈક્ષણિક બ્લોગ બનાવવો અને સ્માર્ટ કલાસની પ્રવૃત્તિનો પ્રચાર અને પ્રસાર થાય, સ્માર્ટ કલાસમાં થયેલ પ્રવૃત્તિ શાળાના ડિસ્પ્લે બોર્ડમાં પ્રદર્શિત થાય તેવું આયોજન કરવું.

સ્માર્ટ કલાસમાં રોજ એક વિષયનું કોમ્પ્યુટરમાં પ્રેજન્ટેશન દ્વારા શિક્ષણ કાર્ય થાય તેવું આયોજન કરવું અને તેના માટે શાળાના અન્ય શિક્ષકોનો પણ સહયોગ મેળવવો.

સ્માર્ટ કલાસના વર્ગને નંબર નહિ પરંતુ કોઈ મહાન વિભૂતિનું નામ આપવું કે જે નામ કે મહાન વિભૂતિના ગુણો બાળકોમાં આવે અને એક અલગ પ્રકારની ફીલીંગ અનુભવે.

વર્ગના તમામ વહીવટી પત્રકો અને માહિતી કોમ્પ્યુટરમાં તૈયાર કરવામાં આવે. એટલે કે તમામ માહિતી કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવે.

દર બે માસે દરેક શાળાના આચાર્યશ્રી સ્માર્ટ કલાસની કામગીરીનું મૂલ્યાંકન કરે, શિક્ષકો તથા બાળકોની જરૂરિયાતની વિગત મેળવે. જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપે. કોઈ મુશ્કેલી હોય તો નિવારણ માટે પરિણામલક્ષી પ્રયત્ન કરવામાં આવે.

સ્માર્ટ કલાસના બાળકોનો સતત અને સમયાંતરે વાલી સંપર્ક દ્વારા શાળા સાથે જોડવાનો પ્રયત્ન કરવામાં આવે.

આ ઉપરાંત શાળા કક્ષાએ પણ જરૂરી હોય તેવી કામગીરીનું આયોજન કરીને સ્માર્ટ કલાસની પ્રવૃત્તિને વેગવાન અને સફળ બનાવવાનું આયોજન કરી શકાય.

હજી મનન વિચારોથી જ કાર્ય કરશે તેવા સાધનો આવશે અને એ માટે ઈંગ્લેન્ડની એન્જીનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો મહેનત કરી રહ્યા છે ને થોડી સફળતા પણ મળી છે. વિકાસ પામવા માટે શિક્ષણનું પ્રમાણ વધે, શિક્ષણની ગુણવત્તા સુધરે તેની આવશ્યકતા સહુ કોઈ સ્વીકારે છે. પ્રત્યેક ભારતવાસી પ્રત્યેક મા-બાપ આજે શિક્ષણમાં ટેકનોલોજીના મહત્ત્વને આજે સ્વીકાર કરે છે.

The mediocre teacher talls. The good teacher explains. The superior teacher demonstrates. The great teacher inspires.

મહાન ફિલોસોફર એરિસ્ટોટલ કહી ગયા છે કે,

Those who educate children well are more to be honored than parents, fro these only gave life, those the art of living well. નવિનીકરણ દ્વારા જ જ્ઞાનને સમૃધ્ધિમાં પલટાવી શકાય છે.

અભ્યાસક્રમના દરેક વિષયના દરેક એકમની ટેકનોલોજીના માધ્યમથી સરળ રીતે સમજૂતી વર્ગખંડમાં જ આપવી અને જરૂર મુજબ અમે આધુનિકતા સાથે અર્વાચીન શિક્ષણ પધ્ધતિ અને સંસ્કારના સમન્વયથી પણ વિદ્યાર્થીઓના જીવન ઘડતરનો અભિગમ છે.

આ મોડલના વર્ગખંડમાં પ્રોજેક્ટર, આઈઆર કેમેરા, લેપટોપ, સ્પીકર, વ્હાઈટ બોર્ડ જેવા આનુષાંગિક સાધનો ઉપલબ્ધ બનાવાયા છે. જેના દ્વારા શિક્ષણ અપાશે. તમામ વિષયોના તમામ એકમોનું ઈ-કન્ટેન્ટ ડિજિટલ સ્વરૂપમાં ઉપલબ્ધ છે. જેમાં ઈમેજ, વિડીયો, એનીમેશન, વર્ચ્યુઅલ લેબ, ડેમોન્સ્ટ્રેશન પ્રવૃત્તિઓ અને સ્વ-અધ્યયન, મૂલ્યાંકન અને સંદર્ભ સાહિત્યનો સમાવેશ થાય છે. આ ઈ-કન્ટેન્ટમાં પરંપરાગત શિક્ષણ પધ્ધતિ મુજબ વાંચન, લેખન અને સમજણયુક્ત જ્ઞાન પર પુરતો ભાર મૂકવામાં આવશે.

❁ જે વાંચતો નથી અને વાંચી શકતો નથી તેઓ સરખા છે.

❁ પુસ્તકમાં જ્ઞાન છે, પણ ધ્યાન રહે પુસ્તક એ જ્ઞાન નથી.

❁ મતલબ કે માત્ર પુસ્તકથી નહીં પણ વિજ્ઞાનનો વ્યવહારમાં ઉપયોગ કરી શિક્ષણ મેળવે તે ખૂબ જરૂરી છે. જે આજે અહીં આપણી શાળામાં સાકાર થાય છે.

❁ શિક્ષકનું અગત્યનું મિશન છે બાળ અને યુવાચિત્તને પ્રજ્વલિત કરવાનું.

❁ શિક્ષકનું જીવન તો અનેક દિપકોને પ્રગટાવવાનું છે.

❁ બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.

સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલ, વિકિપીડિયા, ઈ લર્નિંગ શીશખ્સના પધ્ધતિ, વિવિધ ગુગલ ઈમેજ, વિવિધ શિક્ષકોના બ્લોગ અને વેબસાઈટ. ❁


Mahendra M. Goggree
(M) 9821924090





**CITY STORAGE SYSTEMS** ®

**Manufacturers of**

Slotted Angles/Two Tire Rack/Heavy Duty/Racks/Loft & Mobile Racks/Trolleys/Steel Furniture/Super Market, Display Racks.

**Office : B/03, Nyay Sagar, 1st Floor, Old Nagardas Road, Opp. Post Office, Andheri (E), Mumbai-400069. E-mail : cityslotted@rediffmail.com - Website : www.cityslottedsystem.com**
**Cell : 9821924090, Tel. : 26824141, 65001097 - Tele Fax : 26834742**

લે. વૈદ્ય રામ ભારતેન્દુ શુક્લ

# ત્વચાને તડકાથી બચાવો



ભારત એક એવો સૌભાગ્યશાળી દેશ છે જયાં છ ઋતુઓ હોય છે. આ છ ઋતુઓ માનવીને પ્રકૃતિ પરિવર્તન તથા તેના પ્રભાવોનો અનુભવ કરાવે છે. ઋતુ પરિવર્તન મનુષ્યના જીવનમાં ખુશીઓ લાવી શરીરનો કાયાકલ્પ કરવામાં પણ સહયોગી બને છે. આ છ ઋતુઓમાં ગ્રીષ્મઋતુ સૌથી ભયાવહ અને પ્રચંડ હોય છે. આ ઋતુમાં ગરમી પોતાની ચરમ સીમા પર હોય છે. ભારતમાં શિયાળો હોય ત્યારે પૃથ્વી અને સૂર્યનું અંતર માત્ર પોણા ત્રણ કરોડ (૧૪૯૦૯૭૦૦૦) જેટલું જ હોય છે - છતાંયે ગરમીને બદલે ઠંડી પડે છે. બીજી તરફ જુન-જુલાઈમાં ગરમી અને વરસાદની મોસમ હોય ત્યારે સૂર્ય-પૃથ્વીનું અંતર ૧૫૨૦૯૯૦૦ કિલોમીટર હોવા છતાંયે ગરમી પડે છે. આનું કારણ શિયાળામાં પૃથ્વી ૨૩ ૧/૨ અંશ નમેલી હોય છે. તેથી સૂર્યના કિરણો ત્રાંસા પડે છે. જેથી ગરમી ઓછી અને ઠંડી વધારે પડે છે. ઉતરાયણ બાદ ધીમે ધીમે દક્ષિણ ગોળાર્ધમાં ગરમી શરૂ થાય છે. તેથી સૂર્યના કિરણો ભારત પર સીધા પડતા જાય છે તેથી આપણને ગરમી વધારે લાગે છે. વૈશાખ અને જેઠ માસમાંના બે મહિનામાં સૂર્ય પૃથ્વીથી અધિક નિકટ હોય છે. બીજું પ્રદૂષણના કારણે પણ વાતાવરણમાંના ઓઝોનનો થર પાતળો પડી ગયો છે અને એને લીધે સૂર્યપ્રકાશમાંના અલ્ટ્રાવાયોલેટ કિરણો પણ ક્યાંય રોકાયા વિના સીધા છેક જમીન સુધી આવે છે. બહાર તડકો તો એટલો બધો પડે છે કે સહેજ બહાર જઈએ એટલે શરીર તપી જાય છે અને ચામડી જાણે તાવડી પર શેકાતી હોય તેવી અનુભૂતિ થાય છે. તડકાથી માણસ માથું દુઃખશે કે તાવ આવશે તેવી ચિંતાથી ગભરાઈ જાય છે. તડકાથી ત્વચા કાળી તો નહીં પડી જાય ને? તેમ વિચારી માથે ટોપી આંખે ગોગલ્સ હાથ મોજા સનકોટ વિ. પહેરવા લાગે છે. સૂર્યપ્રકાશ પહેલાં તો સારો હતો અને ત્વચા માટે ટોનિક હતો પણ હવે સૂર્ય બદલાઈ ગયો છે અને સૂર્યકિરણો પહેલા ક્યારેય નહોતા એટલા બધા ત્વચા માટે ઘાતક નીવડે છે. બપોરના સૂર્યકિરણો ત્વચા માટે તારક નહીં પણ મારક બની જાય છે. બીજી બાબત પ્રદૂષણની છે. આપણે રોજ વાહનોમાંથી નીકળતો ધુમાડો શ્વાસમાં લઈએ છીએ તેમજ ઝેરી કીટનાશક નાખેલ શાક, ફળો, અનાજ વિ. આરોગીએ છીએ. પેટમાં કૃત્રિમ રંગો અને અનેક ઔષધો પધરાવીએ છીએ એટલે બદલાયે સૂર્ય અને બદલાયેલા આપણે આ બંનેને લીધે અનેક ત્વચારોગને નિમંત્રણ આપીએ છીએ.

**ક્યા ક્યા ત્વચા રોગ થાય?**

પ્રખર સૂર્યકિરણોમાં ફરવાથી ત્વચા પર ખંજવાળ આવવા લાગે છે. ત્વચા બળી ગઈ હોય એવી લાલ થઈ જાય છે. ત્વચા કાળી થઈ જઈ જાડી થઈ જાય છે. સતત સૂર્યપ્રકાશ પડતો રહે તે ત્વચાને 'પર સિસ્ટન્ટ લાઈટ રિએક્ટર' નામનો રોગ થાય છે. આ રોગ થયા પછી સૂર્યપ્રકાશ જરા જેટલો પણ સહન થઈ શકતો નથી. તેમજ ત્વચાનું કેન્સર થવાની શક્યતા પણ વધી જાય છે. ભારતમાં ત્વચાના કેન્સરનું પ્રમાણ નહિવત હતું પણ હવે આ પ્રમાણ પણ વધી રહ્યું છે. આપણા દેશમાં હાલ તડકાને લીધે ત્રાસ થઈ એલર્જી પછી તબીબી સારવાર સેવા આપનારાઓની સંખ્યા નિરંતર વધી રહી છે. સૂર્યપ્રકાશને લીધે વધતા ત્વચા રોગોના પ્રકાર પણ વધતા જાય છે. આ બધા રોગોના નામ ભલેને અલગ હોય પણ તેની પાછળનું કારણ તો એક જ હોય છે. અત્યારે ઘણા બધા લોકો ખરેખરા તડકામાં પણ મજબુરીવશ ટુ વ્હીલર પર ફરતા



મોજા (કોટનના) તો અવશ્ય પહેરવા. સ્ત્રીઓ સામાન્ય રીતે ચહેરા બાબત સતર્ક હોય છે, પરંતુ હાથ-પગ તરફ સ્વાભાવિક રીતે દુર્લક્ષ સેવે છે, જે બરાબર નથી. ક્રિકેટ રમતી વખતે ખેલાડીઓ નાકથી બાજુમાં મોઢા પર સફેદ થર ચોપડાં આપણે જોઈએ છીએ. તેને સનપ્રોટેક્ટર કહે છે, તે પણ શરીરનું તડકાથી રક્ષણ કરે છે.

ઘણાં લોકો ઉનાળામાં ઠંડક માટે પરફ્યુમ અથવા ડિઓડરંટ ઉપયોગમાં લે છે. પણ લગાડીને

હોય છે અને આરોગ્યહાનિમાં સપડાતા હોય છે. આવા સંજોગોમાં શરીરને પહોંચતી હાનિથી બચવા, હાનિ નિવારવાના ઉપાયો જાણી લેવા અગત્યના છે.

પ્રખર સૂર્યપ્રકાશમાં ફરતી વખતે શરીર શક્ય એટલું ઢાંકી લેવું એ ઉત્તમ ઉપાય છે. સવારે ૧૧ થી ૨ વાગ્યા સુધી વધારે પ્રખરતા હોય છે એટલે આખેઆખું શરીર ઢંકાય એવો પહેરવેશ ધારણ કરવો. શર્ટની બાંયો પણ લાંબી હોવી જોઈએ એની ઉપર પાતળા કપડાનો કોટ પહેરવો. વાહન ચલાવતી વખતે હાથ પર જ ખૂબ તડકો પડે છે એટલે હાથમોજા અવશ્ય પહેરવા અને માથે ટોપી પણ જરૂર પહેરવી. એક સામાન્ય સમજ એવી છે કે સફેદ કપડાં પહેરવાથી ગરમીનો ત્રાસ ઘટે છે પણ આ માન્યતા ખોટી છે. સફેદ કપડાથી ગરમી ઓછી થાય એ વાત તો સાચી પણ સફેદ કપડા પરથી પરાવર્તિત થનારા કિરણો આંખ તથા શરીરના અન્ય ભાગ માટે ત્રાસદાયી બની શકે છે. એટલે કેપ એટલે ટોપી ભલેને સફેદ હોય પણ કપડાં તો હલકા કલર (લાઈટ કલર)ના જ પહેરવા. બીજી મહત્ત્વની વાત એ છે કે કપડાં પણ વજનમાં હલકા કે પારદર્શક જેવા ન પહેરવા. એનાથી સૂર્યકિરણો અંદર જઈ શકે છે. કપડું જાડુ અને ઝીણું અને વણેલું હોય તો વધુ સારું રહે. કપડાના રંગ અને રબ્બરને લીધે થાય છે. તડકામાં બહાર નીકળતી વખતે કપડાં કેવાં પહેરવા તે મહત્ત્વની બાબત છે. સ્ત્રીઓ માટે ઢીલા સલવાર-કમીઝ આદર્શ પોષક છે. આ પોષાકથી શરીરનો ઘણોખરો ભાગ ઢંકાયેલો રહે છે. બાંયો લાંબી હોવી જરૂરી છે અથવા તો સનકોટ પહેરવો એ પણ સફેદ કલરનો નહિ પણ આછા રંગનો હોવો જોઈએ. ચંપલ પહેરવાથી પગ ખુલ્લા રહે છે, એટલે સેંડલ વાપરો કે બુટ,

તરત સૂર્યપ્રકાશમાં જવાથી, તે ખુલ્લી ત્વચામાં જે જગ્યાએ લગાડેલું હોય તે ભાગ સીધો સૂર્યપ્રકાશના સંપર્કમાં આવે એટલે નિશ્ચિત પ્રમાણમાં ત્રાસ થાય જ છે. એટલે પરફ્યુમ કપડા પર ભલે લગાવો પણ સીધી ત્વચા પર તો ન જ લગાવો. કહેવાતા જંતુનાશક સાબુ લગાડ્યા પછી પ્રખર તાપમાં જવાનું ટાળવું. કંકુ પણ ત્વચાને ત્રાસદાયી પ્રસાધન છે. આવી વસ્તુ કપાળે લગાડવાથી તેનો દરજ્જો જ એવો હોય છે કે તે લગાડવાથી એ સ્થાન પર સૂર્યપ્રકાશ પડવાથી તરત ખંજવાળ આવે છે, ત્વચા લાલ થઈ જાય છે, ફોડકી પણ થાય છે. કપાળે કેસર-ચંદનનો ચાંદલો કરવો સુરક્ષિત છે પણ કેસર ચંદન શુધ્ધ જરૂરી છે. આર્ટિફિશિયલ નહીં. ટેટ્રાસાયકલીન જેવા ઔષધો ચાલુ હોય ત્યારે અને ત્યાર પછી સૂર્યપ્રકાશમાં જવાનું ટાળવું. વિશેષ કરીને બ્લડપ્રેશર માટેના ઔષધો લેનારે તો સૂર્યપ્રકાશમાં જવાનું ટાળવું જ જોઈએ. આવા ઔષધ લેનારાઓ માટે સૂર્યપ્રકાશ ત્વચા પર ઘાતક અસર બનાવી શકે છે. ટ્યુબલાઈટના પ્રકાશથી પણ સૂર્યપ્રકાશ જેવો ત્રાસ થઈ શકે છે. ટ્યુબલાઈટના પ્રકાશમાં પણ અલ્ટ્રાવાયોલેટ કિરણો હોય છે. ટ્યુબ પર કલર ચડાવી અથવા તેના પર બટર પેપર વિ.લગાવી સમસ્યાનું નિરાકરણ કરી શકાય છે. ત્વચાને નિરોગી રાખવા માટે સૌથી સારો આહાર ગાજરનો છે. કાચા ગાજર ભરપુર પ્રમાણમાં ચાવી-ચાવીને ખાવાથી ત્વચાના રોગોમાં રાહત મળી જાય છે. કૃત્રિમ ઠંડા પીણા પણ ત્વચા માટે હાનિકર્તા નીવડી શકે છે એટલે બને ત્યાં સુધી તે પીવાનું ટાળવું. ઘરમાં પણ કે ઓફિસમાં ફ્રિજનું ઠંડુ પાણી બને ત્યાં સુધી ન જ પીવું. શિયાળામાં ખરીદેલા માટલાનું ઠંડુ પાણી જ પીવું.

## ૧લી મે : વિશ્વમાં શ્રમિકોની એકતા અને અધિકારનો દિવસ

# મે દિન

■ ભરત‘કુમાર’ પ્રા.ઠાકર, વૃન્દાવન નગર, અંજાર (કચ્છ) ૯૪૨૭૨ ૨૩૧૫૦

દર વર્ષે દુનિયામાં પહેલી મેનો દિવસ ‘મે દિન’ સ્વરૂપે મનાવવામાં આવે છે. કારખાનામાં કામ કરતા દુનિયાભરના મજદૂરોના ‘અધિકાર દિવસ’ તરીકે એ ઉજવાય છે. એટલા માટે ૧લી મેનો દિવસ વિશ્વભરમાં ‘મજૂર દિન’ (લેબર ડે) તરીકે પણ ઓળખાય છે.

આપણે ત્યાં ‘મે ડે’ છે, પણ વિશ્વ સમસ્ત જે રીતે એ દિવસ ઉજવે છે એ રીતે આપણે ઉજવતા નથી. ઘણાંને તો આ ‘મે ડે’ શું છે એ પણ ખબર હોતી નથી. ‘મે દિવસ’ મનાવવાની પાછળ રક્તરંગી ઈતિહાસ વણાયેલો છે. અમેરિકામાં શિકાગો શહેરના ‘હે માર્કેટ સ્કવેર’માં એ ઘટના બની હતી.



### ઐતિહાસિક પૃષ્ઠભૂમિકા

યુરોપના દેશોમાં થયેલી ઔદ્યોગિક ક્રાંતિના પગલે માલિક અને મજૂર એમ બે વર્ગ પડ્યા. ૧૮૩૮માં અમેરિકાના કારખાનામાં માલિકો મજદૂરો પાસેથી એટલું કામ લેતા કે ઘણી વખત મજૂરો બેહોશ થઈ જતા. તેઓને દરરોજ ૧૯ થી ૨૧ કલાક કામ કરવું પડતું. જો તેમ ન કરતા તો તેમની મજૂરી કાપી લેવામાં આવતી.

લગભગ બે દાયકા લગી મિલમાલિકોનું આવું વર્તન ચાલુ રહેતાં મજદૂરો પરેશાન થઈ ઉઠ્યા. તેઓએ પોતાના શોષણ વિરુધ્ધ અવાજ ઉઠાવ્યો. અમેરિકાના રાષ્ટ્રીય મજૂર સંઘે ઓગસ્ટ, ૧૮૬૬માં પોતાના અધિવેશનમાં એવી માંગણી મૂકી કે દિવસના ચોવીસ કલાકોમાંથી આઠ કલાક મજૂરીના, આઠ કલાક સામાજિક કાર્યના અને આઠ કલાક વિશ્રામ માટે નિશ્ચિત હોવા જોઈએ.

યુનિયનની આ ઘોષણાથી મજદૂરોનું જોમ વધ્યું અને ધીરે ધીરે આ માંગણી જોર પકડવા લાગી. આંદોલનનું કેન્દ્ર બનેલા શિકાગોમાં રોજેરોજ દેખાવો થવા લાગ્યા. ફેક્ટરી માલિકો સામે મજદૂરોએ વિદ્રોહનો લલકાર કર્યો.

### રક્તરંજિત કામદાર ક્રાંતિ

મજૂરો પાસેથી આઠ કલાકનું કામ લેવાના ઉદ્દેશ સાથે મેક્કોર્મિક ફાર્મ મશિનરી કંપનીના શ્રમિકોએ ૧લી મે, ૧૮૮૬ના ઐતિહાસિક દિવસે શિકાગો ખાતે હડતાળ પાડીને ગુલામીની જંજીરો તોડવાનો શંખનાદ ફૂંક્યો હતો. ૩જી મેના દિવસે એક સાથે લગભગ ૪૫ હજાર કામદારો માર્ગો પર નીકળી આવ્યા.

મજૂર નેતાઓના પ્રવચનો બાદ સભા પૂરી થવા આવી હતી, ત્યાં જ પોલીસ ચોકમાં આવી અને સામૂહિક હત્યાકાંડની કરુણ ઘટના સર્જાઈ. પોલીસે કામદારોને ડંડાઓથી પીટ્યા પછી ગોળીઓ વરસાવી દેતાં આઠ મજૂરો માર્યા ગયા હતા તથા કેટલાય ઘાયલ થયા. એકાએક ત્યાં પોલીસ ઉપર કોઈકે

બોમ્બ ઝીંકી દેતાં પોલીસે દેખાવકારો પર ગોળીઓ વરસાવી.

સેંકડો મજૂરોનું લોહી રેડાયું અને ત્યારથી કામદારોનો ઝંડો લાલ રંગનો થયો. અનેકોને પકડવામાં આવ્યા અને દાવા ચાલ્યા. તેમાં કેટલાય મજૂર નેતાઓને આજીવન કેદની સજા થઈ અને ચાર કામદારોને ફાંસીએ લટકાવી દેવાયા. પરંતુ આંદોલન અટક્યું નહિ.

### કામદાર કલ્યાણના કાયદા

૧૪મી જુલાઈ, ૧૮૮૯ના આંતરરાષ્ટ્રીય સમાજવાદી મજદૂર મહાસભાએ કામના આઠ કલાકની માંગને દોહરાવી. તે સાથે આ સંસ્થાએ પહેલવહેલો ઠરાવ કરીને પછીના વર્ષે અર્થાત્ ૧લી મે, ૧૮૯૦ને વિશ્વભરમાં 'મજદૂર દિવસ' તરીકે મનાવવામાં એલાન કર્યું.

ત્યારથી શ્રમજીવી વર્ગના ન્યાયી હક્કોની પ્રાપ્તિ માટેના સંઘર્ષ અને બલિદાનની સ્મૃતિમાં દર વર્ષે ૧લી મેના દિવસે 'મે દિન' કે 'મજૂર દિવસ' (અંગ્રેજીમાં 'મે ડે') તરીકે વિશ્વભરમાં ઉજવવામાં આવી રહ્યો છે. તે વખતે મજૂર કાયદા અને શ્રમિક એકતાનો અભાવ હતો. પરિણામે મજૂરોના ભોગે માલિકો વધુ સમૃધ્ધ થતા હતા.

ત્યારબાદ કામના કલાકો નિયત કરવા, વાજબી વેતન આપવા, કામની સ્થિતિ સુધારવા ઠેકઠેકાણે આંદોલનો થતાં રહ્યાં. વર્ષો જતાં કામદારો-કર્મચારીઓને લાભદાયક અનેક કાયદા રચાયા. બોનસ પ્રથા અને પ્રોવિડન્ટ ફંડ યોજના લાગુ થઈ. સામ્યવાદી દેશોમાં તો કામદારોની ભાગીદારી પ્રથા પણ અમલમાં આવી.

### શ્રમિક એકતાની ઉજવણી

સમાજવાદ અને સામ્યવાદના સિધ્ધાંતો સ્વીકારતી પ્રજામાં ૧લી મે મહેનતકશ લોકોના 'મહા દિન' (ધ ગ્રેટ ડે) તરીકે ઉજવાય છે. જર્મન લેખક કાર્લ માર્ક્સે (૧૮૧૮-૮૩) 'કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો'માં લખ્યું છે : 'જગતના શ્રમિકો એક થાઓ. તમારે ગુલામીની જંજીરો સિવાય કશું જ ગુમાવવાનું નથી.' આમ, આ દિવસ વિશ્વના મજદૂરોના ઐક્યનો દિવસ છે.

રશિયામાં સામ્યવાદી પક્ષની દોરવણી હેઠળ 'મહાન ઓક્ટોબર સમાજવાદી ક્રાંતિ' (૧૯૧૭) થઈ અને વ્લાદિમિર ઈલિયિચ લેનિન (૧૮૭૦-૧૯૨૪)ની રાહબરી તળે દુનિયાનું પ્રથમ કામદાર કિસાન રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. તે પછી રશિયામાં પ્રથમ 'મુક્ત શ્રમિકોત્સવ' ૧લી મે, ૧૯૨૦ના ઉજવાયો હતો.

આપણા દેશમાં 'મે દિન' ૧૯૨૬થી મનાવવામાં આવી રહ્યો છે. ગુજરાતમાં ૪થી ડિસેમ્બર 'મજૂર દિન' તરીકે ઉજવાય છે. જ્યારે અમેરિકામાં સપ્ટેમ્બરનો પ્રથમ સોમવાર 'લેબર ડે' (શ્રમ દિવસ) તરીકે મનાવાય છે. તો, ૨૮મી એપ્રિલ 'કાર્યસ્થળે શ્રમજીવીની સલામતી અને સ્વાસ્થ્યના વૈશ્વિક દિવસ' (વર્લ્ડ ડે ફોર સેફટી એન્ડ હેલ્થ એટ વર્ક) તરીકે ઉજવાય છે.

### બાળકોનો તહેવાર પણ ખરો !

'મે દિન' શ્રમજીવીઓ ઉપરાંત બાળકોનો પણ રંગારંગ ઉત્સવ છે. આ દિવસે ઈંગ્લેન્ડના કેટલાક પ્રદેશોમાં લોકો બાળકો માટે 'મે પોલ' નામનો ધ્વજ ઊભો કરે છે. ચીનમાં આ દિવસે બાળકો રંગબેરંગી પોશાક પહેરી એક હાથમાં પીળાં પુષ્પોનો ગુલદસ્તો પકડી ગોળ ઘેરામાં નૃત્ય કરે છે.

જર્મનીમાં આ દિવસે 'આલસેસ' નામક સ્થળે એક વિશાળ સરઘસ નીકળે છે. તેમાં એક યુવક સફેદ કપડાં પહેરી ચાલે છે અને તેનું મોં કાળું રંગેલું હોય છે. તેની પાછળ નાનાં બાળકો પોતાના હાથમાં ઝાડની ડાંખળી પકડીને ચાલે છે. અહીં વૃક્ષની ડાળીઓને 'મે પોલ'નું રૂપ માનવામાં આવે છે.

આ દિવસે આપણા દેશના કેટલાક ભાગોમાં 'ફૂલહરા બીજ' નામનો તહેવાર મનાવવામાં આવે છે, જેમાં છોકરીઓ ફૂલો લઈને સગાંવહાલાંની દુકાનો-ઘરો પર જાય છે. જેના બદલામાં તેઓને ઈનામ રૂપે કંઈક મળે છે. એવો જ એક ઉત્સવ ૨૮મી એપ્રિલના રોમની 'પુષ્પદેવી' (ફ્લોરા)ની યાદમાં મનાવવામાં આવે છે. અત્યારે આ પર્વના સ્થાને જ 'મે દિવસ' ઉજવવાનું મનાય છે.

### આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન

'આઈ.એલ.ઓ.'ના મિતાક્ષરે ઓળખાતું 'ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનિઝેશન' (આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન) વિશ્વસંસ્થા 'યુનો'નું એક વિશિષ્ટ અંગ છે. પુરોગામી લીગ ઓફ નેશન્સ (રાષ્ટ્રસંઘ)ની સ્થાપના સાથે જ ૧૧મી એપ્રિલ, ૧૯૧૯ના અસ્તિત્વમાં આવેલી આ સંસ્થા ૧૯૪૬થી યુનોની ખાસ એજન્સી તરીકે હક્ક ભોગવે છે. સરકારો, માલિકો અને મજૂરસંઘોને સાંકળતી આ સંસ્થાનું મુખ્યમથક જિનિવા (સ્વિટ્ઝર્લેન્ડ)માં છે અને તેના વર્તમાન મહાનિયામક ગાય રાઈડર (બ્રિટન) છે.

સંસ્થાપક સભ્ય અને ૧૯૨૨થી કાયમ સભ્ય તરીકે ભારત આ સંગઠનના સાથે ઘનિષ્ઠપણે જોડાયેલું છે. આઈ.એલ.ઓ. અને ભારતે સાથે મળીને ઘણાં ક્ષેત્રો (ખાસ કરીને માનવશક્તિ અને આર્થિક વિકાસ, વ્યાવસાયિક સુરક્ષા અને સ્વાસ્થ્ય, મહિલા અને બાળમજૂરી, વ્યાવસાયિક પ્રશિક્ષણ, સામાજિક સલામતી, શ્રમિકશિક્ષણ વગેરે)માં વ્યાપક સહકાર સાધ્યો છે.

તેના સુવર્ણજયંતી પ્રસંગે ૧૧-૪-૧૯૬૯ના વીસ પૈસા

મૂલ્યની, અમૃત જયંતી પ્રસંગે ૧-૫-૧૯૯૪ના છ રૂપિયા મૂલ્યની તથા શતાબ્દી પ્રસંગે ૨૨-૧-૨૦૨૦ના પાંચ રૂપિયા મૂલ્યની એમ ત્રણ ખાસ ટપાલ ટિકિટો પણ ભારતે બહાર પાડી છે.

### 'મે દિન' અને કચ્છ

આઝાદી પહેલાં પણ કચ્છમાં ખાસ કરીને માંડવીમાં 'મે દિન' મનાવવામાં આવતો હતો, જેમાં તે સમયના કામદાર આગેવાનો ડૉ.જયંત ખત્રી (૧૯૦૯-૬૮), ઝુમખલાલ મહેતા (૧૯૧૦-૯૪), ડૉ.મનુભાઈ પાંધી (૧૯૧૪-૮૪), નૌશીર દસ્તુર (૧૯૧૬-૭૨), ઈસ્માઈલભાઈ ઘાંચી વગેરે 'મે ડે'ની ઉજવણીમાં ભાગ લેતા. કચ્છમાં અન્ય સ્થળોએ 'મે દિન'ની મહત્તા અને તેની ઉજવણી અંગે ત્યારે બહુ ઓછા લોકોને જાણકારી હતી.

આઝાદી બાદ કંડલા મહાબંદરનો વિકાસ થતાં માંડવી બંદર પર બંદરીય પરિચાલન ઘટ્યું અને ડૉ.જયંત ખત્રીની પ્રેરણાથી અરુણકાંત શાહ (૧૯૩૩-૨૦૧૧) કંડલા ખાતે મજૂર સંગઠન ક્ષેત્રે પ્રવૃત્ત થયા. કંડલા બંદર પર અનેક કામદાર મંડળોમાં 'કંડલા પોર્ટ વર્કર્સ યુનિયન' સૌથી જૂનું અને મુખ્ય છે. તેની સ્થાપના ૧૯૫૫માં 'કંડલા પોર્ટ એમ્પ્લોઈઝ યુનિયન' તરીકે થઈ હતી. ૭મી માર્ચ, ૧૯૬૫થી તે 'કંડલા પોર્ટ વર્કર્સ યુનિયન' (આઈટુક) તરીકે ઓળખાય છે.

વિશ્વ મજૂર દિવસની ઉજવણી પ્રસંગે ૧લી મે, ૧૯૭૪ના નવા કંડલા ખાતે તેની નવનિર્મિત ઈમારતનું સામ્યવાદી પક્ષની ગુજરાત શાખાના મંત્રી સુબોધભાઈ મહેતા (૧૯૨૮-૨૦૧૭)ના હસ્તે ઉદ્ઘાટન થયું હતું અને તેને 'ડૉ.જયંત ખત્રી સ્મારક ભવન' (મેમોરિયલ બિલ્ડિંગ) એવા નામકરણ સાથે મજદૂરોને સમર્પિત કરાયું હતું. કંડલા બંદર ખાતે કાર્યરત અન્ય મુખ્ય મજૂર સંગઠનોમાં ટ્રાન્સપોર્ટ એન્ડ ડોક વર્કર્સ યુનિયન (એચ.એમ.એસ), કંડલા પોર્ટ એન્ડ ડોક એમ્પ્લોઈઝ યુનિયન (એચ.એમ.એસ./ડૉ.શાંતિ પાટિલ), કંડલા પોર્ટ કર્મચારી સંઘ (ઈન્ટુક) વગેરેનો સમાવેશ થાય છે.

### આ દિવસના અન્ય પ્રસંગો

૧લી મેનો દિવસ કામદારોના 'મે ડે' ઉપરાંત અન્ય દૃષ્ટિએ પણ પ્રાસંગિક બની રહે છે. ભાષાવાર પ્રાંતરચનાને પગલે ૧લી મે, ૧૯૬૦ના જૂના મુંબઈ રાજ્યમાંથી 'ગુજરાત' અને 'મહારાષ્ટ્ર' એવા બે નવા રાજ્યોનું સર્જન થયું. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (એસ.ટી.) પણ આ દિવસે સ્થપાયું છે.

તો, સંસ્થા કોંગ્રેસ, જનસંઘ, જનતાદળ, લોકશાહી કોંગ્રેસ અને ભારતીય લોકદળ એમ પાંચ રાજકીય પક્ષોની એકતા દ્વારા બનેલો 'જનતાપક્ષ' પણ ૧લી મે, ૧૯૭૭ના અસ્તિત્વમાં આવ્યો હતો, જેનું પછીથી 'ભારતીય જનતા પક્ષ'માં રૂપાંતર થયું. ✽

*With Best Complimants*

KALYANJI RAMBHIA PARAS RAMBHIA








- B.P.MACHINE
- GLUCO METER
- WHEEL CHAIR
- NEBULIZER
- AIR BED
- MORNING WALKER
- PULSE OXYMETER
- ADULT DAIPPER
- HOT WATER BAG
- HEATING PAD
- WEIGHT SCALE
- WATER BED

**FORTUNE SURGICALS**

C/004, SUPATH-2, NEAR OLD VADAJ BUS STAND,
ASHRAM ROAD, USMANPURA, AHMEDABAD-380013
PH.27560480 M.9375022555

# શ્રી પ્રવર્તક પદ પ્રદાન પુનિત પ્રસંગોત્સવ અહેવાલ

## ફાગણ સુદ-૬, શનિવાર તા.૨૫-૨-૨૦૨૩



શામળાની પોળ (રાયપુર ચકલા) અમદાવાદ મધ્યે શ્રી મન્નાગપુરીય બૃહદ તપાગચ્છમાં (વર્તમાન શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ) વિ.સં.૧૯૯૩ના જેઠ સુદ-૪ના પ.પૂ.મુનિ શ્રી સાગરચંદ્રજી મ.સા.ને આચાર્યશ્રી વલ્લભસૂરિ મ.સા.ના પ્રશિષ્ય આચાર્ય શ્રી ઉમંગસૂરિજી મ.સા.ના વરદ્ હસ્તે ‘આચાર્ય’ પદ પ્રદાન કરવાનો કાર્યક્રમ શ્રી અમદાવાદ પાર્શ્વચંદ્ર ગચ્છ દ્વારા આયોજન કરાયેલ હતો.

વિ.સં.૧૯૯૦માં શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈ શાહે અમદાવાદ મુકામે બોલાવેલ સાધુ સંમેલનમાં શ્રી પાર્શ્વચંદ્રસૂરિ ગચ્છના પ્રતિનિધિ તરીકે પ્રથમ ૭૨ની અને પછી ૩૦ની કમિટિમાં નીમવામાં આવ્યા. વિવિધ પ્રશ્નો ઉપર દિવસો સુધી ચર્ચા ચાલી. જેમાં પૂજ્યશ્રીએ રસપૂર્વક ભાગ લઈને પોતાના કિંમતી સૂચનો આપ્યા જે ઉપયોગી થઈ પડ્યા. આથી છેવટે ૯ની કમિટિમાં પણ તેમને આપે જ કરવામાં આવ્યા. આઠ આચાર્યો અને ૯મા મુનિ સાગરચંદ્રજી મ.સા. આ સંમેલને પટ્ટકરૂપે કરેલા ઠરાવો પર પૂજ્યશ્રીની મહોર છાપ હતી. ભારતભરના સંઘોમાં એ પટ્ટકો પહોંચી તેઓ લોકપ્રિય બની ગયા હતા. પૂજ્યશ્રીની યોગ્યતા જોઈને અન્ય આચાર્યોએ તેમને પદ્સ્થ કરવા અનુરોધ કરતા શ્રી અમદાવાદ પાર્શ્વચંદ્ર ગચ્છે અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક આચાર્ય પદ પ્રદાનનો કાર્યક્રમ ગોઠવ્યો.

વર્ષો બાદ શ્રી અમદાવાદ પાર્શ્વચંદ્ર ગચ્છને પદવી પ્રદાન કરવાનો લહાવો મળ્યો. આ વખતે પ્રવર્તક પદવીનો યોગ બન્યો. પ્રવર્તક એટલે ધર્મના ક્ષેત્રે ધર્મના પ્રવર્તન કરાવનાર બહુજન હિતાય-બહુજન સુખાય ને અનુલક્ષી ધર્મનો પ્રચાર પ્રસાર કરનાર. વહીવટી ક્ષેત્ર પોતાના ગચ્છ સમુદાયમાં વ્યવસ્થાનો પ્રવર્તન કરાવનાર. વિવિધ અનુભવોમાંથી પસાર થયેલ દીર્ઘ દીક્ષા પર્યાયવાળો સાધક એ માટે યોગ્ય ગણાય.

પ્રશાંતમૂર્તિ મુનિરાજ શ્રી સુયશચંદ્રજી મ.સા.ના લઘુશિષ્ય મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજી મ.સા. આવા પ્રવર્તક પદ માટે યોગ્ય જણાતા શ્રી અમદાવાદ તેમજ મુંબઈના શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છ જૈન સંઘો અમદાવાદ મુકામે આ પદવી પ્રદાન કરવાનો આયોજન કર્યો. શ્રી સંઘની વિનંતી સ્વીકારી પદ પ્રદાનનું મુહૂર્ત તેમજ પદ પ્રદાનની વિધિ કરાવવા પ.પૂ.આચાર્ય શ્રી અશોકસાગરસૂરિજી મ.સા.એ સહર્ષ સંમતિ આપી શ્રી સંઘ ઉપર અનુગ્રહ કરેલ છે.

ફાગણ સુદ-૪ (તા.૨૩-૨-૨૩)ના કપડા રંગવાનો તેમજ ફાગણ સુદ-૫ (તા.૨૪-૨-૨૩)ના છાબ ભરવાનો કાર્યક્રમ રહ્યો.

ફાગણ સુદ-૬ને શનિવાર તા.૨૫-૨-૨૩ના નીચે મુજબનો કાર્યક્રમ રહ્યો.

સવારે ૬ કલાકે જિન મંદિરે સમૂહ સ્નાત્ર, ૭ કલાકે ભક્તામર, બૃહદશાંતિ, ગુરુ એકત્રીસા, ભૈરવાષ્ટક આદિ પાઠ

સવારે ૮ કલાકે નવકારશી, ૯.૩૦ કલાકે પ.પૂ.આચાર્યશ્રી અશોકસાગરસૂરિનું સામૈયું. સામૈયા વખતે છાબમાં તમામ ઉપકરણો લઈ માથા પર છાબ લઈ ફરવાનો લાભ આદિત્ય કૌશલ ગુલાબચંદ શાહ પરિવારે લીધેલ.

સવારે ૧૦ કલાકે ક્રિયા વિધિ, બપોરના ૩ કલાકે શ્રી પાર્શ્વપંચ કલ્યાણ પૂજા શ્રીમતી સાવિત્રીબેન વસંતલાલ દેઢિયા તરફથી

રાત્રે ૯ કલાકે ભક્તિ ભાવના કાર્યક્રમનો સંચાલન સંગીત સહ શ્રી જીગરભાઈ જે. શાહે સુંદર રીતે કર્યું.



સા.શ્રી વીરભદ્રાશ્રી મ.સા.
સા.શ્રી રાજ્યશાશ્રી
સા.શ્રી પુનિતકલાશ્રી ઠા.૭

ચઢાવાના લાભાર્થીઓ

ઓઘો અર્પણ - રૂા.૧,૫૧,૦૦૦ સંઘવી શ્રી સુનિલ ચોરડીયા - હ. સંજય ચોરડીયા

વસ્ત્ર અર્પણ - રૂા.૫૧,૫૫૧ સંઘવી શ્રી સુનિલ ચોરડીયા - હ.સંજય ચોરડીયા

પ્રવર્તક પદ નામકરણ - રૂા.૫૧,૫૫૧ સંઘવી શ્રી સુનિલ ચોરડીયા - હ.સંજય ચોરડીયા

આસન અર્પણ - રૂા.૧,૨૬,૧૨૬ - પ.પૂ.પુન્યરત્નચંદ્રજી મ.સા.ના આશીર્વાદથી શ્રી પુન્યકુંજ વિહારધામ

વર્ધમાન વિદ્યા પટ્ટ અર્પણ - રૂા.૫૪,૧૫૪ વીરેન્દ્ર બાંઢિયા - નેહલ ગાંધી

મંત્ર પોથી અર્પણ - રૂા.૫૪,૦૫૪ વીરેન્દ્ર બાંઢિયા - નેહલ ગાંધી

નવકારવાળી અર્પણ - રૂા.૩૧,૧૩૧ શ્રીમતી સાવિત્રીબેન વસંતલાલ દેઢિયા ગામ-ટુન્ડા કચ્છ

કામળી અર્પણ - રૂા.૫૪,૦૫૪ શ્રી જહાજ મંદિર ટ્રસ્ટ શંખેશ્વર

વાસક્ષેપ બટવો - રૂા.૩૬,૦૩૬ શ્રીમતી વીરબાળા સૂર્યકાંત શાહ

ગુરૂ પૂજન - રૂા.૨૬,૦૨૬ મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજીના સંસારી પરિવારજનો

દાદા ગુરૂની અસીમ કૃપાથી એકંદરે ધાર્યા કરતાં સવાયું થયું.

પદવી પ્રસંગે ઉપસ્થિત સાધુ-સાધ્વી સમુદાય

શ્રી તપગચ્છીય સાધુ-સાધ્વી

આ.શ્રી અશોકસાગરસૂરિ આદિ ઠા.૩ (સાગરનંદ સમુદાય)
મુનિશ્રી નયશેખરવિજયજી (ભક્તિસૂરિ સમુદાય)
સા.શ્રી કલ્પરત્નાશ્રી (નેમિસૂરિ સમુદાય)
સા.શ્રી અક્ષતપૂર્ણાશ્રી (નેમિસૂરિ સમુદાય)
સા.શ્રી સત્ત્વપૂર્ણા શ્રી (નેમિસૂરિ સમુદાય)
સા.શ્રી ઉપરામકલાશ્રી ઠા.-૨ (ભક્તિસૂરિ સમુદાય)
સા.શ્રી મૈત્રીરત્નાશ્રી ઠા.-૨ (ભક્તિસૂરિ સમુદાય)

શ્રી પાર્શ્વચંદ્ર ગચ્છીય

મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજી મ.સા.
મુનિશ્રી પુણ્યરત્નચંદ્રજી મ.સા.
મુનિશ્રી ધર્મરત્નચંદ્રજી મ.સા.
સા.શ્રી સુદક્ષાશ્રી મ.સા. ઠા.-૨
સા.શ્રી સુનન્દિતાશ્રી ઠા.-૨

■ **ગુલાબચંદ ધારશી રાંભિયા - અમદાવાદ**





Greeting Cards

| | |
|---|---|
| Books, Music, Movies | Watches, Clocks, Electronics |
| Photo Albums, Photo trames | Fine Writing Pens, Stationeries |
| Ties, Wallets, Belts, Cufflinks | Ceramlcs, Crystals, Stonewares |
| Perfumes, Cosmetics, Jewelery, Leather Bags | Posters, Prints, Frames |
| Plants, Murals, Handicrafts | Lamps, Water-fountains, Name-plates |
| Trophies, Plaques, Awards | Games, Toys |

Satyam Collection
When you want to express your emotions
J.Tata Road, Nr.Eros, Churchgate, Mumbai. P : 22854703 / 04 - C : 9820596961
Ghantali, Vishnu Nagar, Thane (W). P : 25408714 / 25424224
e : info@satyamcollection.com

# વર્તમાન સમયની અનિવાર્ય આવશ્યકતા સ્માર્ટ શિક્ષણ

■ દિનેશ લ.માંકડ (નિવૃત્ત આચાર્ય)



સમાજવિદ્યાના શિક્ષક જગદીશભાઈએ ભણાવવાનું શરૂ કર્યું, 'જુઓ આપણા ભારત દેશમાં કુલ ૨૬ રાજ્યો છે.' છેલ્લી પાટલીએ બેઠેલા કનુથી ન રહેવાયું, 'સાહેબ ૨૬ નહિ ૩૦ રાજ્યો છે.' શિક્ષક અકળાયા. 'બેસ છાનોમાનો. જોઈલે આ ચોપડી, પાંચ વર્ષથી આ ભણાવું છું. ચોપડી સાચી કે તું સાચો?' કનુ અટક્યો નહિ, 'સાહેબ ગુગલમાં તો ૩૦ રાજ્યો બતાવે છે. હશે જે હશે તે.' તેમ કહી જગદીશભાઈએ પાઠ પૂરો કરી નાખ્યો.

કોઈપણ વસ્તુને ઝડપી બતાવવા માટે પહેલાં ઘોડાવેગે શબ્દ વપરાતો હવે રોકેટગતિ શબ્દ વપરાય છે. દુનિયા દોડે છે વેપાર, વ્યવસાય, શિક્ષણ, સંશોધન બધું જ ખૂબ ઝડપે દોડે છે. એમાંય શિક્ષણ તો એ બધાંનું પાયાનું અંગ છે એટલે શિક્ષણનું આધુનિકરણ તો થાય તેટલી ઝડપે થવું જ જોઈએ. ત્રીસેક વર્ષ પહેલાં એક સહકાર્યકર શિક્ષક મિત્ર પોતાના નિકટ સ્નેહીને ઘેર, એક વિકસિત દેશમાં ગયેલા. આવીને પોતાના અનુભવ કહેવા લાગ્યા, 'ત્યાં મારા જે સ્નેહીને ઘેર ઉતર્યો હતો તેના સંતાનો ગૃહકાર્ય પણ કમ્પ્યુટરમાં કરે અને પ્રીન્ટ કાઢીને લઈ જાય.' હવે આપણા દેશમાં આજે આ નવું નથી પણ આ વાત એ વિકસિત દેશની ત્રીસ વર્ષ પહેલા મિત્રના સ્વમુખે સાંભળેલી છે.

હજુપણ કેટલાકના મનમાં 'જૂનું એટલું સોનુ'ના વિચારવાળી ચીલાચાલુ અને જૂની ઢબે અપાતું શિક્ષણ જ સારું છે. એ માન્યતા છે પણ એ ઉચિત નથી જ. સમગ્ર વિશ્વની બધી જ ઘટના અને સ્થિતિ ક્ષણે ક્ષણે બદલાય છે. ત્યારે શિક્ષણમાં સૌથી ઝડપી પરિવર્તન અતિ આવશ્યક છે. અનિવાર્ય પણ છે. સ્માર્ટ શિક્ષણ આજના યુગમાં પ્રાથમિક જરૂરિયાત જ છે.

સ્માર્ટ શિક્ષણના અનેક વિશેષ પાસાં પણ ધ્યાન ખેંચે તેવા છે. સ્માર્ટ શિક્ષણ, શિણના નવા આયામોથી અપડેટ તો રાખે જ છે. વિશ્વમાં થતાં સતત નવાં સંશોધનથી માહિતગાર રાખે છે. અહીં સમયનું મૂલ્ય ખૂબ વધે છે. શરૂમાં ઘડી અને પળ, પછી મિનિટ અને સેકન્ડમાં સમય મપાતો. હવે સેકન્ડના પણ ભાગો પાડીને 'નેનો સેકન્ડ'નો સમય આવી ગયો છે. ટૂંકમાં દરેક ક્ષણ અને ક્ષણના ભાગનું મૂલ્ય સ્માર્ટ શિક્ષણ બતાવે છે, જેના કારણે વ્યક્તિ કે યંત્રની મહત્તમ ક્ષમતાનો ઉપયોગ થાય. સામાન્ય લગતી આ વાત હકીકતમાં ખૂબ જ અસરકારક છે.

વિદ્યાર્થી, શિક્ષક અને Alertness - જાગરૂકતા અને સ્માર્ટનેસ ચપળતા ખૂબ વધશે. જેને કારણે જિજ્ઞાસા અને સ્પર્ધાત્મક દૃષ્ટિકોણમાં ખૂબ ખૂબ વધારો થશે. શિક્ષણ પોતે એક સતત બદલાતી સંશોધન પ્રક્રિયા છે. ખાસ કરીને વિજ્ઞાન અને ગણિતની શાખાઓ, ખગોળ અને અવકાશ વિજ્ઞાન વગેરેમાં તો ખાસ ઈન્ફર્મેશન અને ટેકનોલોજી (આઈ.ટી.) ક્ષેત્રની હરણફાળે તો શિક્ષણનું સ્વરૂપ જ બદલી નાખ્યું છે. કમ્પ્યુટર, ટેબ્લેટ અને અન્ય ડિજિટલ સંસાધનની શોધ આજના શિક્ષણને સ્માર્ટ બનાવવા માટે ખૂબ આશીર્વાદ રૂપ બન્યા છે.

ગુગલ ગુરુ તો આજના તમામ શિક્ષકોને ટક્કર માટે તેવા છે. માહિતીના ક્ષેત્રમાં ગુગલ અને એના જેવા બીજા સ્રોતે કમાલ કરી નાખી છે. માત્ર પુસ્તકીયું જ્ઞાન એ હવે જૂનો શબ્દ થઈ ગયો. પુસ્તકનો કેટલાંક વર્ષો પહેલાં પ્રકાશિત થયું હોય, ત્યાર પછી તો અનેક શોધ સંશોધન થઈ ગયા. જેનો સમાવેશ પુસ્તકમાં ન હોય. એનો મતલબ એ તો નથી ને કે વિદ્યાર્થી એ શોધ સંશોધનથી અજ્ઞાત રહે.

આ માટે જરૂર પડે નૂતન દૃષ્ટિકોણ રાખનારા અને જિજ્ઞાસુ

શિક્ષકોની. જાગૃત શિક્ષક પોતાના ફરજના સ્તર અનુસાર સંપૂર્ણપણે જાણકાર હોવો જોઈએ. પૂરો જિજ્ઞાસુ હોવો જોઈએ. શિક્ષકને પણ પૂરું ગૃહકાર્ય કરવું પડશે. એવું પણ બની શકે કે ક્યારેક શિક્ષક કરતાં વિદ્યાર્થી વધારે જાણતો હોય. વર્તમાન શિક્ષણ પધ્ધતિની નવી સંકલ્પના અનુસાર હવે શીખવવા કરતાં 'જાતે શીખવાની' સેલ્ફ લર્નિંગની આવી છે. વિદ્યાર્થીની જિજ્ઞાસા વધારે ઉત્તેજિત થાય તે માટે તેને જાતે પ્રયત્ન કરવાની પ્રેરણા આપવાની છે. તેની સ્ફુરણા શક્તિ વધે તે માટે તૈયાર કરવાના છે. પણ સ્વાભાવિક છે તેની પૂર્વધારણા અનુસાર એ માટે શિક્ષકે પોતે વધારે તૈયાર રહેવું પડશે. એટલું જ નહિ નવા શિક્ષકોની ભરતી વખતે પણ શિક્ષકની તેજસ્વીતા અને તેની આ શક્તિને ધ્યાનમાં લેવી જ પડશે. તો જ શિક્ષણ સાચા અર્થમાં શિક્ષણ સ્માર્ટ બની શકશે.

એટલું જ નહિ પણ વિદ્યાર્થી અને વાલીને પણ નવી ટેકનોલોજીથી પરિચિત અને પ્રેરિત કરવા પડશે. કેટલીય વાર 'અગવડ, અવસર' બનીને આવે. કોરોનાકાળ ઘણી રીતે નુકસાનકારક રહ્યો પણ ઓનલાઈન શિક્ષણની ઉભી થયેલી આવશ્યકતાએ શિક્ષણ જગતને એક નવી દિશા આપી.

સ્માર્ટ શિક્ષણ માટેની અન્ય આવશ્યકતા શાળાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની છે. સરકાર પોતાની મર્યાદામાં સહાય કરે પણ શાળા પોતે સમય સાથે ચાલવા પહેલ વૃત્તિ ધરાવતી હોય તેને પોતાના સંસાધનોને આધુનિક ઓપ આપવો જ રહ્યો. જેવા કે ડિજિટલ સાધનો સાથેની આધુનિક પ્રયોગશાળા, ઈ-લાયબ્રેરી વગેરે. પાટિયું શબ્દ હવે ભૂતકાળ બનવાનો છે. સ્માર્ટ કલાસ પહેલી આવશ્યકતા બનશે. તમામ જરૂરિયાત પૂર્ણ કાર્ય પછી પણ સમયે સમયે તેમાં કશુંક ઉમેરતા જ જવું પડશે. કારણ કે આ યુગ રોકેટ ગતિનો ઝડપી યુગ છે અને જરા અટક્યા તો જોજન દૂર પાછળ રહી જવાશે.

સ્માર્ટ શિક્ષણ માટે સમાજનો સહકાર પણ એટલો જ જરૂરી છે. પોતાના સંતાનો અને પોતાના સંતાનોની શાળા, પોતાના ગામની શાળા પણ સ્માર્ટ બને તે માટે સમાજે આર્થિક રીતે પણ આગળ આવવું પડશે. સ્માર્ટ શિક્ષણ માટેનો ટીકાત્મક અને નકારાત્મક ભાવ છોડવો પડશે.

સ્માર્ટ શિક્ષણ અનિવાર્ય છે અને ઉપયોગી પણ છે છતાં તેને અપનાવતા અપનાવતા કેટલીક લાલબત્તી પણ ધરવી તો પડે જ. શાક અને ફળ સમારવા છરી ચપ્પુની શોધ થઈ પણ એ જ છરી કોઈને શારીરિક નુકસાન પણ કરી શકે. સ્માર્ટ શિક્ષણની સાથે વૈશ્વિક જ્ઞાન સ્રોત ઉમેરાશે. માહિતીના ભંડાર સામે આવશે. ખાસ ખ્યાલ એ રાખવો પડશે કે તેમાંથી કેટલું સત્ય, વ્યવહારુ અને અમલીકરણ થઈ શકે તેમ છે. આંધળું અનુકરણ ન થાય તે જોવું જ પડશે.

બે વર્ષના બાળકને ૧૦૦ મીટર દોડમાં ન ઉતારાય. આપણી એક કહેવત છે. 'બકરું કાઢતાં ઊંટ પેઠું.' સ્માર્ટ શિક્ષણ જરૂર અપનાવવાનું છે, પણ અવનવા પ્રયોગો કરવા જતાં અધૂરો અભ્યાસ, શિસ્ત અને શિક્ષણની પાયાની સંકલ્પનાઓને અન્યાય ન થઈ જાય તે જરૂર જોવું પડશે. સાથે સાથે માનવીય તત્ત્વ અને મૂલ્ય પણ ન ભૂલવા જોઈએ.

વિદ્યાર્થીની સામે ટેકનોલોજીના સાધનો આવશે. કમ્પ્યુટર, ટેબ્લેટ, મોબાઈલ છે. પરિપક્વ કે અપરિપક્વ ઉંમરે આ સાધનોનો જો યોગ્ય ઉપયોગ ન હોય તો તેના ઘણા ભયસ્થાનો છે. એમાં પણ ક્યારેક માહિતી કે અભ્યાસ ખોટી દિશામાં જાય તો ખોટું શીખાય. અભ્યાસ વિક્ષેપ થાય અને આંખ, શરીર વગેરેના નુકસાન તો ખરાં જ. કાળજી ન લેવાય તો સમય વેડફાઈ જવાની શક્યતા પણ પુરી.

સ્માર્ટ શિક્ષણમાં ધીમે ધીમે વ્યક્તિ કરતાં સાધનની ઉપયુક્તતા વધતી જાય. એટલે માનવીય ભાવના, લાગણી વગેરેથી નાતો તૂટતો જાય. આ ખૂબ અનુચિત છે. શિક્ષકની આંખમાં રહેલી લાગણી અને ગુસ્સો વિદ્યાર્થીના જીવન ઘડતરનો ભાગ બનતો હોય છે. વિદ્યાર્થીની ભૂલોનું નિર્દેશન અને સિધ્ધિઓની કદર તેના જીવનમાં યાદગાર બને. સ્માર્ટ શિક્ષણમાં પ્રવેશેલો સંસાધન આમાનું કશુંય નહિ આપી શકે. આખરે માણસ માણસ છે.

આપણી રાજ્ય સરકારે ઘણા વર્ષો પહેલાં જ શિક્ષકો માટે કમ્પ્યુટર જ્ઞાનની સીસીસી પ્રમાણપત્રની પરીક્ષા ફરજિયાત કરી. દુઃખની વાત એ છે હજારો આળસુ શિક્ષકો એ તૈયારી કરી, પરીક્ષા આપવાને બદલે માન્ય સંસ્થામાં ઉચ્ચક લાંચ રકમ આપીને પ્રમાણપત્ર મેળવી લીધું ! છે ને આપણા સ્માર્ટ શિક્ષકો ! આ શિક્ષકો એ ભૂલી ગયા કે એમણે સરકારનો, શિક્ષણ જગતનો સમાજનો તો દ્રોહ કર્યો જ છે પણ પોતે એમના પોતાના પરિવાર સંતાનો પાસે તે અભણ ગણાશે. કારણ કે આ બાબતમાં એમના જ સમયમાં એમના જ સંતાનો એમનાથી વધારે જ્ઞાની હશે.

એટલું ચોક્કસ છે કે સમયની માંગ છે. આવશ્યક છે. વિશ્વ પણ એ સ્માર્ટ શિક્ષણની દિશામાં દોડી રહ્યું છે. સદ્નસીબે ભારતદેશ પણ હવે નવી દિશાઓમાં ક્યાંય પાછળ રહે તેમ નથી એટલે સ્માર્ટ શિક્ષણ પણ સફળ થઈને જ રહેશે. વધારે સારી વાત તો એ છે કે, કોઈ સ્વીકારે કે ન સ્વીકારે બુધ્ધિ કૌશલ્યમાં દુનિયા આખીમાં ભારત દેશ જ તેજસ્વી છે. આપણા શાસ્ત્રો અને ઈતિહાસ પાસે તો તેના અનેક પુરાવા છે જ. એક વખત સ્માર્ટ શિક્ષણની દિશા, ગતિ પકડાયાં એટલે સમજો કે ભારત જ વિશ્વગુરુ બનીને રહેશે. જુઓને અત્યારે પણ તેના સુખદ પરિણામોની શરૂઆત પણ દેખાતી થઈ છે. આવો સાથે મળીને સ્માર્ટ શિક્ષણને સહર્ષ સ્વીકારીએ અને સ્વવિકાસ અને રાષ્ટ્ર વિકાસના ભાગીદાર બનીએ.

અસ્તુ. ❁

# ડૉ.કવિતા (મીરાં) સચદેની ૨૯મી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલી

**(અમારા પ્રતિનિધિ તરફથી)**

ભુજ શિક્ષણ, સંસ્કાર અને સેવાના ત્રિવેણી સંગમ સમાન ડૉ.કવિતા (મીરાં) સચદેની ૨૯મી પુણ્યતિથિ પ્રસંગે દિવંગત મહિલા તબીબની સેવાઓને શ્રધ્ધાંજલિ આપવા માટેનો કાર્યક્રમ આજરોજ ડૉ.કવિતા (મીરાં) સચદે સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે યોજવામાં આવ્યો હતો.

પ્રારંભમાં મેનેજિંગ ટ્રસ્ટી ઉર્મિશ સચદેએ સ્વાગત પ્રવચન કર્યું હતું. હિરેન સચદેએ અતિથિ વિશેષ ડૉ.શ્રી કાન્તીભાઈ ગોર ''કારણ''નું તથા મહેન્દ્રભાઈ ચોથાણીએ કાર્યક્રમના પ્રમુખ શ્રી જયંતિભાઈ જોષી 'શબાબ'નું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું. મંચસ્થ મહાનુભાવોના વરદ્ હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સૌ વતી અતિથિ વિશેષશ્રી તથા પ્રમુખશ્રીએ ડૉ.કવિતા (મીરાં) સચદે, દિવંગત શારદાબેન જેઠી તથા નરેશ અમુલખરાય પાઠકના તૈલચિત્રોને ફુલહાર કરી શ્રધ્ધાંજલિ આપી હતી. શારદાબેન જેઠી પરિવારના કલ્પેશ જેઠીનું જ્યારે નરેશભાઈ પાઠક પરિવારના પાર્થભાઈ પાઠકનું શાલથી સન્માન કરવામાં આવ્યું હતું.

સંસ્કૃત પાઠશાળાના બાળકોને ધાર્મિક શિક્ષણ આપવા માટે ભગવદ્ ગીતા, ગાયત્રી ચાલીસા, હનુમાન ચાલીસા તથા સુંદરકાંડ પુસ્તકો જયશ્રીબેન હાથી તથા વત્સલાબેન શુકલને આપવામાં આવેલ હતા.

ગોકુલ આર્ટસ કોલેજ, માંડવી માટે ડૉ.કવિતા (મીરાં) સચદે સ્મૃતિ ચકલીઘર તથા કુંડા પ્રો.કાર્તિક દર્શક અંતાણીને સુપ્રત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે BHMSના ચોથા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કુ.દેવાંશીબા એમ. જાડેજા-તલવાણા તથા કલ્પેશસિંહ બી. રાઠોડ-ખોભંડી, ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા કુ.સંગીતા જે. જણસારી-ભુજ તથા પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં કુ.અદિતી બી. ભાનુશાલી-અબડાસાને અતિથિ વિશેષ ડૉ.કાન્તીભાઈ ગોરના વરદ્ હસ્તે ડૉ.કવિતા (મીરાં) સચદે મેમોરીયલ સ્કોલરશીપ્સ એનાયત કરવામાં આવેલ હતી.

BHMSના ચોથા વર્ષમાં કુ.અનુશ્રી ટી. પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-પ્રથમ તથા પારૂલ યુનિવર્સિટી, વાઘોડીઆ-પ્રથમ, કુ.દષ્ટિ જી.ગઢીઆ, એચએસસી સાયન્સ (સ્ટ્રીમ-એ) કચ્છ પ્રથમ આદિત્ય એન. મહેતા, ગાંધી પ્રચારક પ્રતિભાશાળી શિક્ષક કુ.કેશા એસ. છાયા તથા સામાજિક કાર્યકર રાખી આર.અંજારિયાને પ્રમુખ જયંતિભાઈ જોષી 'શબાબ'ના વરદ્ હસ્તે ડૉ.કવિતા (મીરાં) સચદે મેમોરીયલ એવોર્ડઝ એનાયત કરવામાં આવ્યા હતા.

માતૃછાયા કન્યા વિદ્યાલય એસએસસીમાં પ્રથમ કુ.વિધી જે. વાઘેલા, લોહાણા સમાજ વિદ્યાર્થીનીઓમાં એચએસસી સામાન્ય પ્રવાહમાં પ્રથમ કુ.યશ્વી જે. પુજારા તથા વિદ્યાર્થીઓમાં એચએસસી સાયન્સ પ્રવાહમાં પ્રથમ વરૂણ એ. ઠક્કરને મહેશભાઈ ઠક્કરના વરદ્ હસ્તે, લોહાણા સમાજ વિદ્યાર્થીનીઓમાં એસએસસી ગર્લ્સમાં પ્રથમ કુ.આર્ચી ડી. ઠક્કર, જયારે બોયઝમાં પ્રથમ મીત આર. ઠક્કર, ગાંધી જીવન ઝાંખી પરીક્ષા જિલ્લા પ્રથમ કુ.વિદ્યા પી.વાળંદને વરિષ્ઠ એડવોકેટશ્રી વલ્લભભાઈ ગણાત્રાના વરદ્ હસ્તે, જયારે ગાંધી જીવન સ્મૃતિ પરીક્ષા જિલ્લા પ્રથમ કું. દેવેશી એ. વોરા, દ્વિતીય કુ.ત્રિવા કે. અપારનાથી જ્યારે ગાંધી વિચાર પ્રવેશ પરીક્ષા જિલ્લા પ્રથમ કુ.વૃંદા પરમારને હિતેષભાઈ ઠક્કરના વરદ્ હસ્તે, ગાંધી જીવન ઝાંખી કચ્છ- પ્રથમ કુ.બંસી ભાનુશાલી તથા કુ.પ્રિયલ કે. ગોરને તથા ગાંધી જીવન સ્મૃતિ કેન્દ્ર પ્રથમ કુ.હસ્તી પી. ગોરને ડૉ.મહેન્દ્ર ઠક્કરના વરદ્ હસ્તે તેમજ ગાંધી વિચાર પ્રવેશ કેન્દ્ર પ્રથમ કુ.અંજલિબેન માળીને, રાષ્ટ્રભાષા રત્ન પ્રથમ કુ.ખુશ્બુ એન. સરવૈયાને તથા રાષ્ટ્રભાષા કોવિદ પ્રથમ કુ.ધ્યાનિ ડી. ગોસ્વામીને ઝવેરીલાલ સોનેજીના વરદ્ હસ્તે ડૉ.કવિતા (મીરાં) સચદે મેમોરીયલ એવોર્ડઝ એનાયત કરવામાં આવ્યા હતા.

પ્રમુખ સ્થાનેથી મૂર્ધન્ય સાહિત્યકાર જયંતિભાઈ જોષી 'શબાબ'એ જણાવેલ કે, ''ડૉ.કવિતા (મીરાં) જેવા વિરલ તબીબો જનકલ્યાણ અને નિસ્બત ઉમેરી સામાન્ય દવાઓને અસામાન્ય બનાવી દર્દીના જીવનમાં શુભ, લાભ અને અમૃત ઉતારતા હોય છે. સ્વ.નરેશભાઈ અમુલખરાય પાઠકે કવિતાની સારવારને શ્રેષ્ઠ શ્રધ્ધાંજલિ આપતાં પ્રતિવર્ષે કરેલી રૂદ્રી, સચદે પરિવાર અને સદ્ગતના આત્માને શાતાદાયક બની રહી. દિવંગત શારદાબેન જેઠી ડૉ.કવિતા સાથેની ગાંધીધામ મધ્યેની હાજરી માણસાઈની મહેક બની રહી. સ્વ.શિવદાસભાઈ પટેલનું નિરંતર આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવું તથા વી.આર.મહેતાની મીઠી ઉઘરાણી કે ખૂબ વરસજો, ખૂબ વિરસજો. અમે ખૂબ તરસ્યા છીએ યાદ આવતાં સ્વજનો ગુમાવ્યાની વેદના ઉભી રહે છે. એમને ભાવભીની શ્રધ્ધાંજલિ.''

આ પ્રસંગે પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, લલિતભાઈ કોટક, અનિલભાઈ અજાણી, ડી.પી.ઠક્કર, જે.આર.મહેતા, મલ્હાર બુચ, દિલીપ વૈદ્ય, નટુભાઈ વ્યાસ, રણજીતસિંહ ભાટ્ટી, ચંદ્રવદન ધોળકિયા, કૃષ્ણકાંત ભાટીયા, હરેશ તન્ના, અનવર નોડે, વિજયભાઈ સચદે તથા પુષ્પાબેન વૈદ્ય, કમળાબેન ઠક્કર તથા પુષ્પાબેન સચદે વગેરેએ હાજરી આપી હતી.

વરૂણ ઉર્મિશ સચદેએ આભાર વિધિ કરી હતી. કાજલબેન ઠક્કરે સૂત્ર સંચાલન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા હિરેન સચદે, રમેશભાઈ ભાનુશાલી તથા નિલેશ સોલંકીએ સંભાળી હતી. ❁

# સમાચાર વિભાગ

# બૃહદ કચ્છ વર્તમાન

સંપાદક : ભાવેશ ફુરિયા

## સોનારડા ગામે માનવતાના મસીહા રત્નશેખરસૂરિશ્વરજી મહારાજાના ૬૦મા જન્મદિને પૂજન-હવન યોજાયેલ



ગુજરાતના પાટનગર ગાંધીનગર સમીપે આવેલ સોનારડા ગામે તપાગચ્છાધિપતી પ.પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન માનવતાના મસીહા પ.પૂ.આ.શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના ૬૦મા જન્મદિન પ્રસંગે તપાગચ્છાધિષ્ઠાયક શ્રી માણિભદ્રવીર દાદાનું ૧૦૦૮ આહુતિ યુક્ત પૂજન-હવન સંગીતના સથવારે યોજાયેલ. જેમાં પૂજ્ય મુનિરાજશ્રી નયશેખર વિજયજી મ.સા. અને પૂજ્ય મુનિરાજશ્રી પુન્યશેખર વિજયજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં યોજાયેલ. પૂજ્ય ગુરુદેવના ૬૦માં જન્મદિવસ નિમિત્તે ૬૦ પરિવારોને રાશન કીટ અર્પણ, ગાયોને ઘાસ ચારો, છ ગામોમાં પરમાત્માને આંગી, છ ગામોમાં સ્કૂલના બાળકોને નાસ્તો, છ ગામોમાં આવડાનું નિર્માણ થશે, છ ગામોમાં ચબુતરાનું નિર્માણ થશે. શ્રી માણિભદ્રવીર દાદાની પ્રત અને ગુરૂ રત્નશેખરસૂરી ગુરુ પાદુકા પૂજન પ્રત બાર પાડવામાં આવશે. આ પ્રસંગે આમંત્રિત મહાનુભાવો તરીકે શ્રીમાન રજનીભાઈ પટેલ, શ્રીમાન પ્રશાંતભાઈ કોરાટ, શ્રીમતિ ભાનુમતીબેન મકવાણા, શ્રીમતી કવિતાબેન દેઢિયા, શ્રીમતી જીજ્ઞાબેન શેઠ, શ્રીમાન કશ્યપભાઈ જાની, શ્રીમાન કુલદીપભાઈ સંઘવી, શ્રીમાન કુલીનભાઈ દેઢિયા, શ્રીમાન વિજયભાઈ મકવાણા, જીગરભાઈ શાહ, સંજયભાઈ શાહ, પરેશભાઈ શાહ, નિલેશભાઈ જોટંગીયા, બજુ પાંચણી, કુમારભાઈ શાહ, પંકજભાઈ સોમાણી વિગેરે ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ઉપસ્થિત આમંત્રિત મહાનુભાવો અને દાતા પરિવારોનું ટ્રોફી, શાલ અને છોડ આપી સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે વિવિધ વિસ્તારોમાંથી ગુરુભક્તો ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે ૬૦ રૂા.નું સંઘ પૂજન કરવામાં આવેલ.

## ઉનાળામાં પાણી સમસ્યા ન ઉદ્‌ભવે તેવી વ્યવસ્થા કરવા તાકીદ

અબડાસા પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં તાલુકા સંકલન અને ફરિયાદ સહ સમિતિની બેઠકમાં તાલુકાના ગામોમાં ઉનાળાના દિવસોમાં પાણીના પ્રશ્ને ચિંતા વ્યક્ત કરી એક પણ ગામમાં પાણીની સમસ્યાનો સામનો લોકોને કરવો ન પડે તેવી વ્યવસ્થા ગોઠવવા સંબંધિત વિભાગના અધિકારીને તાકીદ કરવામાં આવી હતી.

પ્રાંત અધિકારી દેવાંગ રાઠોડે તાલુકાના દરેક સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરીને તેમના વિભાગના પ્રશ્નોની ચર્ચા કરી હતી અને સૂચના આપી હતી કે, સત્વરે રજૂ થયેલા વિવિધ પ્રશ્નોનો જવાબ કરવામાં આવે. ઉનાળામાં અબડાસાના કોઈપણ ગામમાં પીવાના પાણીના પ્રશ્નો ન સર્જાય તે બાબતે સિંચાઈ વિભાગ અને પાણી પુરવઠા વિભાગને સૂચન કરવામાં આવ્યા હતા.

બેઠકમાં મામલતદાર ડૉ.અમિત ચૌધરી, તાલુકા વિકાસ અધિકારી હસમુખભાઈ ના.કા.ઈ. પંચાયત ડી. એમ.સાજા, નલિયા પી.એસ.આઈ. વી.આર.ઉલ્વા, કોઠાર પી.એસ.આઈ. વાય. પી. જાડેજા, રેન્જ ફોરેસ્ટ ઓફિસર એ.એસ.સોલંકી, રેન્જ ફોરેસ્ટ ઓફિસર કે.એમ. રાઠોડ, સેક્શન ઓફિસર એસ.ડી.ચૌધરી, બીઆરસી કો-ઓર્ડિનેટર એલ.ટી.જાડેજા, ફિશરીઝ અધિકારી સહિતના વિવિધ વિભાગના તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ૧૦૨ ચેકડેમ માંડવી અને મુંદ્રામાં બાંધવાનો સોનલધામથી પ્રારંભ

કાઠડા ગામે સોનલધામના વિશાળ પટાંગણમાં માંડવી અને મુંદ્રાને નંદનવન બનાવવાના સંકલ્પ સાથે માંડવીના ધારાસભ્ય અનિરુધ્ધભાઈ દવેએ ૫૧ ચેકડેમો માંડવી વિસ્તારમાં અને ૫૧ ચેકડેમો મુંદ્રા વિસ્તારમાં એક સાથે બાંધવાના વિરાટ આયોજનને શ્રીફળ વધેરી શાસ્ત્રોક્ત વિધિથી પ્રારંભ કરાવતાં જણાવેલ કે, ૧૧.૨૫ કરોડના ખર્ચે કુલ ૨૧૬ વિવિધ કામો કરવામાં આવશે.

સોનલ શતાબ્દી વર્ષની ઉજવણી માના ધામમાં પ્રકૃતિની પૂજા કરી મા જગદંબાને સ્મૃતિ સ્વરૂપે અર્પણ કરેલ. તેઓએ ગામે-ગામ સોનલ સરોવર બનાવવામાં આવે અને તેની સાથે સોનલ સ્મૃતિવનનું નિર્માણ કરવા જણાવી તળાવની ફરતે વૃક્ષોનું વાવેતર કરવા તથા તળાવની બ્યુટીફિકેશન માટે બાંકડાની સુવિધાઓ ઉભી કરવા જણાવી તે માટે પોતાની ગ્રાન્ટની ફાળવણી કરવા ખાત્રી ઉચ્ચારેલ જેને ઉપસ્થિતિઓએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધેલ.

જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન મહેન્દ્રભાઈ ગઢવીએ જલ હે તો કલ હેના સુત્રને આગળ ધરી પાણી બચાવવા જાગૃત થશું તો આવનારી પેઢી જળસંકટથી બચી શકશે. દરેક ગામની સક્રિય થઈ પાણી-બોરના નિષ્ણાંતો સાથે બેઠકો યોજી સરકારની સુજલામ સુફલામ યોજનાને સાર્થક કરવા આહવાન કરી ધરતી માતા સાથે આધ્યાત્મિક આનંદ માણવા જણાવેલ, તેઓએ સમસ્યા સાર્વજનિક હોય તો ઉકેલ પણ સાર્વજનિક હોવો જોઈએ. બધાએ સાથે મળી પડકારોના પ્રકાર બદલવા અભિગમ કેળવવા જણાવી, પોતાનો સહયોગ આપવા ખાત્રી ઉચ્ચારેલ.

માંડવી તાલુકા ભાજપ પ્રમુખ શાબ્દિક સ્વાગત કરેલ. સિંચાઈ વિભાગના વિશાલભાઈ ગઢવીએ પ્રસંગ પરિચય આપતાં સુજલામ સુફલામ યોજના ૨૦૧૮ થી કાર્યરત છે. તેમાં ૨૦૨૩માં સિંચાઈ વિભાગના ૨૧૬ કામો ૧૧.૨૫ કરોડના ખર્ચે ૩૧મે સુધી કરવાની નેમ વ્યક્ત કરેલ. જિલ્લા પંચાયત સદસ્યાએ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી શુભેચ્છા પાઠવેલ. કાર્યક્રમ સ્થળ પર જ વિવિધ ગામોને વર્ક ઓર્ડરો આપવામાં આવ્યા હતા.

## પુનડી ગામમાં મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન

પુનડી ગામને સામાજિક, ધાર્મિક અને સેવા પ્રવૃત્તિઓથી ધમધમતું રાખનારા એસપીએમ પરિવાર પુનડી અને આજુબાજુના ૨૫ ગામના લોકો માટે આરોગ્ય ક્ષેત્રે પદાર્પણ કરી આજે બેનશ્રી ઝવેરબેન ભીમશી છેડા (એસપીએમ)ની સ્મૃતિમાં પુનડી મેડિકલ સેન્ટરનો આરંભ કર્યો છે. પુનડી મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરતાં જે.વાય.એફ.ના સ્થાપક અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના યુવા ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણિયાએ દાતા પરિવારની આરોગ્ય સેવાની ભાવનાને બિરદાવતાં જણાવ્યું કે, હાઈવે પર નિર્માણ કરવાથી દર્દીઓને સારવારાર્થે પહોંચવું સુગમ થશે.

આ અવસરે શ્રી મામણિયાએ આ આરોગ્યધામને


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ફોન ઘર : ૨૪૦૯૨૦૪૩/૨૪૦૭૬૪૧૮

**શ્રી ઓધવાનંદ જ્યોતિષ મંગલ કાર્યાલય**

**સંચાલક : રાજગુરુ હિંમતલાલ ઉત્તમરામ મોતા, જ્યોતિર્વિદ, બી.એ.એસ. - મો.-૯૩૨૨૧૦૩૪૪૫**

**રાજગુરુ હરેશ હિંમતલાલ મોતા, જ્યોતિર્વિદ, બી.કોમ.-મો.-૯૩૨૪૩૯૯૫૭૫ - રાજુભાઈ મો. : ૯૩૨૪૫૨૭૪૨૭ - સચીન મો. : ૯૯૩૦૩૭૨૪૬૨ જન્માક્ષર, વાસ્તુ, ગૃહપ્રવેશ, લગ્ન મુહુર્ત તથા અન્ય મુહુર્તો, લગ્ન રજીસ્ટર્ડ વિધી, જૈન લગ્ન વિધી, રાશી મેળાપક, લગ્ન વિધી, ધાર્મિક કર્મકાંડ, વૈદિક મંત્ર જાપ, જયેષ્ઠનક્ષત્ર, મૂળનક્ષત્ર, આશ્લેષનક્ષત્ર, વૈધૂતિયોગ, વ્યતિપાતયોગ, વદી ૧૪ અમાવાસ્ય ભારી વેરાઘડી શાન્તીપૂજા વગેરે ક્રિયાઓ કરનાર. ચંડીપાઠ, નવચંડી, શિવરૂદ્રાભિષેક, સત્યનારાયણ મહાપૂજા, કુંભ વિવાહ, અર્કવિવાહ, વિષ્ણુ વિવાહ, ભૂમિ પૂજન, નવગ્રહ શાંતી, નવગ્રહ જાપ, નવગ્રહ રત્ન સિધ્ધિ તથા જાપ, યંત્ર સિધ્ધિ પૂજા કરનારા.**

**૨૮૨/૪, સેવાકુંજ, જયશંકર યાજ્ઞીક માર્ગ, હિમાલય હોટલ પછી, સન્મુખાનંદ હોલની બાજુમાં, જનતા અને મેઘદૂત સ્ટોરની બાજુમાં, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.**

જે.વાય.એફ. તરફથી તેમની સાથે સંકળાયેલા વિવિધ સ્પેશિયાલિટી ધરાવતા ૨૫ જેટલા ડૉક્ટરની અનુકૂળતા મુજબ સેવા અપાવવાની ખાતરી આપતાં ઉમેર્યું હતું કે, ઓપરેશનલાયક દર્દીઓના ઓપરેશન ભુજ સ્થિત જી.કે.જનરલ-અદાણી હોસ્પિટલ ખાતે કરાવી આપવાનું આયોજન ગોઠવાયું છે. તો એક્સ-રેની ઉપલબ્ધ સુવિધાને ભુજની કચ્છ રેડિયોલોજી સાથે કોમ્પ્યુટરાઈઝ સંલગ્ન કરી ત્યાંથી તજજ્ઞના રિપોર્ટ આવશે જેની અહ પ્રિન્ટ કાઢી નિદાન કરાશે.

હોસ્પિટલ નિર્માતા એસપીએમ પરિવારના શ્રેષ્ઠી પ્રવીણભાઈ છેડાએ જણાવ્યું હતું. તેમના બહેન ઝવેરબેન ભીમશી છેડાની સ્મૃતિમાં નિર્મિત પુનડી મેડિકલ સેન્ટર પુનડી અને આસપાસના ૨૫ ગામના દર્દીઓ માટે આરોગ્યમથક બનાવવા ધીમે ધીમે સુવિધાઓ વધારાશે. હાલે આંખના દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂર જણાશે તો બિદડા સર્વોદય ટ્રસ્ટની હોસ્પિટલ ખાતે એસપીએમના ખર્ચે ઓપરેશન કરાવી આપવામાં આવશે. વિઝિટિંગ ડૉક્ટરની સેવા પણ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબધ્ધતા દર્શાવી હતી.

માંડવી તાલુકાના જાણીતા તબીબ ડૉ.મૃગેશભાઈ બારડે હોસ્પિટલ વિશે માહિતી આપતાં જણાવ્યું કે, સવારે ૮ થી ૯.૩૦ સુધી તેઓ અને સવારે ૮થી સાંજે ૬ વાગ્યા સુધી ડૉ.જીતેન નાકર સેવા આપશે.

હોસ્પિટલ સંકુલ વિશે જણાવ્યું કે, અદ્યતન સુવિધા-સાધનોસભર નર્સિંગ હોમ, એક સ્પેશિયલ રૂમ, એક ઈમરજન્સી રૂમ, બે જનરલ બેડ તો સાધુનિક સુવિધામાં કાર્ડિઓ માટે ઈસીજી, એક્સ-રે, મલ્ટિ પેરામીટર, ઓક્સિજન કોન્સન્ટ્રેટર, બ્લડ ટેસ્ટ માટે પેથોલોજી લેબોરેટરી વગેરે ઉપલબ્ધ છે.

ચાર્જ અંગે ઉમેર્યુ કે, લેબ સેવા, બોટલ, એક્સ-રે સાવ રાહતદરે, નિદાન વિનામૂલ્યે સાથે બે દિવસની દવા ૨૦ રૂપિયાના ટોકન દરે અપાશે. જેથી આસપાસના ગામના લોકોને તબીબી સેવા-નજીકમાં મળી રહેશે.

પુનડી મેડિકલ સેન્ટરના ઉદ્‌ઘાટન સમારોહમાં કોમલભાઈ છેડા, નવીનભાઈ છેડા, કિશોરભાઈ નંદુ, મુકેશભાઈ ગંગર, સરપંચ મહેન્દ્રસિંહ જાડેજા, રામદેવસિંહ જાડેજા અને સર્વે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

❁

■ **ઔર મકાન...!**

કે.એલ. સાયગલે એક ગીત ગાયું : ‘‘એક બંગલા બને ન્યારા’’... દરેક માનવીની એક ઈચ્છા - એક નમણું-શમણું હોય - નાનકડું પણ પોતીકું ઘર હોય ! એમાંય દાદાના જમાનાના ઘરમાં જન્મીને મોટા થયેલા માટે તો ખંડેર જેવા ઘરમાં બાળપણ સચવાયેલું અનુભવાય. સૌથી સુંદર-મજબૂત ઘર સુઘરીનું ! (ને સૌથી ખરાબ...લઘરીનું?) મકાન તો ઘણાં બનાવે છે, પણ મંદિરની ઉચ્ચ કક્ષાએ ‘ઘર’ની રચના કરનારા તો ભાગ્યશાળી ! જ્યાં પહોંચી ‘હાશ’ અનુભવાય તે ધરતીનો છેડો ઘર !

## કચ્છ રચના

**ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે ‘કચ્છ રચના’ પત્ર અંગે માહિતી**

**ફોર્મ - ૪**

(૧) **પ્રકાશનનું સ્થળ :** ૩૩૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧.

(૨) **પ્રકાશનની સામાયિકતા :** માસિક

(૩) **મુદ્રકનું નામ :** ભવાનજી રામજી ગાલા
**રાષ્ટ્રીયતા :** ભારતીય
**સરનામું :** ૮૦૧, રત્નમણિ ટાવર, આઠમે માળ, એમ.એમ.જી.એસ.માર્ગ, ૯૫, નાયગામ ક્રોસ રોડ, રેલ્વે સ્ટેશન પાસે, દાદર (ઈ.), મુંબઈ-૪૦૦૦૧૪.

(૪) **પ્રકાશનનું નામ :** ભવાનજી રામજી ગાલા
**રાષ્ટ્રીયતા :** ભારતીય
**સરનામું :** ઉપર પ્રમાણે

(૫) **તંત્રીનું નામ :** ભવાનજી રામજી ગાલા
**રાષ્ટ્રીયતા :** ભારતીય
**સરનામું :** ઉપર પ્રમાણે

(૬) **અખબારની માલિકી અંગેની વિગત :** ભવાનજી રામજી ગાલા પ્રોપ.કચ્છ રચના. ૩૩૨, સર્વોદય કોમર્શિયલ સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧. હું ભવાનજી રામજી ગાલા, આથી હું જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે.

❖ **ભવાનજી રામજી ગાલા**

**પ્રકાશક : ‘કચ્છ રચના’ એપ્રિલ-૨૦૨૩**


A LEGACY OF OVER
9 DECADES
IS SURE TO LEAD YOU AHEAD WITH
STRENGTH &
GLOBAL BELIEF
WAREHOUSING & DISTRIBUTION
CUSTOMS BROKER
CFS OPERATOR
PROJECT MANAGEMENT
TRANSPORTATION
FREIGHT FORWARDING
360° LOGISTICS SOLUTION
The foundation of LILADHAR PASOO is built on strong business ethics and a solid legacy since 1919. Business Partner, Innovator, Industry Expert is what you will find every LILADHAR PASOO professional to be.
Our strength includes a solid know-how combined with an extensive geographical offering. We offer global reach being a complete one stop supply-chain solution provider, present in 170 countries worldwide.
LILADHAR PASOO is the only partner you need in logistics.
57, Mulji House,
41-45, Devji Ratansey Marg,
Dana Bunder, Masjid (East),
Mumbai - 400 009. India.
Tel. : +91-22 6616 6900, +91-22 6743 1800
Fax : +91-22 6616 6966, +91-22 6631 1875
E-mail : info@liladharpasoo.com
Liladhar Pasoo LP
FUTURISTIC SINCE 1919
www.liladharpasoo.com
kreaté-12072012

*With Best Compliments*

Summer Line


MEN'S COTTON CASUAL SHIRTS

U&Y

BOY'S COTTON CASUAL SHIRTS.

# Rachit Creations

304, Pragati Industrial Estate, N. M. Joshi Marg,
Mumbai-400 011. [INDIA]
**Phone : 022-40786200 Fax : 23011113**
**E-mail : summerline@vsnl.net**


Anchor
Toothpaste
THE ECONOMIC TIMES
Bb
BEST BRANDS
2019
2ND EDITION
INDIA'S BEST BRAND
Awarded and accepted by The Economic Times
(The Times Group) for 2019
100% Vegetarian
Vegetarian Society
LONDON, UK
Approved
4 અઠવાડિયામાં કૅવિટીઝ રોકવામાં સહાય કરે છે*!!
NEW!
Anchor
TOOTHPASTE WITH
HAP^
અન્ય ટૂથપેસ્ટથી તદ્દન અલગ
Anchor
ADVANCED
CAVITY PROTECTION
WITH HAP
હેપ^ એટલે શું?
હેપ, અથવા હાયડ્રોક્સીએપાટાઇટ વધુ જાણીતું કેલ્શિયમ છે અને કુદરતી રીતે ઉદ્ભવતા કિંમતી ખનિજનું સ્વરૂપ છે.
પોલાણ (કિવિટીઝ) કઈ રીતે તૈયાર થાય છે?
આપણી ખાવાની આદતોથી કે વટીઝ તૈયાર થાય છે. એમની માઈક્રોસ્કોપિક રીતે એટલે કે તમારા દાંતના એનામલ પર અતિશય નાનાં છિદ્રોના રૂપમાં શરૂઆત થાય છે. અને જો સારવાર કરવામાં ન આવે તો, એ છિદ્રો મોટાં થાય છે અને આખા દાંતમાં સડો થાય છે.
હેપના ફાયદા કયા છે?
હેપ ધરાવતી ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાથી કેવિટીના સમયપૂર્વેના સ્વરૂપોને ઘટાડવામાં સહાય થાય છે જેનાથી સમગ્ર મોઢાની (ઓરલ) બહેતર સ્વાસ્થ્યપ્રદતા રહે છે. આ દાંતના એનામલની ઉપલી સપાટી તથા નીચલી સપાટીમાંની માઈક્રોસ્કોપિક ખામીઓને ઠીક (રિપૅર) કરે છે, એનામલની એની મૂળ ખનિજ ઘનતામાં જાળવણી કરે છે અને દાંતોના સડાની શરૂઆત, પ્રારંભિક સડાને ઠીક કરે છે. આ જાળવણીથી એનામલ એના મૂળ ગુણધર્મો ફરીથી પ્રાપ્ત કરે છે. એચએપી આધારિત ટૂથપેસ્ટમાં રહેલી ભરવાની અસર (ફિલિંગ એક્શન) એ સંવેદનશીલતાની સામે તમારું શ્રેષ્ઠ દીર્ઘકાલીન સંરક્ષણ છે. કુદરતી રીતે પ્લાક દૂર કરવામાં અને દાંતને કુદરતી રીતે સફેદ કરવામાં આ ફાયદાકારક છે. તમે હેપ વિશે www.anchorglobal.net પર વાંચી શકો છો.
ટોક્યો મેડિકલ ઍન્ડ ડેન્ટલ યુનિવર્સિટી અને જિફુ ડેન્ટલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ સંયુક્ત અભ્યાસ બતાવે છે, જે બાળકો નૉન- હાયડ્રોક્સીએપાટાઇટ નિયંત્રણની સરખામણીમાં હાયડ્રોક્સીએપાટાઇટ આધારિત ટૂથપેસ્ટથી એમના દાંત દરરોજ બ્રશ કરે છે એવાં બાળકોમાં નવા સડામાં મહત્ત્વપૂર્ણ ઘટાડો દર્શાવે છે.
આ ટૂથપેસ્ટ માત્ર કેવિટીને નથી અટકાવતી પરંતુ સમગ્ર દાંતની સ્વાસ્થ્યપ્રદતા માટેની શ્રેષ્ઠ ટૂથપેસ્ટમાંથી એક છે
Clinically tested at Universta' Degli Studi Di Pavia, Italy and at Dr. D. Y. Patil Dental College & Hospital, Pune.
* 4 અઠવાડિયાં સુધી દિવસમાં બે વાર બ્રશ કરવા પર, યુનિવર્સિટા ડેગલી સ્ટડી ડી પાવિઆ, ઈટાલી અને ડૉ. ડી.વાય. પાટીલ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ, પૂણે દ્વારા આયોજિત ક્લિનિકલ પરીક્ષણના આધાર પર. ** એન્કર દ્વારા કરવામાં આવેલા ક્લિનિકલ ટેસ્ટ મુજબ, Anchor Advanced Cavity Protection with HAP નો સેન્સિટિવિટી ઓછી કરવા પર નિર્ણયાત્મક પ્રભાવ હતો જે રિમિનરલાઈઝેશન પ્રક્રિયાના સીધેસીધા પરિણમ હતો. ^ HAP કેલ્શિયમ હાયડ્રોક્સીએપેટાઇટના સંદર્ભમાં છે.
વધુ જાણવા, મુલાકાત લો www.anchorhap.com
RECOMMENDED BY DENTISTS
Hydroxyapatite Calcium
HAP
ટૂથપેસ્ટ આ રીતે કામ કરે છે
HAP ટૂથપેસ્ટનો ઉપયોગ ન કરતા પહેલાં
ખાવા–પીવાની આદતને લીધે સૂક્ષ્મ છીદ્રો તૈયાર થાય છે.
આ છીદ્રોની સારવાર કરવામાં ન આવે તો કૅવિટીઝ થઈ શકે છે.
HAP ટૂથપેસ્ટનો ઉપયોગ કર્યા પછી
HAP સૂક્ષ્મ માઈક્રોસ્કૉપિક છીદ્રોને પૂરી દે છે.
સંરક્ષાત્મક આવરણ તૈયાર કરી કૅવિટીઝ રોકવામાં મદદ કરે છે.
Anchor
કરોડો લોકોનો અતૂટ વિશ્વાસ
ORAL HEALTH FOUNDATION
APPROVED
UK
Internationally recognised Oral Health Foundation, London UK has approved & accepted Anchor Toothpaste as a useful aid for good dental health care

Kutch Rachana : Registered under Postel Regd No. AHD-C/104/ 2020 - 2023 Valid upto 31st December - 2023
Published on 5th Every Month Posting at Ahmedabad P.S.O. 5th of Every Month Dt. 5-4-2023 R.N.I. No. GUJGUJ / 2019 / 78536




માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક : ભવાનજી રામજી ગાલા, મુદ્રણ પ્રકાશન સ્થળ : રચના પ્રિન્ટર્સ
૩૩૨, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન :૨૫૫૦૪૪૮૧